પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY
JANUARY 1
અબતક
સાંધ્ય દૈનિક
2026
તા. ૧-૧-૨૦૨૬, ગુરૂવાર
શહેર આવૃત્તિ પાના: ૧૪ વર્ષ: ૧૪, અંક : ૨૫૨
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

# માવઠાંએ શિયાળુ પાકને "વિંખી" નાખ્યો: ઘઉં, ચણાની સાથે આંબાને નુકશાની થશે

## આ વર્ષે ઠંડીએ જોર પકડ્યું નથી અને તેમાં પણ માવઠાના મારે રવિ સિઝનના ઊભા પાકમાં નુકસાન થવાની ભીતિ: ઘઉં અને ધાણાના ઉત્પાદનમાં અસર થઈ શકે: હવે એક માસ કડકડતી ઠંડી પડે તો શિયાળુ પાકના ઉત્પાદનમાં સરેરાશ આવી શકે

**અબતક, રાજકોટ**

શિયાળાની ઋતુમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. આના કારણે ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે, કારણ કે થોડા સમય પહેલાં થયેલા કમોસમી વરસાદ થયેલા નુકસાનમાંથી તેઓ હજુ બહાર આવ્યા નથી.

જો આ કમોસમી વરસાદ વધુ પ્રમાણમાં થશે, તો ખેડૂતોના ઉભા પાકને નુકશાન થવાની ભીતિ છે.

જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના તજજ્ઞ ડો.ગોહિલે જણાવ્યું હતું કે, આ વર્ષે ઠંડીએ ઝોર પકડ્યું નથી અને તેમાં પણ માવઠું આવતા રવિ સિઝનના ઊભા પાક જેવા કે ઘઉં, રાયડો, જીરું અને બટાકાને નુકસાન થવાની શક્યતા ઊભી થઈ છે. શિયાળામાં પડતો આ વરસાદ ખાસ કરીને રાયડો, એરંડા, જીરું અને ચણાના પાક પર સીધી અસર કરી શકે છે, જે પાક માટે હાનિકારક સાબિત થઈ શકે છે.પાકનું ઉત્પાદન વધારવા ૩ મહિના ઠંડી પડવી ખુબ જ જરૂરી છે. હવે માત્ર ઠંડીને એક માસ બાકી છે. જો આ માસમાં કડકટતી ઠંડી પડશે તો શિયાળુ પાકમાં ફાયદો થાય તેમ છે. માવઠાથી અને સંભવિત ઝાકળને કારણે પાકમાં ફૂગ લાગવી, દાણા કાળા પડવા તેમજ ઉપજમાં ઘટાડો થવાની શક્યતા છે.આ વર્ષે ઘઉં સહિતના પાકોમાં નોંધપાત્ર ઘટાડો થાય તેવી શક્યતા છે.

શિયાળુ પાકમાં તાપમાન વધે અને હવામાં ભેજનું પ્રમાણ વધે તેવા સંજોગામાં પાકમાં રોગનું પ્રમાણ વધતું હોય છે. ત્યારે સૌરાષ્ટ્રના દ્વારકા, જામનગર, રાજકોટ જિલ્લો તેમજ કચ્છ

(અનુ. આઠમા પાને)

### માવઠા વરસતા આંબા પરથી મોર ખરી પડવાની શક્યતા

કેરીના પાકમાં હાલ મોર બેસવાનો સમયગાળો ચાલી રહ્યો છે. જેમાં વરસાદી માવઠા વરસતા આંબા પરથી મોર ખરી પડ્યા છે. સાથે જ વરસાદના કારણે હોપર મેંગો નામની જીવાત પણ થઈ શકે છે. હજુ ખાખડી પણ માર્કેટમાં આવી નથી, ત્યાં જ મોર ખરી પડતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. ત્યારે આગામી દિવસોમાં પણ જો વાદળછાયાં વાતાવરણ વચ્ચે માવઠા શરૂ રહેશે તો ખેડૂતોની ચિંતામાં વધે તેમ છે.



### કાલથી ઠંડીનું જોર વધે તેવી સંભાવના

ગુજરાતનું હવામાન હવે સ્થિર રહ્યું નથી. ક્યારેક ઠંડી તો ક્યારેક ગરમી અને ન વિચાર્યું હોય ત્યારે વરસાદ આવી જાય. બદલાતા આ ઋતુચક્રથી સૌથી વધારે કોઈ પરેશાન હોય તો તે જગતનો તાત છે.ત્યારે હવે કાલથી ઠંડીનું જોર વધે તેવી શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે કચ્છ અને પોરબંદર જિલ્લામાં હળવા વરસાદની શક્યતા છે. આ ઉપરાંત બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડી શકે છે. જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છમાં હળવા માવઠાની સંભાવના છે.સૌરાષ્ટ્રમાં શહેરમાં વહેલી સવારથી ધુમ્મસભર્યું વાતાવરણ રહ્યું હતું અને પ્રદૂષણના સ્તરમાં પણ વધારો નોંધાયો હતો. ૧૧ જાન્યુઆરીથી આકરી ઠંડીનો રાઉન્ડ શરૂ થવાનો છે. ૧૮ જાન્યુઆરી સુધી ભારે આકરી ઠંડી પડવાની સંભાવના છે.



# ૧૫ ઓગસ્ટ, ૨૦૨૭થી સુરતથી બીલીમોરા વચ્ચે બુલેટ ટ્રેન દોડશે: રેલમંત્રી અશ્વિની વૈષ્ણવ


## બીજા ફેઝમાં વાપીથી સુરત, ત્રીજામાં વાપીથી અમદાવાદ, ચોથા ફેઝમાં થાણેથી અમદાવાદ છેલ્લે મુંબઈથી અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન શરૂ થશે

**અબતક, અમદાવાદ**

બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ હાલ પુરજોશમાં ચાલી રહ્યું છે. લોકોને પ્રશ્ન છે કે આખરે ક્યારે દેશની બુલેટ ટ્રેન દોડશે? આખરે દેશવાસીઓને કેન્દ્ર સરકાર દ્વારા એક ખુશખબર આપવામાં આવી, કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી છે કે ૧૫ ઓગસ્ટ ૨૦૨૭ના રોજ પ્રથમ બુલેટ ટ્રેન દોડશે. જેનો રુટ સુરત થી બીલીમોરા હશે.

કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે પ્રથમ ફેઝમાં બુલેટ ટ્રેન ૧૫ ઓગસ્ટ ૨૦૨૭ના રોજ પહેલા સુરત થી બીલીમોરા (નવસારી) વચ્ચે દોડશે, ત્યાર બાદ બીજા ફેઝમાં વાપી થી સુરત, ત્રીજામાં વાપી થી અમદાવાદ, ચોથા ફેઝમાં થાણે થી અમદાવાદ છેલ્લે મુંબઈ થી અમદાવાદ વચ્ચે શરૂ થશે.

ઉલ્લેખનીય છે કે, ૫૦૮ કિ.મીમાંથી ૩૩૦ કિ.મી વાયડક્ટ અને ૪૦૮ કિમી પિયરનું કામ પૂર્ણ થઈ ગયું છે. ૧૭ રિવર બ્રિજ, ૫ પીએસસી (પ્રીસ્ટ્રેસ્ડ કોંક્રિટ) અને ૧૧ સ્ટીલ બ્રિજ, ૨૩૦ મીટર લાંબા સ્ટીલ બ્રિજનો પ્રથમ ૧૩૦ મીટર સ્પાન પૂર્ણ થયો છે.૨૩૫ કિ.મીના પટ પર ૪.૭ લાખથી વધુ અવાજ અવરોધો સ્થાપિત કરવામાં આવ્યા છે૫૬૦ ટ્રેક કિમી (૧૩૦ રૂટ કિમી) આરસી ટ્રેક બેડ બાંધકામ પૂર્ણ થયુંમુખ્ય લાઈન વાયડક્ટના આશરે ૮૫ કિમી રૂટને આવરી લેતા લગભગ માસ્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે.પાલઘર જિલ્લામાં ૭ પર્વતીય ટનલ પર ખોદકામ ચાલુ છે. સુરત અને અમદાવાદમાં રોલિંગ સ્ટોક ડેપોનું બાંધકામ ચાલુ છે.ગુજરાતના તમામ સ્ટેશનો પર સુપરસ્ટ્રક્ચરનું કામ અંતિમ તબક્કામાં છે. ત્રણેય એલિવેટેડ સ્ટેશનો પર કામ શરૂ થઈ ગયું છે અને મહારાષ્ટ્રમાં મુંબઈ ભૂગર્ભ સ્ટેશન પર બેઝ સ્લેબ કાસ્ટિંગ ચાલુ છે.



# ૨૦૨૫માં સુપ્રીમ કોર્ટે ૭૫,૦૦૦ કેસનો ફેંસલો આપી કિર્તીમાન રચ્યો

### મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે વંચિત લોકોના ન્યાય માટે પ્રાથમિકતા આપવા માટે સિસ્ટમ બનાવી

### અપંગ, એસિડ હુમલાના પીડિતો, સિનિયર સિટીઝન ગરીબી રેખા નીચે જીવતા લોકો અને કાનૂની સહાય મેળવનારાઓની સુનાવણી ઝડપથી થશે

**અબતક, રાજકોટ**

૨૦૨૫માં સુપ્રીમ કોર્ટે ૭૫,૦૦૦ કેસોનો નિકાલ કર્યો, સામાજિક, શારીરિક અને આર્થિક રીતે વંચિત લોકો દ્વારા દાખલ કરાયેલી અરજીઓની યાદી અને સુનાવણીને પ્રાથમિકતા આપવા માટે સુપ્રીમ કોર્ટ ના ચીફ જસ્ટીસ સૂર્યકાંતે કેસોની ચાર શ્રેણીઓ બનાવી છે.આ નવી શ્રેણીમાં અપંગ , એસિડ હુમલાના પીડિતો, ૮૦ વર્ષથી વધુ ઉંમરના સિનિયર સિટીઝન , ગરીબી રેખા નીચે જીવતા લોકો અને કાનૂની સહાય સેવાઓ દ્વારા કોર્ટમાં અરજી કરનારાઓ શામેલ છે,૨૦૨૫ની મુખ્ય ક્ષણો: સોમવાર અને શુક્રવારે સૂચિબદ્ધ ૮૦૦ થી વધુ કેસોની ભીડમાં ખોવાઈ ગયા હતા, જે અઠવાડિયાના બે દિવસ છે જ્યારે સુપ્રીમ કોર્ટની ૧૬ બેન્ચ નવી અરજીઓ સાંભળે છે અને નક્કી કરે છે કે તેમને લાંબી સુનાવણીની જરૂર છે કે કે મ.સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રી તરફથી પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે, "બારના

(અનુ. આઠમા પાને)



# ડિજિટલ ઈન્ડિયા રંગ લાવ્યું: નવેમ્બરમાં બ્રોડબેન્ડ કનેકશન રૂ.૧૦૦ કરોડને પાર

## જિયો ૫૧ કરોડ સાથે પ્રથમ, એરટેલ ૩૧.૪ કરોડ ગ્રાહકો સાથે બીજા ક્રમે

**અબતક**

ભારતમાં 'ડિજિટલ ઈન્ડિયા' અભિયાન હવે સાચા અર્થમાં રંગ લાવી રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ઝછઅઈ) ના તાજા આંકડા મુજબ, નવેમ્બર ૨૦૨૫ સુધીમાં દેશમાં બ્રોડબેન્ડ વાપરતા લોકોની સંખ્યા ૧૦૦ કરોડને વટાવી ગઈ છે. આ એક મોટી સિદ્ધિ છે, કારણ કે માત્ર ૧૦ વર્ષ પહેલા એટલે કે ૨૦૧૫માં આ આંકડો માંડ ૧૩ કરોડની આસપાસ હતો. આમ, છેલ્લા દાયકામાં ઈન્ટરનેટના વપરાશમાં આશરે ૬ ગણો તોતિંગ વધારો જોવા મળ્યો છે.

આ આંકડાઓમાં સૌથી વધુ ફાળો મોબાઈલ દ્વારા ચાલતા ઈન્ટરનેટનો છે. ઓક્ટોબર મહિના સુધી દેશમાં આશરે ૧૦૦ કરોડ ગ્રાહકો હતા, જેમાં ૯૫.૫ કરોડ લોકો મોબાઈલ નેટવર્કથી અને ૪.૫ કરોડ લોકો વાયર્ડ કે ફિક્સ્ડ લાઈન દ્વારા ઈન્ટરનેટ વાપરી રહ્યા હતા. નવેમ્બર આવતા સુધીમાં આ આંકડો ૧૦૦.૪ કરોડ પર પહોંચી ગયો છે, જે દર્શાવે છે કે હવે દેશના ખૂણે ખૂણે લોકો ડિજિટલ સુવિધાઓ સાથે જોડાઈ રહ્યા છે.

કંપનીઓની વાત કરીએ તો, રિલાયન્સ જિયો ૫૧ કરોડ ગ્રાહકો સાથે બજારમાં સૌથી આગળ છે, જેમાં મોબાઈલ અને ઘરના બ્રોડબેન્ડ બંનેનો સમાવેશ થાય છે. ત્યારબાદ એરટેલ ૩૧.૪ કરોડ ગ્રાહકો સાથે બીજા નંબરે છે. વોડાફોન-આઈડિયા પાસે ૧૨.૮ કરોડ અને સરકારી કંપની બીએસએનએલ પાસે આશરે ૩.૫ કરોડ ગ્રાહકો છે. આ આંકડા સાબિત કરે છે કે સસ્તો ડેટા અને સ્માર્ટફોનની સુલભતાને કારણે ભારત દુનિયાના મોટા ડિજિટલ દેશોમાં સામેલ થઈ ગયું છે.



# પ્રથમ 'વંદે ભારત સ્લીપર ટ્રેન' દિલ્હી અને કોલકતા વચ્ચે દોડશે

## મહિનાના ત્રીજા અઠવાડિયા વંદે ભારત સ્લીપર ટ્રેન' શરૂ થવાની શક્યતા

**અબતક, નવી દિલ્હી**

દિલ્હીથી કોલકાતા જવું હવે વધુ આરામદાયક અને ઝડપી બનશે. આ મહિનાના અંત સુધીમાં દેશની પહેલી 'વંદે ભારત સ્લીપર ટ્રેન' શરૂ થવાની છે. પશ્ચિમ બંગાળમાં ચૂંટણીઓ યોજાય તે પહેલાં સરકાર આ ખાસ ટ્રેનને લીલી ઝંડી આપીને જનતા માટે ખુલ્લી મૂકી શકે છે. આ ટ્રેન શરૂ થવાથી મુસાફરોને લાંબી મુસાફરીમાં સૂવાની અને આધુનિક સુવિધાઓનો લાભ મળશે.

રેલ્વે વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, આ નવી ટ્રેનનું તમામ ટેસ્ટિંગ પૂરું થઈ ગયું છે અને તે હવે પાટા પર દોડવા માટે એકદમ તૈયાર છે. સરકારનો ઉદ્દેશ્ય છે કે આખા દેશમાં આવી આધુનિક ટ્રેનો પહોંચાડવામાં આવે. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, આ મહિનાના ત્રીજા અઠવાડિયાની આસપાસ આ ટ્રેનમાં લોકો મુસાફરી કરી શકશે તેવી આશા છે. આ ટ્રેન કેટલી સુરક્ષિત અને સ્થિર છે તે બતાવવા માટે રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે એક વિડિયો પણ જાહેર કર્યો છે. ટ્રાયલ દરમિયાન આ ટ્રેન ૧૮૦ની સ્પીડે દોડતી હતી, છતાં ટ્રેનની અંદર ટેબલ પર ભરેલો પાણીનો ગ્લાસ જરા પણ હલ્યો નહીં કે પાણી નીચે પડ્યું નહીં. આનો અર્થ એ છે કે ટ્રેન ગમે તેટલી ઝડપથી દોડશે, પણ મુસાફરોને અંદર ધક્કા લાગશે નહીં અને તેમની મુસાફરી ખૂબ જ શાંતિપૂર્ણ રહેશે.



**ડાયમંડ ફોર એવર**

# ધનાઢ્ય લોકો હીરા નહીં પરંતુ કલર હીરા તરફ વધુ આકર્ષાયા

## દુર્લભ પીંક, બ્લુ અને યલો હીરા તરફ અમીરોનું આકર્ષણ: છેલ્લા એક વર્ષમાં આવા હીરાની કિંમતો અને માંગ બન્ને વધ્યાં

**અબતક, નવી દિલ્હી**

ભારતના ખૂબ જ અમીર લોકો હવે પરંપરાગત સફેદ હીરા કરતાં વધુ દુર્લભ પીંક, બ્લુ અને યલો હીરા ખરીદી રહ્યા છે. આ હીરા માત્ર આભૂષણ તરીકે નહીં, પણ રોકાણ તરીકે પણ લોકપ્રિય થઈ રહ્યા છે. છેલ્લા એક વર્ષમાં કિંમતો વધીને પણ માંગ ૨૦-૨૫ ટકા વધી છે.

વેપારીઓ અને જ્વેલર્સ કહે છે કે, કોવિડ પછી ભારત રંગીન હીરાનો સૌથી ઝડપથી વિકસતો બજાર બન્યું છે. આનું કારણ નવી પેઢીના યુવા અને વૈશ્વિક અનુભવવાળા અલ્ટ્રા હાઈ નેટ વર્થ વ્યકિતઓ (એચએનઆઈ) છે, જેઓ પોતાની સંપત્તિ વધારવા માટે આમાં રસ લે છે.

રંગીન હીરાની કિંમતો ઘણી વધુ છે. સામાન્ય સફેદ હીરા એક કેરેટના ૧ લાખથી ૭ લાખ રૂપિયા થાય છે, પણ પીંક હીરા ૧૫ લાખથી ૧૫ કરોડ સુધી અને બ્લુ હીરા ૨૫ લાખથી ૧૫ કરોડ સુધી મળે છે. વિશ્વભરના અમીરો અને વેપારીઓ વિવાહ અને વિશેષ પ્રસંગો માટે આ હીરા પહેરે છે, જેનાથી

(અનુ. આઠમા પાને)



### એશિયામાં રંગીન હીરાનું આકર્ષણ સૌથી વધુ

રંગીન હીરા વિશ્વમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે, ખાસ કરીને એશિયામાં. જુલાઈમાં નેચરલ ડાયમંડ કાઉન્સિલ (એનડીસી)ના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૪માં રંગીન હીરાનું વોલ્યુમ ૪.૫ બિલિયન ડોલરથી વધુ છે. આ ડેટા ઈઝરાયલના ફેન્સી કલર રિસર્ચ ફાઉન્ડેશન (એફસીઆરએફ) પાસેથી છે.

### વિશ્વમાં ઉત્પાદિત હીરાઓમાં ૧ ટકા જ રંગીન હીરાઓ હોય છે

ઉદ્યોગના નેતાઓ કહે છે કે વૈશ્વિક હીરા ઉત્પાદનના ૧% કરતાં ઓછા રંગીન હીરા છે, અને માત્ર થોડા ખાણોમાંથી મળે છે. ૨૦૨૦માં રિયો ટિન્ટોનું આર્ગાઈલ ખાણ બંધ થયું, જે વિશ્વના ૯૦% પીંક અને રેડ હીરા આપતું હતું. ત્યારથી કોઈ વૈકલ્પિક સ્ત્રોત નથી મળ્યું, જેથી સપ્લાય ખૂબ જ ઓછી થઈ છે અને વેપારીઓ જૂના સ્ટોક માટે મજબૂર છે. આ ટ્રેન્ડથી ભારતીય જ્વેલરી બજારમાં નવો ઉત્સાહ છે, અને રંગીન હીરા હવે ફક્ત સૌંદર્ય માટે નહીં, પણ ભવિષ્યના રોકાણ માટે પણ જાણીતા થઈ રહ્યા છે.

જોઈએ છે વાયરમેન
પાર્ટ/ફુલ ટાઈમ હાજરી ૭૦૦ રૂા.
રહેવાની સગવડ મળશે
અપ્પુ
ખમણ માટે સ્પેશ્યલ
ચણાદાળ
ગુજરાતના તમામ જિલ્લા-તાલુકા લેવલે એજન્સી આપવાની છે
98242 00970
દયાલ દાલ રાજકોટ

# હૂંફનો હાથ, લાગણીનો સાથ: બાળકના હૃદયભંગમાં માઁ-બાપની ભૂમિકા

## તમારે સમજવું પડશે કે આ સમસ્યા તમારા સંતાનની છે, તમારી નહી તમે તેની સાથે ફક્ત તેને સધિયારો આપવા માટે છો, સમસ્યાને ઉકેલવા માટે નહીં: બાળકોના ભાવનાત્મક વિકાસ અને સુખી જીવન માટે સધિયારો આધારસ્તંભ સમાન

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજના યુગમાં બાળકના ઉછેર સાથે દરેક મા-બાપે બાળકનું મનોવિજ્ઞાન સમજવું પડશે. આજે જ્યારે પણ સમય મળે ત્યારે બાળક સાથે સમય વિતાવવાથી તેનો સર્વાંગી વિકાસ ઝડપી થાય છે. સંસારનું સૌથી મોટું સુખ માતૃત્વ અને પિતૃત્વ પ્રાપ્ત કરવાનું હોય છે. દરેક બાળકની સાથે માત્ર એક જ નહિં પરંતુ ત્રણ નવી જીંદગીની શરૂઆત થાય છે. જ્યારે કોઈ દંપતિને ત્યાં બાળકનો જન્મ થાય ત્યારે તે સ્ત્રી-પુરૂષ મટીને માતા-પિતા બને છે અને તેમાં વૈયકિતક પરીણમે છે. પરંતુ જ્યારે બાળકો મોટા થઈને મુગ્ધાવસ્થામાં પહોંચે છે. ત્યારે તેમનું સર્વસ્વ કોઈ અજાણ્યું માણસ બની જાય છે. પોતાના જીવનની તમામ ખુશીઓને તે કોઈ એવી વ્યક્તિના હાથમાં સોંપી દે છે. જેને દૂર-દૂર સુધી તેની કોઈ ચિંતા નથી હોતી.દરેક માણસ પોતાના જીવનના એક તબક્કામાં આ અવસ્થામાંથી પસાર થાય છે. આ અવસ્થા એટલે પ્રેમની અવસ્થા, કોઈના વ્યક્તિત્વમાં મુગ્ધ થવાની અવસ્થા. આજના સમયમાં યુવાવસ્થામાં રહેલ માતા-પિતાઓ પણ એક સમયે મુગ્ધાવસ્થામાંથી પસાર થયા હશે. પરંતુ ત્યારનો સમય અલગ હતો, અત્યારે જો કોઈનું હૃદયભંગ થાય તો જે તે વ્યક્તિને જ પોતાનું સર્વસ્વ માનીને કંઈક કરી દેખાડવાની ભાવના પ્રગટાવે છે. હૃદય ભંગ થયેલા બાળકો માટે માતા-પિતાનો સધિયારો એટલો જ રૂરી છે કે તે બાળકના



ભાવનાત્મક ઘાવને ધીમે ધીમે ભરી શકે છે, અને તેને ફરીથી જીવનમાં વિશ્વાસ સાથે આગળ વધવાની તાકાત આપે છે.આજનો સમય તદ્દન વિરુધ્ધ છે. આજે બાળકો પાસે મોબાઈલ ફોન આવ્યો છે, મોકળાશ વધી છે. સોશિયલ મીડિયા નામનું શસ્ત્ર આવ્યું છે અને આ બધાના પરોક્ષ પરિણામે સંતાનમાં આગળ વધી જવાની ભાવનાનો અંત આવ્યો છે. આ સમયે માતા-પિતાની ફરજ છે કે તેઓ તેના સંતાનોની પડખે ઉભા રહીને તેમના મિત્રો બનીને તેમને સાચો રસ્તો બતાવે. જો તમારું સંતાન તેના પ્રથમ બ્રેકઅપ કે હૃદયભંગ સમયે કિશોરાવસ્થામાં હોય તો તેને સૌથી વધુ જરૂર માતા-પિતાની પડે છે.તમારે સમજવું પડશે કે આ સમસ્યા તમારા સંતાનની છે, તમારી નહિં તમે તેની સાથે ફક્ત તેને સધિયારો આપવા માટે છો. સમસ્યાને ઉકેલવા માટે નહીં. માતા-પિતાએ સંતાનોને સામનો કરવા મદદરૂપ થવું, તેમને ગમતું કરવા પ્રોત્સાહિત કરવા જોઈએ. આવા સમયે મુશ્કેલી થાય છે. કારણ કે આ અવસ્થામાં વ્યક્તિ દરેક લાગણીઓને તીવ્ર રીતે અનુભવતા હોય છે. તેમના માટે તેમના લક્ષ્ય પર ટકી રહેવું મુશ્કેલ બને છે અને ભટકી પણ જાય છે, પરંતુ તે સમયે કોઈ સ્વાનુભૂતિ કે કાલ્પનિક વાર્તા કહીને આ ઉંમરે એ બધુ સામાન્ય છે, તેમ કહેવાનું નથી. જ્યારે તેમની પીડા ઓછી થાય ત્યારે આ બધું તેને રાહત અને પ્રેરણા આપશે, તાજા-તાજા તે કંઈ સાંભળવા નહીં માંગે પરંતુ તમે તેને સાંભળો તેવું ઈચ્છશે. તેમની પીડાને સામાન્ય સમજવાની ભૂલ ન કરો. બ્રેકઅપ કે હૃદયભંગની અવસ્થામાં એવું બની શકે કે તેઓ વધુ સમય એકલા પસાર કરવા માંગે તો તેઓને એમ કરવા દો. બસ તેમની એટલી ખબર હોવી જોઈએ કે પરિસ્થિતિ વિશે જ્યારે પણ તેઓ વાત કરવા ઈચ્છે, ત્યારે તમે વાત સાંભળવા તૈયાર હોવ જોઈએ. તેમને એવું સમજાવો કે સોશિયલ મીડિયા પર જે તે વ્યક્તિની નિંદા કરવી યોગ્ય નથી કારણકે આ વાત પર તેઓને કદાચ પાછળથી પસ્તાવો થઈ શકે છે. સંતાનોને આ પરિસ્થિતિનો સામનો કરવામાં મદદ કરો, તેઓને ગમતી રમતો રમવા દો. તેઓને એવું ન લાગવું જોઈએ કે જો તેઓ



દેખાવમાં વધુ સારા હોત વધુ પ્રભાવશાળી. રીતે વાતચિત કરતા હોત તો આવુ કંઈ ન થયું હોત. આ વાતને ધ્યાનમાં રાખીને જ તેઓ દુ:ખની અનુભૂતિ કરે તે અગત્યનું છે. તેઓએ પોતાની પીડાનો સ્વીકાર કરીને પોતાની જાતને પાછી મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.જો તમારું સંતાન આ પીડામાં બે અઠવાડિયા કરતાં વધારે સમય રહે છે, તો તમે કોઈ નિષ્ણાંતની મદદ લઈ શકો છો, યાદ રાખો, તમે તમારા બાળકને સાચા-ખોટા વિશે ગમે તેટલો કહેવાનો પ્રયત્ન કરશો. અમુક પરિસ્થિતિઓ અનિવાર્યપણે સર્જાશે જ, તેથી જ્યારે જે થાય તે થવા દો અને તમારા સંતાનને પ્રેમ અને હુંફ આપતા રહો. હૃદયભંગ એ બાળકો માટે એક તીવ્ર ભાવનાત્મક અનુભવ હોય છે, જે તેમના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને અસર કરી શકે છે. આ સમયે માતા-પિતાનો સહારો અત્યંત જરૂરી છે કારણ કે બાળકો હજુ પરિપક્વ નથી અને તેમની લાગણીઓને સમજવા અને તેની સાથે વ્યવહાર કરવા માટે તેમને માર્ગદર્શનની જરૂર પડે છે. જો માતા-પિતા તેમના બાળકને સાંભળે, તેમની વેદના સમજે અને તેમને આશ્વાસન આપે તો બાળકોને એકલતા અને નિરાશાના ભાવથી બચાવી શકાય છે, જે અન્યથા તેમને ડિપ્રેશન કે આત્મવિશ્વાસના અભાવ તરફ જઈ શકે છે.

માતા-પિતાનો સહારો બાળકોને તેમની લાગણીઓને વ્યક્ત કરવાની તક આપે છે, જે તેમના મનમાંથી બોજને હળવો કરે છે. આ સહારો કેવળ શબ્દોમાં જ નહીં, પરંતુ ક્રિયાઓમાં પણ હોવો જોઈએ, જેમ કે તેમને વધુ સમય આપવો, તેમની સાથે વાત કરવી અને તેમને સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રોત્સાહિત કરવું. આવા સમયે જો માતા-પિતા તેમના અનુભવો શેર કરે અને સલાહ આપે તો બાળકોને ભવિષ્યમાં આવી પરિસ્થિતિઓનો સામનો કરવાની તાકાત મળે છે, જે તેમના વ્યક્તિત્વના વિકાસમાં મદદરૂપ થાય છે.

લાંબા ગાળે જોવા જઈએ તો, હૃદયભંગના સમયે માતા-પિતાનો સહારો બાળકોને મજબૂત અને સ્વતંત્ર બનાવે છે, જે તેમના જીવનના અન્ય પડકારોમાં પણ કામ આવે છે. આ સહારો વિના બાળકો અસુરક્ષિત અનુભવ કરી શકે છે અને તેમના સંબંધોમાં વિશ્વાસની કમી આવી શકે છે. તેથી, આ સહારો માત્ર તાત્કાલિક રાહત જ નહીં, પરંતુ બાળકોના ભાવનાત્મક વિકાસ અને સુખી જીવન માટે આધારસ્તંભ સમાન છે.

**હૃદયભંગના સમયે માતા-પિતાનો સહારો બાળકોને મજબૂત અને સ્વતંત્ર બનાવે છે, જે તેમના જીવનના અન્ય પડકારોમાં પણ કામ આવે છે: તમારા સંતાનોની વાત સાંભળો, સમજો અને સહયોગ આપો**

# અંગ્રેજી વર્ષ ૨૦૨૬માં ૧૨ રાશીઓના ફળ

શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)

પોષ શુદ તેરશને ગુરૂવાર તા. ૧-૧-૨૦૨૬ના દિવસથી ખિસ્તીવર્ષની શરૂઆત થશે ખાસ કરીને આ વર્ષ દરમ્યાન પુરૂષોતમ માસનો લાભ મળશે આ વર્ષે હોળીના દિવસે એક ચંદ્રગ્રહણ દેખાશે. ૨૦૨૬ દરમ્યાન ગુરૂગ્રહ મિથુન રાશીમાં ત્યારબાદ કર્ક રાશીમાં અને નવેમ્બર, ડિસેમ્બર મહિના દરમ્યાન સિંહ રાશીમાં રહેશે. રાહુ ગ્રહ કુંભ રાશીમાં તથા કેતુ ગ્રહ કર્ક રાશીમાં રહેશે. જે રાહુ ૫-૧૨-૨૬ના દિવસે રાશી બદલશે મકર રાશીમાં આવશે. જયારે શનીગ્રહ મીન રાશીમાં રહેશે.

**બાર રાશીનું ૨૦૨૬નું રાશીફળ**

**મેષ (અ.લ.ઈ.):** મેષ રાશીના જાતકો ને શનીની મોટી પનોતી લોઢાને પાયે આખા વર્ષ દરમ્યાન ચાલશે તે ઉપરાંત ગુરૂ તથા રાહુ શુભ રહેશે ખોટી દોળધામથી બચવું વિચારો ઉપર કાબુ રાખવો વ્યશનોથી દૂર રહેવું આ વર્ષે આપની આવક મધ્યમ રહેશે. ખાસ કરીને કરીયાણાનો વ્યાપાર, લોખંડનો વ્યાપાર કરતા હો તો ખુબ ખ્યાલ રાખવો નોકરી કરતા લોકોને કામનો બોજો રહી શકે છે. બહેનોમાટે પણ જસ મળવાની આશા વગર કામ કરવું વિદ્યાર્થી માટે આ વર્ષ મધ્યમ ગણાય હનુમાનજીની ઉપાસના ફળદાઈ રહેશે.

**વૃષભ (બ.વ.ઉ):** વૃષભ રાશીના જાતકોને આ વર્ષ દરમ્યાન કોઈ નાની મોટી પનોતી નથી. રાહુ પણ દોષ કારક નથી ગુરૂ પણ સહાયક છે. આ વર્ષ પ્રગતીકારક જશે જેટલી મહેનત કરો તેટલુ ફળ પામસો મહેનત પ્રમાણે વ્યાપારમાં અને નોકરીમાં આ વર્ષ લાભ મળવાની સંભાવના ખરી બહેનો માટે પણ આ વર્ષ સારૂ છે. વિદ્યાર્થી વર્ગ માટે આ વર્ષ ઉતમ છે. કુળદેવીની ઉપાસના ફળદાઈ રહેશે.

**મિથુન (ક.છ.ઘ.):** મિથુન રાશીના જાતકો માટે કોઈ નાની મોટી પનોતી નથી રાહુ પણ શુભ છે ખાસ કરીને વર્ષની શરૂઆતમાં આપની રાશીમાં ગુરૂ રહેતા ગજકેશરી યોગ બનશે જે માર્ચ મહિના સુધી લાભકારક છે ખાસ કરીને આ વર્ષ તમારી જેટલી બુધ્ધિ શકિતનો આધ્યાત્મિક શકિતનો ઉપયોગ કરશો તેટલો લાભ આપને ભવિષ્યમાં વ્યાપારમાં અને નોકરીમાં મળશે આ વર્ષે નવા આયોજનો કરવા ઉતમ રહેશે. ભાગ્યોદય થશે બહેનોમાટે પણ કઈ નવું કરવાની તક મળશે વિદ્યાર્થીગણ માટે આ વર્ષ ઉતમ ગણાશે શ્રી કૃષ્ણ ભગવાનની ઉપાસના કરવી.

**કર્ક (ડ.હ):** કર્ક રાશીના જાતકોને આ વર્ષ દરમ્યાન રાહુ આઠમા સ્થાનેથી પસાર થશે ાનીની નાની મોટી પનોતી નથી જયારે ૧૧ માર્ચ ૨૦૨૬થી ગજકેશરી યોગ બનશે આઠમે રાહુલના કારણે વાહનધીમે ચલાવવું વારસાગત બીમારીઓથી ખ્યાલ રાખવો વારસાગત વ્યાપાર જાળવીને કરવો. ૧૧ માર્ચ બાદ થોડી રાહત મળે પ્રગતી થાય નોકરીમાં પ્રમોશનના યોગ ખરા વ્યાપારમાં જથ્થાબંધ વ્યાપાર કરતા હોય તેને વધારે લાભ મળો. બહેનો માટે ખાસ સુચના કાવાદાવામાં વચમાં પડવું નહી વિદ્યાર્થી માટે એકચિંતે અભ્યાસ કરવાથી લાભ મળે. મહાદેવજીની ઉપાસના કરવી ઉતમ.

**સિંહ (મ.ટ):** સિંહ રાશીના જાતકોને શનીની નાની પનોતી ૨૦૨૬ દરમ્યાન લોઢાના પાયે ચાલશે જે કષ્ટદાઈ ગણાય મહેનત વધારે કરાવે જોકે બીજા ગ્રહો લાભ કારક છે આ વર્ષ દરમ્યાન ખાસ કરીને બચતોનું જોર વધારે રાખવું જરૂરી બનશે સંતાનોના ભવિષ્યઅંગે તકેદારી રાખવી વ્યાપારમાં આયોજન પૂર્વક કામ કરવું નોકરીમાં મધ્યમ વર્ષ રહેશે બહેનો માટે પણ આ વર્ષ મધ્યમ રહેશે. ખાસ કરીને આ વર્ષ દરમ્યાન ઝેરી બીમારી તથા ગેસ અપચાની બીમારીથી સાવચેત રહેવું જરૂરી બનશે. વિદ્યાર્થી લોકોને થોડી વધારે મહેનત બાદ લાભ મળે. સૂર્ય ઉપાસના તથા શનીગ્રહની ઉપાસના કરવી શનીવારના એકટાણા રહેવા.

**કન્યા (પ.ઠ.ણ):** કન્યા રાશીના જાતકોને આ વર્ષે નાની મોટી પનોતીનથી રાહુ પણ શુભ છે આ વર્ષે પ્રગતીકારક ગણાય ભાગ્યોદય કારક ગણાય રાહુ તથા ગુરૂ અને શની આપના માટે શુભ ચાલી રહેલ છે. પ્રગતી કરાવશે વ્યાપારમાં નવા આયોજન કરી શકો શત્રુઓ દૂર થાય નોકરીમાલાભ મળે પ્રમોશન નવી નોકરીના યોગ ખરા બહેનો માટે પણ આ વર્ષ સારૂ રહેશે. કુટુંબમાં માન સન્માન મળે વિદ્યાર્થીઓમાટે ઉચ્ચ અભ્યાસના યોગ બને છે શ્રી કૃષ્ણ ભગવાનની ઉપાસના કરવી.

**તુલા (ર.ત.):** તુલા રાશીના જાતકોને આ વર્ષદરમ્યાન શનીની નાની મોટી પનોતી નથી રાહુ વર્ષના અંત સુધી શુભ છે ડિસેમ્બર ૨૦૨૬થી રાહુ મકર રાશીમાં પ્રવેશતા વર્ષના અંતિમ દિવસોદરમ્યાન ખ્યાલ રાખવો. ભૌતિક સુખોની પ્રાપ્તી થાય જોકે ખર્ચાઓમા પણ વધારો થાય. વ્યાપાર માટે ઉતમ વર્ષ ગણાય પ્રગતી થાય વર્ષની શરૂઆતમાં વિદેશ વ્યાપારથી લાભ મળે. નોકરીયાત વર્ગને નવી તકના યોગ ખરા. બહેનો માટે જે બહેનો ગૃહ ઉદ્યોગ કરે છે તેના વ્યાપારમાં કામમાં પ્રગતી થાય સંતાનો બાબતે ખ્યાલ રાખવો. વિદ્યાર્થી લોકોએ આ વર્ષ ખોટી સોબતોથીદૂરરહેવું જરૂરી નહિતર નુકશાન થઈ શકે છે. લક્ષ્મીજીની વિષ્ણુ ભગવાન સહિત ઉપાસના કરવાથી લાભ મળે.

**વૃશ્ચિક (ન.ય):** વૃશ્ચિક રાશીના જાતકોને આ વર્ષ નાની મોટી પનોતી નથી. રાહુ ચોથા સ્થાનેથી પસાર થાય છે. આથી જમીન, મકાન, વાહન લેતા પૂર્વ ખુબ ખ્યાલ રાખવો જરૂરી બનશે કુટુંબીક કામમાં જશ મળવાની આશા રાખવી નહિ. જેટલુ કામ કરશો તેટલુ ફળ મળશે વ્યાપાર થોડો મંદ રહે નોકરીયાત વર્ગ માટે આ વર્ષ મધ્યમ ગણાય. બહેનોએ ધાર્મિક બની ફળની આશા જસની આશા રાખ્યા વગર આ વર્ષ ઘરમાં કામ કરવાનું છે. શાંતીથી વર્ષ પસાર કરવું. ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને એકડમીશનમાં પ્રોબ્લેમ થઈ શકે છે. ગણપતી દાદાની ઉપાસના કરવી રાહુ માટે બુધવારનો એકટાણા રહેવા મહાદેવજીને કાળા તલ ચડાવવા રૂદ્રી કરાવી.

**ધન (ભ.ફ.ધ):** ધન રાશીના જાતકોને આ વર્ષ દરમ્યાન શનીની નાની પનોતી લોઢાના પાયે ચલશે જે કષ્ટ અપાવે જયારે રાહુ પરાક્રમ ભુવનમાંથી પસાર થશે જે લાભ કારક રહે આથી આ વર્ષ આપના માટે મિશ્ર રહે. ધણી દોળધામ બાદ પણ વ્યાપારમાં લાભ મળે ખરો ખર્ચાઓ વધે વ્યાપારમાં ખર્ચાઓમાં કાબુ રાખવો જરૂરી બનશે. નોકરીયાત વર્ગને આ વર્ષ મધ્યમ રહેશે જે જન્મનો ગુરૂ સારો હશે તો પ્રગતી કરાવશે. બહેનોમાટેઆ વર્ષ મિશ્ર રહેશે ઘરમાં ચોખ્ખાઈ રાખવી જરૂરી અને સારી બનશે તીખા તથા તેલવાળા ખોરાક ઓછો ખાવો વિદ્યાર્થીઓ માટે આ વર્ષ થોડુ કસોટી કારક ગણાય આથી વધારે મહેનતની જરૂર ખરી ગુરૂ મંત્રના જપ કરવા ગુરૂવારના એકટાણા રહેવા.

**મકર (ખ.જ.):** મકર રાશીના જાતકોને આ વર્ષ નાની મોટી પનોતી નથી અને રાહુ પણ મધ્યમ શુભ છે. આ વર્ષ ખાસ કરીને આપનો વાણી વ્યવહાર શુધ્ધ રાખવો વ્યશનોથી દૂર રહેવું ખોટુ બોલવાનું ઓછુ રાખવું વ્યાપારમાં પણ બોલી મીઠી રાખવી ધન મેળવા મે કાવાદાવા કરવા નહી નહીતર ફસાઈ જશો આ વર્ષ વ્યાપારી લોકો માટે મધ્યમ રહેશે. નોકરીયાત લોકોને થોડો લાભ મળવાની શકયતા ખરી ધન ની બચત કરવી દાતની બીમારી તથા આંખોની બીમારીથી સાવચેત રહેવું બહેનો માટે આ વર્ષ મધ્યમ રહેશે વિદ્યાર્થીઓને આ વર્ષ લાભ મળી શકે છે. મહેદેવજીની ઉપાસના કરવી શુભ રહેશે.

**કુંભ (ગ.શ.સ):** કુંભ રાશીના જાતકોને શનીની મોટી પનોતીનો અંતિમ તબકકો ચાલે છે. પગેથી પસાર થઈ રૂપાને પાયે છે.લાભ કારક ગણાય દેહ ભુવનમાંથી રાહુ પસાર થશે ચિંતા કરાવે વિચારવાયું રહે આરોગ્ય જાળવું જરૂરી દાંમ્પત્ય જીવનમરાં વિવાદ આવી શકે છે.વ્યાપાર માટે જે લોકો ભાગીદારીથી વ્યાપાર કરે છે.તેવોએ સાવચેત રહી અને લખાણથી વ્યાપાર કરવો. નોકરીયાત વર્ગે આ વર્ષ શાંતી પૂર્વક અને સમદારી પૂર્વક કામ કરી અને પસાર કરવુહ. બહેનોએ ધર્મપુજા પાઠમાં ધ્યાન આપી માનસીક શાંતી મેળવી. વિદ્યાર્થી વર્ગે આ વર્ષદરમ્યાન ખોટો વિચારવાયું રાખવો નહિ. શનીવારના એકટાણા રહેવા હનુમાનજીની ઉપાસના કરવી.

**મીન (દ.ચ.ઝ.થ):** મીન રાશીના જાતકોને શનીની પનોતીનો બીજો તબકકો છાતીએથી પસાર થાય છે. સોનાના પાયે છે. ચિાતા કરાવે રાહુ બારમેથી પસાર થાય છે. ખોટી સોબત ખોટા મિત્રો અને વ્યસનોથી દૂર રહેવું ખર્ચા ઉપર કાબુ રાખવો આરોગ્યનું ધ્યાન રાખવું ખોરાકમાં પરેજી રાખવી જરૂરી. વ્યાપારમાં દેવું કરવું નહિ સાવચેતી રાખવી કોઈના ઝઘડામાં પડવું નહિ.રાહુ મોટી લાલચ આપી અને ફસાવી શકે છે. નોકરીયાત વર્ગ અધિકારી સાથે તાલમેલ રાખી નોકરી કરવી વધારે પગારની લાલચમાં આવવું નહિ. બહેનોએ ઘરમાં શાંતી પૂર્વક સમજદારી પૂર્વક વાતાવરણ જાળવું જતુ કરવાની ભાવના રાખવી. વિદ્યાર્થીઓએ આ વર્ષે વધારે મહેનત કરવી પડશે. શનીવારના એકટાણા રહેવા શિવ તથા હનુમાનજીની ઉપાસના કરવી.

ખાસ કરી જન્મકુંડળી રાશીકુંડળી તથા ગ્રહબળ મહાદશા પણ રાશી ફળમાં મહત્વનો ભાગ ભજવે છે. આથી બધુ સાથે ઉમેરીતો વધારે મળતુ રાશીફળ આવે.

**ભારત દેશ માટે ૨૦૨૬નું વર્ષ કેવું રહેશે**

૨૩-૨-૨૦૨૬ થી ૨-૪-૨૦૨૬ સુધી ગોચરના રાહુ મંગળ સાથે રહેશે આ સમય ગાળો આકસ્મીક ઘટના માટે દેશ દુનીયા માટે મહત્વનો રહેશે આ સમય ગાળા દરમ્યાન ભારતના પશ્ચિમ ભાગમાં કોઈ મોટી દુર્ઘટના બની શકે છે. ભારતમાં રાજકીય અસ્થીતા રહે વાદ વિવાદો માં વધારો થાય ગુનાખોરીમાં વધારો થશે હજુ પણ અમેરીકા સાથેના સંબંધો આ વર્ષે પણ સુધરતા જણાતા નથી. સોનાચાંહદીના ભાવમાં માર્ચ મહિના સુધી વધઘટ રહેશે માર્ચ મહિના બાદ સોના ચાંદીના ભાવમા સ્થિરતા આવી શકે છે. ખાસ કરીને દેશના દરેક નાગરીકે ફેબ્રુઆરી અને માર્ચ મહિના દરમ્યાન સાવચેત રહેવું જરૂરી છે. અપ્રીય ઘટના બની શકે છે.

## રાજકોટમાં કાલથી ત્રણ દિવસ સત્સંગ મહોત્સવ

### હળવદના શ્રી હરિકૃષ્ણધામ (રણજીતગઢ)ના સંતોનો જ્ઞાનયજ્ઞનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને નિમંત્રણ

**અબતક, રાજકોટ:** હરિભકતોના આસ્થાના કેન્દ્ર સમા હળવદ તાલુકાના શ્રીહરિકૃષ્ણધામ (રણજીતગઢ)ના સંતો દ્વારા રાજકોટવાસી ભક્તજનો માટે તા.૨ જાન્યુઆરીથી ત્રણ દિવસીય સત્સંગ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ધર્મપ્રેમી જનતાને લાભ લેવા નિમંત્રણ પાઠવવામાં આવે છે.વધુ વિગત મુજબ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન દ્વારા શિક્ષાપત્રી લખાઈ, તેને ૨૦૦ વર્ષો પૂર્ણ થતા અમદાવાદ કાળુપુર તથા મુળીધામ ખાતે સમૈયો ઉજવાશે. તેના ઉપલક્ષમાં આચાર્ય શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ અને સદગુરુ દેવ શ્રીવિજ્ઞાનદાસજી સ્વામીના શુભ આશીર્વાદથી હળવદ-માળિયા ધોરીમાર્ગ પર આવેલા શ્રીહરિકૃષ્ણધામ (રણજીતગઢ)ના સાધુ સંતો દ્વારા રાજકોટ શહેરના પંચનાથ મંદિર પાસે પંચનાથ પ્લોટ ભગવાન ભુવનની વાડી ખાતે આગામી તારીખ ૨ જાન્યુઆરી ને શુક્રવારથી ત્રણ દિવસીય સત્સંગ જ્ઞાનયજ્ઞ યોજાશે. ત્રણ દિવસીય સત્સંગ જ્ઞાનયજ્ઞમાં દરરોજ રાત્રે ૯ થી ૧૧ સત્સંગ કથા, તા. ૪ જાન્યુઆરીના રોજ સવારે ૧૦થી ૧૨:૩૦ બાલમંચ, સાંજે ૩ થી ૫ યુવા મંચ અને સાંજે ૫થી ૭ કલાકે શાકોત્સવ યોજાશે. સત્સંગ જ્ઞાનયજ્ઞ મહોત્સવનો ધર્મલાભ લેવા સૌને અનુરોધ કરાયો છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૧-૦૧-૨૦૨૬ ગુરુવાર**

૧૨:૦૦ થી ૧૨:૨૦ મેષ રાશિનું વાર્ષિક રાશિફળ (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૨:૨૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (ફક્ત પુરુષો માટે)
૦૨:૩૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (વેનીલા હની પેન કેક)+(તવા પુલાવ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ મૂળાંક મુજબ વર્ષ ૨૦૨૬નું ભવિષ્યફળ (ડો.જીનલ શાહ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (બૈરાઓનો બાહુબલી)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૧:૩૦ શ્રી હનુમાન ચાલીસા યુવા કથા (લાઈવ)
૧૧:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૨-૦૧-૨૦૨૬ શુક્રવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા. ૨-૧ -૨૦૨૬ શુક્રવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** પોષ શુદ ચૌદશ
**નક્ષત્ર** મૃગશીર્ષ
**યોગ** શુકલ **કરણ:** ગર
**સુર્યોદય** ૭.૨૭ **સુર્યાસ્ત:** ૬.૧૫
**ચંદ્ર રાશી** વૃષભ સવારે ૯.૨૬ થી મિથુન
**રાશિ અક્ષર** બ.વ.ઉ/ક.છ.ઘ
**દિશાશૂળ** પશ્ચીમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૮ થી ૧.૧૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | | | | | ૫ |
| | | | ૭ | ૮ | ૫ | | | |
| | ૭ | | | | | ૧ | | |
| | | ૨ | | ૯ | | ૫ | ૬ | |
| ૯ | | | ૮ | | ૪ | | | |
| ૪ | ૩ | | | | | | | ૧ |
| ૧ | ૮ | | ૪ | ૬ | | | ૫ | |
| | | | | | ૯ | | | |
| | ૨ | ૩ | | | | ૪ | ૯ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૨૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૪ | ૩ | ૮ | ૨ | ૧ | ૫ | ૯ |
| ૯ | ૧ | ૮ | ૭ | ૪ | ૫ | ૨ | ૩ | ૬ |
| ૨ | ૩ | ૫ | ૯ | ૧ | ૬ | ૭ | ૪ | ૮ |
| ૪ | ૯ | ૬ | ૮ | ૨ | ૭ | ૫ | ૧ | ૩ |
| ૩ | ૭ | ૧ | ૫ | ૬ | ૯ | ૪ | ૮ | ૨ |
| ૫ | ૮ | ૨ | ૧ | ૩ | ૪ | ૯ | ૬ | ૭ |
| ૧ | ૨ | ૯ | ૬ | ૫ | ૮ | ૩ | ૭ | ૪ |
| ૮ | ૫ | ૭ | ૪ | ૯ | ૩ | ૬ | ૨ | ૧ |
| ૬ | ૪ | ૩ | ૨ | ૭ | ૧ | ૮ | ૯ | ૫ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨.૧.૨૦૨૬, શુકવાર, સંવંત ૨૦૮૨, પોષ સુદ ચતુર્દશી, મૃગશીર્ષ નક્ષત્ર, શુક્લ યોગ, ગર કરણ આજે સવારે ૯.૨૫ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ વૃષભ (બ,વ,ઉ) ત્યારબાદ મિથુન (ક,છ,ઘ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, સંતુલિત મનથી તમે કરેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થાય.
**વૃષભ (બ,વ,ઉ) :** આર્થિક બાબતોમાં સારું રહે, અચાનક લાભ થવાના સંકેત છે, અગાઉ રોકેલા નાણાં કે ફસાયેલા નાણાં પરત આવવાના સંકેત આવી શકે.
**મિથુન (ક,છ,ઘ) :** કાર્યસિદ્ધિ આપતો દિવસ, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, સામાજિક રીતે તમારા અભિપ્રાયનું મૂલ્ય વધે.
**કર્ક (ડ,હ) :** આજના દિવસે વાદ વિવાદથી દૂર રહેવું, તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું, સ્વભાવ લાગણીશીલ રહે અને તેના કારણે દુઃખ થાય.
**સિંહ (મ,ટ) :** આજના દિવસે આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ) :** વેપારીવર્ગને લાભદાયક દિવસ છે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નોકરિયાતવર્ગને સારું રહે, વિદ્યાર્થીવર્ગ માટે પણ સારું રહે.
**તુલા (ર,ત) :** આધ્યાત્મિક બાબતોમાં આગળ વધી શકો, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, ભાગ્યબળ માં વૃદ્ધિ થાય.
**વૃશ્ચિક (ન,ય) :** અગાઉની સાપેક્ષમાં ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય, કાર્યને પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** સામાજિક ક્ષેત્ર અને જાહેરજીવનમાં સારું રહે, લોક્ચાહનામાં વૃદ્ધિ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**મકર (ખ,જ) :** આજના દિવસે તબિયતની કાળજી લેવી, બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે, જીવનપદ્ધતિમાં હકારાત્મક ફેરફાર કરવા જરૂરી બને.
**કુંભ (ગ,સ,શ) :** પ્રણય માર્ગે આગળ વધી શકો, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
**મીન (દ,ચ,ઝ,થ) :** દિવસ આરામથી વિતાવી શકો અને નવી જગ્યાએ જઈ શકો, તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

# અનંતકાળથી ચાલ્યો આવતો જૈનધર્મ એ "જન-ધર્મ" છે: પારસમુનિ

## ગોંડલ સંપ્રદાયના મહામંત્રી પ્રભાવક જગદીશમુનિ મ.સા ના સુશિષ્ય સદગુરૂદેવ પારસમુની મ.સાના "અબતક"ના આંગણે પાવનકારી પધરામણી






તસવીર: શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

આધ્યાત્મિકતા અને સકારાત્મક વિચારધારાના પ્રેરક પારસમુનિ મહારાજ સાહેબે અબતક મીડિયા હાઉસ ખાતે પાવન પધરામણી કરી હતી. આ અવસરે "અબતક"ના મેનેજિંગ તંત્રી સતીશકુમાર મહેતા સાથે આત્મીય અને અર્થસભર ધર્મલાપ કર્યો હતો.

પારસમુનિ મહારાજ સાહેબે અબતક મીડિયા હાઉસની 'પોઝિટિવ ઇન્ફોર્મેશન' ટેગલાઈનને બિરદાવતાં જણાવ્યું હતું કે, આજના સમયની સૌથી મોટી જરૂરિયાત સમાજમાં હકારાત્મકતા ફેલાવવાની છે અને તે કાર્યમાં મીડિયા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. "અબતક" દ્વારા સતત સારા, પ્રેરણાદાયક અને સમાજહિતના સમાચાર પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યા છે, તે બદલ તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

આ મુલાકાત દરમિયાન પારસમુનિ મહારાજ સાહેબે "અબતક" મીડિયા હાઉસના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી. જેમાં તંત્રી વિભાગ, ચેનલ વિભાગ, કોમ્પ્યુટર વિભાગ, મશીન રૂમ સહિતની કામગીરીની માહિતી મેળવી અને આધુનિક ટેકનોલોજી સાથે ચાલતા મીડિયા સંચાલનને નજીકથી નિહાળ્યું હતું.

મહારાજ સાહેબે જણાવ્યું હતુ કે, સમાજમાં નકારાત્મકતા કરતાં હકારાત્મક સમાચારનું પ્રસારણ માનસિક શાંતિ, સદ્ભાવના અને એકતાનું નિર્માણ કરે છે. મીડિયા જો સત્ય, સંવેદના અને સકારાત્મક અભિગમ સાથે કાર્ય કરે તો સમાજને યોગ્ય દિશા મળે છે.

"અબતક" મીડિયા હાઉસના સંચાલકો અને સ્ટાફ દ્વારા પારસમુનિ મહારાજ સાહેબનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પાવન મુલાકાત સમગ્ર "અબતક" પરિવાર માટે પ્રેરણારૂપ બની રહી.







**પ્રશ્ન: અત્યરેના સમયમાં સાધુ સંતોએ સમાજમાં વધુ સક્રિય ભાગ ભજવાઓ પડે તેવું નથી લાગતું**

જવાબ: સાધુ સંતોએ સમાજ ની વચ્ચે રહી ને સમાજને શુસંસ્કારીત કરવા માટે વિશેષ પુરુષાર્થ કરવો પડે છે. એવી આજના સમય ની માંગ છે.

**પ્રશ્ન: સનાતન ધર્મના નામે ઠેર ઠેર હાટડા ખુલી ગયા છે તો નથી લાગતું સાધુએ ધર્મની ભાષા સમજાવી પડે**

જવાબ: લોકોએ સ્વયંમ જ સમજવુ પડે છે કે અંધશ્રદ્ધાઓ માથી બહાર નીકળી એને સાચી શ્રદ્ધા શું છે એ જાણવું જોઈએ એને જાણવા માટે જૈન ધર્મ માં જૈન આગમો છે, બૌદ્ધ ધર્મ માં બૌદ્ધ આગમો છે, ગ્રંથો છે તેમજ હિન્દૂ પરંપરા માં અનેક પુરાણો એને ગ્રંથો છે એનું વાંચન કરવું જોઈએ જેથી મહાપુરુષો જે વાત કરી છે જો એ વાત સાંભળશે તો અવશ્ય લોકો અંધશ્રદ્ધા માંથી બહાર આવશે. અંધશ્રદ્ધા માંથી બહાર આવવા માટે વ્યક્તિ માં જ્ઞાન આવવું અવશ્યક છે.



**પ્રશ્ન: જૈન ધર્મ જીવન જીવવાની જડીબુટ્ટી આજ અન્ય લોકોને જૈન ધર્મ બાબતનો ઓછો ખ્યાલ છે તો જૈન ધર્મ કોને કહેવાય જૈન ધર્મ શું છે અને જૈન ધર્મની પરિભાષા શું છે**

જવાબ: જૈન ધર્મ અનંતકાળ થી છે, જેમનો વૈદ માં પણ ઉલ્લેખ છે. ભગવાન આદિનાથ રુષભદેવ, મારુદેવી માતા, એમના માટે નો ઉલ્લેખ ઋગ્વેદ માં કરેલ છે. ત્યારથી લઈને ભગવાન મહાવીર સુધી માં ચોવીસ તીર્થંકરો જૈન ધર્મ માને છે. મૂળભૂત રીતે જૈન ધર્મ એ જન ધર્મ છે. જૈન ધર્મ નો મૂળભૂત ઉદ્દેશ એ છે કે, આ શ્રુષ્ટિ જેવી છે તેવીને તેવી રહેવા દેવી. પ્રકૃતિ ને અડચણ થાય તેવું કોઈ કાર્ય નો કરો. પાણી ના સ્તર જે નીચે જઈ રહ્યા છે તો તે માત્ર સરકારની ફરજ નથી સમગ્ર સમાજ ની એોન ફરજ છે ક આપણે પાણી નો બચાવ કરવો. વનસ્પતિ માં એવા વૃક્ષો નો ઉછેર થવો જોઈએ જે વૃક્ષો ઓક્સિજન આપે છે, પીપળા નું વૃક્ષ, લીમડાનું વૃક્ષ, પારિજાતનું વૃક્ષ આ બધા વૃક્ષો નું વિશેષ વાવેતર થાય તો જળ સ્તર ઉપર આવશે એને અનેક પક્ષીઓ ને રહેવાનું પણ સ્થાન મળી રહેશે.



**પ્રશ્ન: ક્રિયા અને સાધના વચ્ચેનો ફરક શું લોકોને ક્રિયાને સાધના અને સાધના અને ક્રિયા માને છે**

જવાબ: સાધના એ માત્ર ને માત્ર સ્વયંમ ના આત્મ કલ્યાણ માટે હોઈ શકે. સાધના નો અર્થ એ છે કે પોતાનું જે કઈ નથી એવું તત્વ અજ્ઞાન ને કારણ આવી ગયું છે એ તત્વ એટલે કે બાજ ઇન્દ્રિયો ના અશક્તિયો, ક્રોધ, કસાયો, મન માયા, લોભ. ત્રણ ગારવો જે ભગવાન એ કીધેલા છે ઋદ્ધિ ગારવ, રાસ ગારવ, શાકા ગારાવ. તો નિંદા પ્રપંચ, કલશ આ આદી સ્વયંમ ના જીવન માંથી દૂર થાઈ. રાગ દ્વેષ ના આત્મા ના ભાવ થી આત્મા પર બને એને જે પર વૃત્તિઓ પર પદાર્થો, જે જીવન નું અકરશણ છે એનાથી મુક્ત બની એને સ્વ કેન્દ્રિત બને એ સાધના નું લક્ષ્ય હોય છે. સાધના માર્ગ ની અંદર જે પોતાનું નથી એને દૂર કરવાનો પ્રયત્ન થાય છે. ક્રિયા ની અંદર ક્રિયા એ ધર્મ પામવા માટે ની એક પ્રકૃતિ હોય છે. પણ માત્ર ક્રિયા ને જો પ્રોત્સાહન આપવામાં આવે એને જ્ઞાન ને પ્રોત્સાહન નો મળે તો ભગવાન મહાવીર એમ કહે છે કે, જ્ઞાન એને ક્રિયા જ્ઞાન વગર ની ક્રિયા અંધ સમાન ગણવામાં આવે છે. જીવનમાં જ્ઞાન એને ક્રિયા બંને નું સમતુલન રહેવું જરૂરી છે.

**પ્રશ્ન: પ્રચાર પ્રસાર બાબતે સાધુ સંતોએ વધુ જાગૃત અને સક્રિય થવું સમાજ માટે કેટલું જરૂરી છે**

જવાબ: કોઈ પાન સાધના નો એક સમય નિશ્ચિત હોય છે ભગવાન મહાવીરે પણ સાડા બાર વર્ષ સાધના કરી. અને ત્યાર પછી સમાજની વચ્ચે આવ્યા ગથ્થ બુદ્ધે પણ ૧૨ વર્ષ જંગલ માં રહીને સાધન કરી હતી. એમ કોઈપણ સાધનના એકાંત માં કરી શકે છે પણ સંપૂર્ણ જીવન એકાંત માં જીવન એટલા માટે પસાર નથી કરતા કે એને જે તત્વ પ્રાપ્ત થયું છે એ અમૂલ્ય તત્વ એ આંતરિક આનંદ એ પર્સનન્નતા, એ સ્વચ્છતા સમગ્ર સમાજ પણ પામે એને સમગ્ર સમાજ રાગ દ્વેષ ના ભાવ થી મુક્ત બને ત્યારે મહાનુભાવો સમાજ વાંવહે આવે ત્યારે સાધના થી જે કઈ અનુભૂતિઓ છે તે જણાવે છે. જેનાથી સમાજ સંસ્કારી બને છે.

**પ્રશ્ન: આજના યુગ માં વિકાસ ઘણો થઈ ગયો છે આજનો યુવાન પણ ઝડપથી જઈ રહ્યો છે ત્યારે સંસ્કારી તેજી માટે સ્કૂલ કોલેજોમાં સાધુ સંતોના લેકચર જરૂરી નથી લાગતા**

જવાબ: યુવાન ખુબ ઝડપથી આગળ વધી રહ્યો છે ગઈ કાળ રાત ની વાત કરીયે તો સમગ્ર ભારત ના હજારો યુવાનો આખી સુતા નઈ હોય એને પર્ટી કરી હશે. ત્યારે અત્યરે ના યુવાનોને મારું કહેવું એટલું જ છે કે સમગ્ર યુવાનોને સ્વયંમ ની સંસ્કૃતિ ભૂલીને અન્ય ની સંસ્કૃતિ અપનાવવાથી આપણે આપણી ઓળખ ને મીટવવાનો પ્રયત્ન કરીયે છીએ. જે યુવા વગર આગળ વળગી રહ્યો છે એ પ્રશંસનીય છે પરંતુ સંસ્કારો ને સાથે રાખીને ચાલશે તો પ્રસંસનીય બની રહેશે. દરેક યુવાન વ્યસન ના માર્ગ થી એને દરેક યુવતી ફેશન ના માર્ગ થી હટીને જો પોતાના વ્યક્તિત્વ ના વિકાશ માટે પ્રયત્ન કરશે તો અવશ્ય ભારત ના યુવાધન ની નોંધ વિશ્વ લેવલે લેવાશે. સ્કૂલ કોલેજ માં ધાર્મિક જ્ઞાન કોઈ પક્ષ પાત થી નહી પરંતુ સંસ્કારો નું વૃધ્ધિ માટે આપવું જોઈએ. સરકાર દ્વારા આવો કોઈ નિર્ણય લેવામાં આવે કે દરેક ધર્મ ની જે વાતો કરવામાં આવી છે તે વાતો ને ભાગવત ગીતા જેવા ગ્રંથો ને ભણાવવામા આવે જેથી યુવાનો માં વિશેષ સંસ્કારો શુદ્રઢ બને એને નિતી મત્તા નું ધોરણ ઉચું આવી શકે.






5 સફળ વર્ષની ઉજવણી
શિવ મલ્ટી-સ્પેશ્યાલિટી હોસ્પિટલ
NABH CERTIFIED
સત્યનિષ્ઠા શ્રેષ્ઠતા પ્રતિબદ્ધતા
શિવ હોસ્પિટલ
વિશ્વાસનું પ્રતીક

"શ્રેષ્ઠતા, સત્યનિષ્ઠા અને પ્રતિબદ્ધતા - વિશ્વસનીય અભિપ્રાયો"

**શ્રી રમેશભાઈ ટીલાળા**
વિધાયક, રાજકોટ સાઉથ - બીજેપી
"મારી બહેનનું સ્પાઇન ફ્રેક્ચર અને મારી ભાણેજની મણકાની ગાંઠની સર્જરી સફળ રહી. હાલ બંને સંપૂર્ણ રીતે સ્વસ્થ છે. શિવ હોસ્પિટલની આધુનિક આઈસીયુ સુવિધાઓ તથા અન્ય તમામ સારવારથી અમે અત્યંત સંતોષ અનુભવીએ છીએ."

**શ્રી મહેશ રાજપૂત**
જનરલ સેક્રેટરી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
"મારા કોણીના ફ્રેક્ચરની ટ્રીટમેન્ટ તેમજ મારા દીકરી ડૉ. હીરબા રાજપૂતની આર્થ્રોસ્કોપી (દૂરબીન દ્વારા) સર્જરી સફળ રહી હતી. તે માટે શિવ હોસ્પિટલની ટીમ અને ડોક્ટર્સનો ખૂબ ખૂબ આભાર."

**શ્રી દિલીપભાઈ લાડાણી**
અગ્રણી બિલ્ડર, રાજકોટ
શિવ હોસ્પિટલ, રાજકોટ ખાતે મારા સાસુજીનું ગોઠણના સાંધા બદલવાનું (TKR) ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવેલું. હોસ્પિટલના નામાંકિત ડોક્ટરોની ટીમ અને આંતરરાષ્ટ્રીય કક્ષાની આધુનિક સુવિધાનો અનુભવ ખૂબ જ ઉમદા રહ્યો.

**શ્રી નલીન ઝવેરી**
પ્રેસિડેન્ટ, સૌરાષ્ટ્ર કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
"મારા ખભાની આર્થ્રોસ્કોપી (દૂરબીન દ્વારા) સર્જરી સફળ રહી હતી. મારા ખભાને ફરીથી સંપૂર્ણ મૂવમેન્ટ મળી છે. શિવ હોસ્પિટલ અને ડોક્ટરો દ્વારા અપાયેલી સારવારથી સંપૂર્ણ સંતોષ છે."

**ડો. વી. આર. ત્રાંબડીયા**
સિનિયર ફેમિલી ફિઝીશિયન
"શિવ હોસ્પિટલ ખાતે મારા અંગુઠા અને ખભાના ફ્રેક્ચરની સફળ સારવાર થયેલ છે. ઉત્તમ કાળજી અને સહકાર આપનાર સ્ટાફ તેમજ ડોક્ટર્સનો અનુભવ સારો રહ્યો. શિવ હોસ્પિટલની સુવિધાઓ ઉત્તમ છે."

**શ્રી મિતલ ખેતાણી**
પ્રખ્યાત સમાજસેવક અને એનિમલ વેલ્ફેર એક્ટિવિસ્ટ
"મારા સંબંધીની થયેલી ઘૂંટણની ઇલિઝેરોવ સર્જરી સફળ રહી હતી. શિવ હોસ્પિટલની મેડિકલ ટીમે સમગ્ર સારવાર દરમિયાન સારું માર્ગદર્શન અને સહકાર આપ્યો તે બદલ હું ખૂબ આભારી છું."

**સાધ્વીજી વ્રતધારાશ્રીજી**
જૈન સાધ્વીજી સાગર સમુદાય
"મારા ઘૂંટણમાં ભારે પીડાને કારણે મને ચાલવામાં મુશ્કેલી થતી હતી. ઘૂંટણના સાંધા બદલવાની સર્જરી સફળ રીતે થયેલ હતી અને હવે હું સ્વતંત્ર રીતે ચાલી શકું છું. શિવ હોસ્પિટલની સારવાર તથા આધુનિક આઈસીયુ સુવિધાઓથી સંપૂર્ણ સંતોષ થયો છે."

**સાધ્વીજી સરોજબાઈ મહાસતીજી**
જૈન સાધ્વીજી
"મને લાંબા સમયથી કમરદર્દ અને સાથે ચાલવામાં પણ મુશ્કેલી હતી. શિવ હોસ્પિટલમાં થયેલ સફળ માઈક્રો એન્ડોસ્કોપિક (દૂરબીન દ્વારા) સ્પાઇન સર્જરી બાદ હું સંપૂર્ણ રીતે સ્વસ્થ છું."

ઇમરજન્સી - 95195 2 95 95
એપોઇન્ટમેન્ટ - 96389 01000/2000
24/7 SERVICE
Follow us on :
www.shivhospital.in
મહાપૂજાધામ ચોક, બાલાજી હોલ પાસે, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

# થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર: પોલીસના ચેકીંગમાં ઝપટે ચડેલા ૫૦ નબીરાઓનું નવું વર્ષ બગડ્યું



**પોલીસ કમિશ્નર બ્રજેશ ઝાના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમે સંધ્યા ટાણેથી જ ચેકીંગ હાથ ધર્યું: ચુસ્ત બંદોબસ્તને પગલે એક પણ અનિચ્છનીય ઘટના ન બની, નવા વર્ષની શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી**



**એસઓજીએ પાંચ દી' થી ડ્રગ્સ ટેસ્ટિંગ કીટ સાથે તપાસ શરૂ કરતા નશેડીઓમાં ફફડાટ ફેલાયો: એકપણ પેડલર-એડિક્ટ બહાર જ ન નીકળ્યો**

**અબતક, રાજકોટ**

વર્ષ ૨૦૨૫ ની અંતિમ રાત એટલે કે થર્ટી ફર્સ્ટની રાત્રે દારૂ ઢીંચી લટાર મારવા નીકળેલા ૫૦ થી વધુ નબીરા ચેકીંગ દરમિયાન પોલીસની ઝપટે ચડ્યા હતા. શહેર પોલીસે પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. જો કે, પોલીસની કાર્યવાહી છતાં નશાખોરો નશો કરી પાર્ટીઓ કરવા નીકળી પડ્યા હોય તેમ પોલીસે ૫૦ થી વધુ કેફી દ્રવ્યો પીધેલ લોકોને પકડી પાડી ગુના નોંધ્યા હતા. એકંદરે પોલીસની કામગીરીથી પાર્ટીઓના સ્થળ પર કે કોઈ જાહેર જગ્યા પર કોઈ માથાકૂટ કે ગેરકાયદેસર પ્રવૃત્તિના બનાવો બન્યાં ન હતાં.

અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે વર્ષના અંતિમ દિવસ એટલે કે થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની રાત્રે લોકો નવા વર્ષને આવકારવા થનગનતા હોય છે. ત્યારે ગઈકાલે પાંચ વાગ્યાની આસપાસ વરસાદી વાતાવરણ બંધાતા લોકોના શ્વાસ અધ્ધર થયાં હતાં. જો કે, વરસાદે વિરામની સાથે વાતાવરણ ઠંડુ બનતાં શહેરીજનો ફરીવાર ઉજવણીના મૂડમાં આવી ગયાં હતાં અને મોટી સંખ્યામાં લોકો અલગ અલગ સ્થળો પર પાર્ટીઓ કરવાં નિકળી પડ્યા હતા.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી

(અનુ. આઠમા પાને)

### શહેર પોલીસના ટીમ લીડર બ્રજેશકુમાર ઝા ખુદ મોડી રાત સુધી ફિલ્ડમાં રહ્યા

થર્ટી ફર્સ્ટની રાતે કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કે અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા પણ મોડી રાત સુધી ફિલ્ડમાં રહ્યા હતા. મેદાનમાં ઉતર્યા હતાં અને પોતાની સરકારી કારમાં સાહેતમાંદ ચક્કર લગાવી હતી. જ્યારે ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, ડીસીપી રાકેશ દેસાઈ, ડીસીપી હેતલ પટેલ મોડી રાત સુધી અલગ અલગ વિસ્તારમાં રહ્યાં હતાં અને વ્યવસ્થા સાંભળી હતી.



ડીસીપી જગદીશ બાંગરવા, હેતલ પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓએ મેદાનમાં ઉતરી સુરક્ષા વ્યવસ્થાની ક્માન સંભાળી : સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબીની ટીમો દ્વારા ચોક્યોકે બ્રેથ એનેલાઈઝર વડે ચેકીંગ કરાયું



તસવીર: શૈલેષ વાડોલિયા

### દારૂ ઢીંચી ડમડમ હાલતમાં નીકળેલા નબીરાઓની યાદી

થર્ટી ફર્સ્ટની રાત્રે શહેર પોલીસ દ્વારા શરૂ કરવામાં આવેલ ચેકીંગમાં ૫૦ થી વધુ શખ્સો નશાની હાલતમાં ઝડપાયા હતા. શહેરના અલગ અલગ વિસ્તારમાં બ્રેથ એનેલાઈઝર મદદથી સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. પોલીસના આ ચેકિંગ દરમિયાન નશો કરી નવા વર્ષની ઉજવણી કરવા નીકળેલા શખસો પોલીસની ઝપટે ચડી ગયા હતાં. જેમાં પોલીસની આ ચેકિંગ ડ્રાઈવ દરમિયાન શહરેના બી ડિવિઝન પોલીસ મથકના સ્ટાફે અવિનાશ નાનજી મેર, જયેશ હિરા પાટડીયા, ભાવેશ સુરેશ સોમમાણેક, પંકજ અરજણ કારેણા, ભક્તિનગર પોલીસે મયુરપરી સુભાષપરી ગોસ્વામી, બિપીન રમણિક પરસોડા, મુકેશ હરખાણી, રમેશ લાલકીયા, અનિલ મકવાણા, વૈભવ તાવડે, દિનેશ

(અનુ. આઠમા પાને)

**પાર્ટી પ્લોટ, રિસોર્ટમાં યોજાયેલી તમામ પાર્ટીઓ પર ડ્રોન વડે બાજ નજર રખાઈ: એકંદરે વર્ષની છેલ્લી રાત સુરક્ષિત રહેતા તંત્રને હાશકારો**

# પુરૂષાર્થ સ્કૂલ અને પાઠક ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ દ્વારા શનિવારે વાર્ષિક રમતોત્સવ

**૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉત્સાહભરી ભાગીદારી સાથે ૨૫થી વધુ રમતો રમતોમાં કૌવત બતાવાશે**

**અબતક, રાજકોટ**

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં અભ્યાસ જેટલું જ મહત્વ રમતગમતનું છે. વિદ્યાર્થીઓની અંદર છુપાયેલી સર્જનાત્મકતા, ટીમભાવના, શિસ્ત અને નેતૃત્વ ક્ષમતાને વિકસાવવાનો શ્રેષ્ઠ અવસર એટલે રમતનું મેદાન. આ હેતુ સાથે પુરૂષાર્થ સ્કૂલ અને પાઠક ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ, શીતલપાર્ક - ૧૫૦ ફૂટ રીંગ રોડ દ્વારા ભવ્ય નું આયોજન કરવામાં આવ્યું છે.



તસવીર: શૈલેષ વાડોલિયા

શાળાઓ દ્વારા દર વર્ષે શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સાંસ્કૃતિક અને રમતગમત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અગાઉ વિદ્યાર્થીઓને ક્યારેક મંચ પર અભિનય કરતા તો ક્યારેક વર્ગખંડમાં વિવિધ પ્રવૃત્તિઓ કરતા જોયા છે, પરંતુ આ વખતે વિદ્યાર્થીઓ રમતના મેદાનમાં સાચા અર્થમાં રમતવીર બનીને જોવા મળશે.

આ રમતોત્સવમાં ધોરણ કે.જી.થી ધોરણ ૧૦ સુધીના વિદ્યાર્થીઓ અવનવી રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાની કુશળતા, ચપળતા અને રમતિયાળ ભાવનાનું પ્રદર્શન કરશે. કોથળા દોડ, લીંબુ-ચમચી, લંગડી સ્પર્ધા, નિશાન પર તીર ફેંકવાની સ્પર્ધા સહિત કુલ ૨૫થી વધુ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. આ વાર્ષિક ઉત્સવની વિશેષતા એ છે કે તેમાં ફક્ત વિદ્યાર્થીઓ માટે જ નહીં પરંતુ શાળાના વાલીઓ માટે પણ અલગ અલગ રમતો રાખવામાં આવી છે, જેથી માતા-પિતા પણ બાળકો સાથે રમતોત્સવનો આનંદ માણી શકે અને શાળા-વાલી સંબંધ વધુ મજબૂત બને.આ ભવ્ય રમતોત્સવ તા. ૦૩ જાન્યુઆરી ૨૦૨૬, શનિવારના રોજ વેલ્વેટ પાર્ટી પ્લોટ, રિંગ રોડ ખાતે આવેલા વિશાળ મેદાનમાં યોજાશે. અંદાજે ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ ૨૫થી વધુ સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાનું ગૌરવ અને પ્રતિભા રજૂ કરશે. હાલમાં તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા સ્ટાફ દ્વારા રમતોત્સવને સફળ બનાવવા માટે પૂરજોશમાં તૈયારી અને પ્રેક્ટિસ ચાલી રહી છે. શાળા સંચાલકો દ્વારા જણાવાયું છે કે આ રમતોત્સવ વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક અને સામાજિક વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે.

અબતકની શુભેચ્છા મુલાકાતે આવેલા પુરુષાર્થ સ્કૂલ અને પાઠક સ્કૂલ ના વિશાલભાઈ માધવી દેસાઈ અને ગૌરવભાઈ એ શુભેચ્છા મુલાકાત લીધી હતી

# નેશનલ કરાટે ચેમ્પિયનશિપમાં 'ફાઈટર કરાટે સેન્ટર'નો દબદબો

**કરાટે વીરોએ ૧૪ ગોલ્ડ સહિત ૪૭ મેડલ મેળવી જિલ્લાનું ગૌરવ વધાર્યું**





**અબતક, રાજકોટ**

જામનગરના વિશ્વકર્મા બાગ ખાતે લાયન્સ કરાટે ક્લબ દ્વારા આઈ.એસ.કે.એફ નેશનલ કરાટે કપ ચેમ્પિયનશિપનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સમગ્ર ગુજરાતભરમાંથી આશરે ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં રાજકોટ જિલ્લાના ફાઈટર કરાટે ટ્રેનિંગ સેન્ટરના ૩૩ કરાટે વીર-વીરાંગનાઓએ ભાગ લઈ પોતાની અદભૂત રજૂઆતથી સ્પર્ધાને સફળ બનાવી હતી. સેન્ટરના આશાસ્પદ ખેલાડીઓએ વિવિધ વયજૂથ, બેલ્ટ અને વેઈટ કેટેગરીમાં મેદાનમાં ઉતરીને પોતાની કુશળતાનું પ્રદર્શન કર્યું હતું અને

(અનુ. આઠમા પાને)

# ફોક વેસ્ટર્ન ડાન્સના સમન્વય સાથે બાલ મહોત્સવમાં થીરક્યા બાળકદમ

**બાલભવનના બાલ મહોત્સવમાં દેશભક્તિના ગીતોથી ગુંજ્યો રાષ્ટ્રપ્રેમનો નાદ: વિજેતાઓને લાખેણા ઈનામથી નવાજાયા**

**અબતક, રાજકોટ**

બાલભવન રાજકોટ દ્વારા ૫ થી ૧૬ વર્ષના બાળકોના શારીરિક અને માનસિક વિકાસને વેગ આપવા માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ રમત-ગમત તથા સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવનો મુખ્ય હેતુ બાળકોની આંતરિક શક્તિઓને યોગ્ય મંચ પૂરું પાડવાનો છે. વિવિધ વયજૂથના બાળકો માટે આયોજિત આ સ્પર્ધાઓમાં શહેરના અનેક સ્પર્ધકો ઉત્સાહભેર ભાગ લઈને પોતાની કલાનું પ્રદર્શન કરી રહ્યા છે.







ધોરણ ૧ થી ૫ ના બાળકો માટે ફોક-વેસ્ટર્ન ડાન્સ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અંકિતા હૈત પ્રથમ, કાવ્યા વિશ્વકર્મા દ્વિતીય, રહેમતકૌર બાધાસિંઘાણી તૃતીય, પિયા અધિકારી ચતુર્થ અને ડેનિશ જોબનપુત્રા પાંચમા સ્થાને વિજેતા જાહેર થયા હતા. કાર્યક્રમની શરૂઆત કાશ્મિરાબેન નથવાણી અને કિરીટભાઈ વ્યાસ દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. નિર્ણાયક ભાવિનભાઈ સોની, નેન્સીબેન ઉકાણી અને ડિવાયડીઓ

(અનુ. આઠમા પાને)

# સમસ્ત વેકરીયા પરિવાર દ્વારા રવિવારે પંચમ કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

સમસ્ત વેકરીયા પરિવાર રાજકોટ શહેર તથા જિલ્લા (લેઉવા પટેલ) દ્વારા આગામી તારીખ ૦૪ જાન્યુઆરી, ૨૦૨૬ ને રવિવારના રોજ રજવાડી પાર્ટી લોન્સ, દિવાળી બાગ પાર્ટી પ્લોટની બાજુમાં, ૧૫૦ ફુટ રૂડા નવો રિંગ રોડ, રાજકોટ ખાતે સાંજે ૪:૩૦ કલાકે થી પંચમ સ્નેહમિલન સમારોહ આ સમારોહ અંતર્ગત અભિવાદન તથા સન્માન સમારોહ, વડીલ વય વંદના, બિઝનેસ એક્સ્પો, જીવન વિદ્યા શિરિ સેશનનું આયોજની કરવામાં આવેલ છે. આ સાથે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે.



તસવીર: શૈલેષ વાડોલિયા

**સન્માન સમારોહ, વડીલ વય વંદના, બીઝનેસ એક્સપો, જીવનવિદ્યા શિબિર સેશન તથા બ્લડ ડોનેશન કેમ્પ સહિતના કાર્યક્રમો**

અબતકની શુભેચ્છા મુલાકાત રજનીકાંતભાઈ વેકરીયાએ જણાવ્યું હતુ કે,

વડીલોને શાલ ઓઢાળી અને શિલ્ડ આપી પરિવાર દ્વારા સન્માનિત કરવામાં આવશે. બિઝનેસ એક્સ્પો અંતર્ગત પરિવારના વિવિધ ધંધાકીય સ્ટોલ્સ પણ આવેલ છે. જીવન વિદ્યા શિબિર સેશનમાં જીવન શું છે અને તેના પ્રાકૃતિક નિયમોની સચોટ જાણકારી આપવામાં આવશે. આ પંચવિધ કાર્યક્રમમાં સમારોહમાં રાજ્યકક્ષાના કૌશિકભાઈ વેકરીયા તથા ભાજપ પ્રદેશ મહિલા મોરચના અધ્યક્ષ અંજુબેન પંકજભાઈ વેકરીયા ઉપસ્થિતિ રહેશે જેઓનું વિશેષ સન્માન પરિવાર દ્વારા કરવામાં આવશે. આ સમારોહમાં પરિવારના રાજકોટ તથા જિલ્લાના સંગઠનની માહિતી આપવામાં આવશે તેમજ પારિવારિક માહિતીની ડિરેક્ટરી બનાવવાની જાહેરાત પણ કરવામાં આવશે. વેકરીયા બીઝનેસ ઓર્ગેનાઈઝેશનની ટીમ દ્વારા પણ વધુમાં વધુ પરિવારજનો ધંધાકીય રીતે એકબીજા સાથે જોડાય તે બાબતે માહિતગાર કરવામાં આવશે.

વેકરીયા પરિવારમાં જે દિકરી કે દિકરો મા-બાપ વિનાના છે તેની માહિતી મેળવવામાં આવશે અને તેઓની જરૂરીયાત મુજબ ભવિષ્યમાં પેનથી પરણાવવા

(અનુ. આઠમા પાને)

# આજથી 'રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ'નો પ્રારંભ: અકસ્માતમાં મદદ કરનાર ચાર 'રાહવીરો'નું સન્માન

**ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને 'જિલ્લા માર્ગ સલામતી સમિતિ'ની બેઠક યોજાઈ: વિવિધ વિભાગોને અપાઈ કડક સૂચના**

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને યોજાયેલી જિલ્લા માર્ગ સલામતીની બેઠકમાં ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ કડક સૂચનાઓ આપવામાં આવી હતી. જેમાં ખાસ કરીને નંબર પ્લેટ વગરના વાહનો, કારમાં બ્લેક ફિલ્મ લગાડનાર ચાલકો અને તેના વેચાણકર્તાઓ તેમજ હાઈવે પર વધુ પડતી એલઈડી લાઈટનો ઉપયોગ કરનારાઓ સામે ડ્રાઈવ યોજી કાયદેસરની કાર્યવાહી કરવાના આદેશ અપાયા હતા. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર સહિત વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



આ બેઠક દરમિયાન 'રાહવીર યોજના' હેઠળ પસંદ થયેલા ૪ નાગરિકોનું કલેક્ટરના હસ્તે પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. માર્ગ અકસ્માત સમયે ઈજાગ્રસ્તોને સમયસર મદદ કરી માનવતા દાખવનાર આ ચારેય નાગરિકોના બેંક ખાતામાં રાજ્ય સરકાર દ્વારા ૨૫-૨૫ હજાર રૂપિયાની પ્રોત્સાહક રાશિ જમા કરવામાં આવશે. અકસ્માતના સમયે અન્ય લોકો પણ મદદ માટે આગળ આવે તે હેતુથી આ સન્માન કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં ૧ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન "શીખ સે સુરક્ષા, ટેક્નોલોજી સે પરિવર્તન"ની થીમ પર રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી

(અનુ. આઠમા પાને)

# યુવાધનમાં લોક સંસ્કૃતિની આહલેક જગાડવા પ્રયત્નશીલ લોકગાયક-પત્રકાર નીલેશ પંડ્યાનો આજે જન્મદિન



ગુજરાતની અડધો ડઝનથી વધુ યુનિવર્સિટીઓ અને બસોથી વધુ કોલેજોના ચારેક લાખ યુવા ભાઈ-બહેનો સમક્ષ ગુજરાતી લોકસંગીત રસદર્શન સાથે પ્રસ્તુત કરી તેમને આપણા ભવ્ય લોકસાંગીતિક વારસાથી અવગત કરાવી, યુવાધનમાં લોકસાંસ્કૃતિક આહલેક જગાડવા પ્રયત્નશીલ સુપ્રસિદ્ધ લોકગાયક, પત્રકાર, લેખક, મુલાકાતી અધ્યાપક નીલેશ પંડ્યાનો આજે જન્મદિવસ છે. ઉપલેટાના સમઢિયાળા ગામના વતની અને રાજકોટને કર્મભૂમિ બનાવનાર નીલેશ પંડ્યાને છેલ્લાં ત્રીસ વર્ષથી શિક્ષિત અને યુવાવર્ગ સમક્ષ લોકસંગીતની પ્રસ્તુતિ અને સંશોધન-લેખન બદલ ખૂબ જ પ્રતિષ્ઠિત એવા કવિ દુલા ભાયા કાગ એવોર્ડ, પુષ્કર ચંદરવાકર એવોર્ડ, દીપચંદભાઈ ગારડી એવોર્ડ, ગુજરાત પ્રવાસન વિભાગ અને રાજકોટ મહાપાલિકા પ્રેરિત ઉત્કૃષ્ટ પ્રદાન એવોર્ડ, પ્રાઈડ ઓફ રાજકોટ, અતુલ્ય વારસો આઈડેન્ટિટી એવોર્ડ સહિત અનેક એવોર્ડ, સન્માન, પુરસ્કાર મળ્યા છે. તેમણે લોકસાહિત્યનાં છ મળીને સાત પુસ્તકો ગુર્જરી ગિરાને ચરણે ધર્યા છે. તેમનું લોકગીતો અને રસદર્શનનું પુસ્તક 'ચાંદો ઊગ્યો ચોકમાં' મુંબઈ યુનિવર્સિટીની ઓટોનોમસ કે.જે.સોમૈયા કોલેજના દ્વિતીય વર્ષ બી.એ. તથા બી.કોમ.ના અભ્યાસક્રમમાં સમાવાયું છે. ઉપરાંત જૂનાગઢની ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીએ લોકસાહિત્યનાં તેમનાં ત્રણ પુસ્તકો પ્રથમ વર્ષ બી.એ.માં રેફરન્સ બૂક તરીકે સમાવ્યાં છે. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા તેમના પુસ્તકને લોકસાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકનો દ્વિતીય પુરસ્કાર એનાયત થયો છે.

# ભોમેશ્વરમાં શિક્ષિકાના ભાડાના મકાનનું તાળું તોડી જેસીબી વડે તોડફોડ

## ૭૦ વર્ષથી ભાડા પટ્ટે રહેતા પરિવાર પાસે મકાનનો કબ્જો પડાવી લેવા માથાભારે પિતા-પુત્રો આણી ટોળકીએ આતંક મચાવ્યો

**મકાનનું તાળું તોડી, ગેરકાયદે પ્રવેશ કરી, ઘરવખરીનો સામાન બહાર ફેંકી દઈ દીવાલ અને છતને નુકસાન પહોંચાડ્યું : ગાંધીગ્રામ પોલીસ મથકમાં ગુનો નોંધાયો**

**અબતક, રાજકોટ**

શહેરના ભોમેશ્વર વિસ્તારમાં માથાભારે પિતા-પુત્ર સહીતની ત્રિપુટીએ જેસીબી સાથે ધસી આવી શિક્ષિકાના મકાનનું તાળું તોડી સામાન બહાર ફેંકી દઈ દીવાલ તોડી નાખી હતી. ૭૦ વર્ષથી ભાડા પટ્ટે રહેતા પરિવારને આ મકાન અમારું છે, ખાલી કરી દેજો કહી ટોળકીએ મકાનમાં તોડફોડ કરતા ગાંધીગ્રામ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ભોમેશ્વર પ્લોટ શેરી નં.-૧૩ માં રહેતી ૩૯ વર્ષીય શિક્ષિકા કેરોલબેન ઈગ્નેશભાઈ ડીસોઝાએ આરોપો તરીકે વિજય અગ્રાવત, ગોપાલ અગ્રાવત અને કરણ વિજય અગ્રાવતનું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસની ટીમે બીએનએસની કલમ ૩૩૨(સી), ૩૨૪(૨), ૫૪ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, મારા પરિવારમાં મારી દીકરી એંજલ (ઉ.વ.૧૪) અને એક દીકરો એરલ (ઉ.વ.૧૪) છે. સાથે રહું છું. મારા પતિ અમદાવાદ ખાતે રહે છે અને હું મારા બંને સંતાનો સાથે અહીં ભોમેશ્વર પ્લોટમાં રહું છું અને ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે કરું છું. ગઈ તા.૨૯/૧૨/૨૦૨૫ના બપોરના આશરે અઢી વાગ્યાની આસપાસ હું ગ્રીનલેનૂડ ચોકડી ખાતે કુરીયર આપવા માટે ગયેલ હતી. ત્યારે મારા પિતા ઈગ્નેશભાઈ જોનભાઈ ડિસોઝા (ઉ.વ.૬૯) નો મારા મોબાઈલમાં ફોન આવેલ કે, વિજય અગ્રાવત તથા તેના ભાઈ ગોપાલ અગ્રાવત અને કરણ અગ્રાવત જે.સી.બી. મશીન લઈને તું રહે છે તે ભાડાનું મકાન તોડવા માટે આવેલ છે અને તારા ઘરનુ તાળુ તોડે છે. જેથી હું ગ્રીનલેનૂડ ચોકડીથી મારા ઘરે પરત આવેલ હતી. ત્યાં જોતા કરણ અગ્રાવત અમારા મકાનની દિવાલ તોડતો હતો અને હું આવી તે પહેલા તેમણે મારા ઘરનુ તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી ઘરવખરીનો સામાન બહાર ફેકીને નુકસાન કરેલ હતું. હું ઘરે પહોંચતા મારો ઘરનો સામાન વેરવિખેર હાલતમાં જોવા મળેલ હતો અને મકાન ઉપરની છત તથા રસોડાની દિવાલ તુટેલી હાલતમાં જોવા મળેલ હતી. જેથી મેં કરણ અગ્રાવતને કહેલ કે, તમે આ મારા ઘરનો સામાન કેમ બહાર ફેકી દિધેલ છે ? રસોડાની તેમજ બાથરૂમની દિવાલ કેમ તોડેલ છે ? તેવુ પુછતા કરણના પિતા વિજય અગ્રાવતે જણાવેલ કે, આ ઘર મારું છે અને મેં તોડેલુ છે, મારા ઘરની દિવાલ કઈ રીતે તોડવી તે મને આવડે છે, તારે જ્યાં જાવું હોય ત્યાં જાજે. અહીં વિજય અગ્રાવતનો ભાઈ ગોપાલ અગ્રાવત પણ ત્યાં હાજર હતો. બાદ અમારી શેરીના માણસો ભેગા થઈ જતા ત્રણેય શખ્સોને સમજાવતા ત્રણેય ત્યાંથી જતા રહેલ હતા. વધુમાં શિક્ષિકાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, આ મકાનમાં અમે સીત્તેર વર્ષથી ૧૩ રૂપીયા ભાડેથી રહીએ છીએ. હાલ પણ અમે વાર્ષિક ભાડુ મકાનના માલીક નંદુબેન રામજીભાઈ વેકરીયા (રહે ભોમેશ્વર, રાજકોટ) ને પોસ્ટ ઓફિસ મારફતે મોકલીએ છિએ. ખરેખર આ મકાન નંદુબેન રામજીભાઈ વેકરીયાના નામે છે કે કેમ તેની અમને ખબર નથી. તેમજ અમને આજ દિન સુધી મકાન ખાલી કરવાની નોટીસ કે અન્ય કોઈ ટપાલ મળેલ નથી બનાવનું કારણ આપતાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ત્રણેક મહિના પહેલા વિજય અગ્રાવત અને ગોપાલ અગ્રાવત મારા ભાડાના મકાન ખાતે આવેલ અને અમને જણાવેલ કે, આ મકાન અમારું છે, તમે ખાલી કરી નાખજો. જેથી અમે તેમની પાસે મકાનના અધાર પુરાવા માંગતા આપેલ ન હતા. બાદ ગઈ તા.૨૯/૧૨/૨૦૨૫ ના રોજ હું મારા કામકાજ અર્થે બહાર હતી. ત્યારે ત્રણેય શખ્સોએ મારા ઘરનું તાળું તોડી ગેરકાયદે પ્રવેશ કરી ઘરવખરી બહાર ફેંકી જેસીબી વડે દીવાલ તોડી નાખતા શિક્ષિકાએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ત્રિપુટી વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે. બનાવની તપાસ હેડ કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ ગોહિલ ચલાવી રહ્યા છે.

# ચેક પરત ફરવાના કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદ

## ચેકની રકમ રૂ.૫૦ હજાર ફરીયાદીને વળતર પેટે ન ચુકવે તો વધુ છ માસની સજા

**અબતક,રાજકોટ**

મિત્રતાના દાવે હાથ ઉછીના લીધેલા રૂ.૫૦ હજારની ચુકવણી માટે આપેલો ચેક પરત ફરવાના કેસમાં કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ રૂ.૫૦ હજાર ફરીયાદીને વળતર પેટે ન ચુકવે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો છે.

રાજકોટમાં રહેતા વિપુલસિંહ રણજીતસિંહ વાઘેલાએ મિત્રતાના સબંધના દાવે આરોપી નંદલાલ મનસુખલાલ વ્યાસને વગર વ્યાજે હાથ ઉછીના રૂ.૫૦ હજાર આપ્યા હતા. જે લેણી રકમ પરત કરવા નંદલાલ વ્યાસે રૂ.૫૦ હજારનો ચેક આપ્યો હતો જે ચેક રીટર્ન થતા ફરીયાદી તરફથી આરોપીને નોટીસ આપવામાં આવેલ જે નોટીસ આરોપીને બજી જવા છતાં ચેક મુજબની રકમ ફરીયાદીને ચુકવી ન આપતા ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ કોર્ટમાં ચેક રીટર્ન અંગેનો ફોજદારી કેસ દાખલ કર્યો હતો. જે કેસ કોર્ટમાં ચાલી જતા ફરીયાદી પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ તમામ પુરાવા તથા તમામ જરૂરી દસ્તાવેજો અને ફરીયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો ધ્યાને લઈ કોર્ટે આરોપી નંદલાલ મનસુખલાલ વ્યાસને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ રૂ.૫૦ હજાર ફરીયાદીને વળતર પેટે ન ચુકવે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો છે.આ કામમાં ફરીયાદી વતી વકિલ મુકેશ આર. કેશરીયા, સંજયસિંહ આર. જાડેજા, રાજેશ એન. મંજુસા અને હાર્દિક એમ. પાઠક રોકાયા હતા.

# ટ્રક માલિકને ગ્રાહક અદાલતથી ન્યાય મળ્યો

## અકસ્માત થી થયેલા નુકસાની નું વળતર વીમા કંપનીએ રૂ.૧.૦૩ લાખ ચૂકવવા આદેશ

**અબતક , રાજકોટ**

માળિયા મિયાણા - મોરબી ધોરી માર્ગ પર ટ્રકે એકાએક બ્રેક મારતા સર્જાયેલા અકસ્માતમાં પાછળના વાહનને થયેલ નુકસાનીનો વીમો નહિ ચુકવ્યાની ફરિયાદમાં ગ્રાહક તકરાર નિવારણ આયોગે રૂ. ૧.૦૩ લાખ ૬ ટકા વ્યાજ સાથે સમય મર્યાદામાં ન ચૂકવે તો ૯ ટકા વ્યાજ ચાલુ કરી દેવાનો હુકમ કર્યો છે.આ કેસની હકીકત એવી છે કે મોરબી ત્રાજપરના વતની પરેશભાઈ મનુભાઈ ગોલતર પોતાનું વાહન લઈને માળિયા મિયાણાથી મોરબી આવતા હતા, ત્યારે આગળ જતાં ટ્રકના ડ્રાઈવરે ઓચીંતાની બ્રેક મારતા થયેલા અકસ્માતમાં પરેશભાઈ મનુભાઈ ગોલતરના વાહનને નુકશાન થયેલ અને તેનો કુલ ખર્ચ રૂ. ૧.૨૨ લાખ થયેલ. પરેશભાઈ ગોલતરે વાહનનો વીમો રોયલ સુંદરમ ઈન્સ્યોરન્સમાંથી લીધેલ હોય, આથી તેમણે નુકસાનનો વીમો મેળવવા માટે તમામ કાગળો રજૂ કરવા છતા રેપ્યુડ લેટરથી ફરીયાદીના કલેઈમમાં એવું કારણ આપેલ કે ‘‘ગૂગલ ટાઈમ લાઈનથી અકસ્માત સમયે ફરીયાદી હાજર નહોતા, તેથી વીમો મળે નહીં’’ વીમા કંપનીના આવા જવાબથી પરેશભાઈ મોરબી શહેર જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ મારફત સાથે મોરબી જિલ્લા ગ્રાહક અદાલતમાં ફરિયાદ કરી હતી. તેમાં ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા કરવામાં આવેલ રજૂઆતો અને દલીલો ધ્યાને લઈ ગ્રાહક અદાલતે કહ્યું હતું કે વીમા કંપની રેપ્યુડ લેટરથી બહારનો કોઈ બચાવ કરી શકે નહીં, ફરીયાદી હાજર હોય કે ના હોય વાહનનો વીમો છે તેને પ્રિમિયમ ભરેલ છે તેમજ સર્વેયરે નુકશાનીનો આંકડો રૂ. ૧,૦૩,૭૨૮/- આપેલ છે, છતાં વીમો ન ચૂકવવો તે વીમા કંપનીની સેવામાં ખામી છે. તેથી વીમા કંપનીએ પરેશભાઈ મનુભાઈ ગોલતરને રૂ. ૧૦૩૭૨૮/ તથા ૫૦૦૦ ખર્ચના તારીખ ૧૫/૦૩/૨૫થી છ ટકા લેખે ચુકવવાના અને સમય મર્યાદામાં કવવામાં નહી આવે તો નવ ટકા લેખે ચુકવવાનો આદેશ કરવામાં આવેલ છે.

# માલીયાસણની જમીન માલિકીનો દાવો નીચલી કોર્ટે રદ કર્યા સામેની અપીલમાં ઢીલ માફીની વાદીની અરજી રદ

**અરજદાર પોતાના હક પ્રત્યે સજાગ ન હતા અને વિલંબમાટે યોગ્ય કારણ રજૂ કરવામાં નિષ્ફળ ગયા :કોર્ટ**

**અબતક,રાજકોટ**

માલીયાસણની કીંમતી જમીન સંદર્ભે માલિકીનો દાવો નીચલી કોર્ટે રદ કર્યા સામેની અપીલમાં ૨૦૦૦ દિવસનો વિલંબ માફ કરવાની અરજી મૂળ વાદીની બેદરકારીના કારણોસર ફગાવી દેવામાં આવી છે.આ કેસની હકીકત મુજબ, માલીયાસણ વિસ્તારની કીંમતી જમીન સંદર્ભે અરજદાર અશોકભાઈ દેવશીભાઈ દુધાત્રાએ સામાવાળા અશોકભાઈ ડાયાભાઈ કોટેચા અને અન્યોની સામે માલિકી અંગેનો દિવાની દાવો વર્ષ ૨૦૧૧માં દાખલ કર્યો હતો. જે દાવો રાજકોટની સિવિલ કોર્ટે તારીખ ૨૬/ ૦૮/ ૨૦૧૫ના રોજ નામંજુર કરેલ હતો. દરમિયાન આ હુકમ સામે અપીલ દાખલ કરવામાં અરજદારને ૨૦૦૦ દિવસનો (૫.૫ વર્ષ) જેટલો વિલંબ થયો હતો, જે માફ કરવા માટે ’લિમિટેશન એક્ટ’ની કલમ-૫ હેઠળ સિવિલ પરચુરણ અરજી નં. ૨૦૮/૨૦૨૩ દાખલ કરવામાં આવી હતી. જે અરજીના સમન્સ સામાવાળા અશોકભાઈ કોટેચાને બજતા સામાવાળા વતી ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલે આ અરજીના વાંધા રજુ કર્યા હતા. અરજદાર પક્ષે આ અરજીના સંદર્ભમાં એવી દલીલ કરવામાં આવી કે, અરજદાર અભણ ખેડૂત છે અને તેમણે તેમના વકીલ પર વિશ્વાસ રાખ્યો હતો, પરંતુ તેમના વકીલ દ્વારા કેસના પરિણામની જાણ કરવામાં આવેલ ન હતી. સામાવાળાઓ પક્ષે ધારાશાસ્ત્રી અર્જુનભાઈ પટેલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે અરજદાર અન્ય કોર્ટ કાર્યવાહીઓ (જેમ કે તેમની બહેનો દ્વારા કરાયેલ પાર્ટિશન સ્યૂટ)માં પક્ષકાર હોવાથી તેઓ કેસની સ્થિતિથી સારી રીતે વાકેફ હતા. તેમજ ૨૦૦૦ દિવસ જેવા લાંબા સમય સુધી અરજદારે પોતે પણ કેસની તપાસ કરવા માટે કોઈ તત્પરતા દાખવી ન હતી. આમ, સેશન્સ અદાલતે બંને પક્ષોની દલીલો , ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓને ધ્યાને લેતા એવું ઠરાવ્યું કે માત્ર વકીલ પર દોષારોપણ કરવાથી અસાધારણ વિલંબ માફ કરી શકાય નહીં. અરજદારે પોતે પણ પોતાના કેસ પ્રત્યે જાગૃત રહેવું જોઈએ તેમજ વર્ષ ૨૦૧૩માં અરજદાર દ્વારા જુબાની આપ્યા બાદ અરજદાર સીધા ૨૦૨૩માં કોર્ટમાં આવ્યા છે, જે દર્શાવે છે કે અરજદાર પોતાના હક પ્રત્યે સજાગ ન હતા. આમ, અરજદાર વિલંબ માટે કોઈ યોગ્ય કારણ રજૂ કરવામાં નિષ્ફળ ગયા છે અને પરિણામે અરજદારની ૨૦૦૦ દિવસના વિલંબને માફ કરવાની અરજી રદ કરવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં સામાવાળા તરફે રાજકોટના વિદ્વાન ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ. પાનસુરીયા, આકાંક્ષા એચ. રાજદેવ તથા જાનવી જે. વિરાણી રોકાયા હતા.

# ઓમનગર નજીક પૂનમ ટીમ્બર્સની ઓફિસના ડ્રોઅરમાંથી ચાર લાખની રોકડની ચોરી

**પ્લાયવુડની દુકાન ધરાવનાર વેપારીએ મિત્રને આપવા માટે રોકડ રકમ ઓફિસમાં રાખી’તીઃ સીસીટીવી ફૂટેજના આધારે તપાસ**

**અબતક, રાજકોટ**

૧૫૦ ફૂટ રીંગરોડ પર બીઆરટીએસ બસ સ્ટેશન સામે આવેલી પૂનમ ટીમ્બર્સ નામની દુકાનમાંથી તસ્કરે ત્રાટકી ટેબલના ખાનામાં રાખેલ રોકડ રૂ.૪ લાખની ચોરી કરી લીધા અંગે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી છે. ચોરીના આ બનાવનો ભેદ ઉકેલવા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે.

ચોરીના આ બનાવ અંગે સંજયભાઈ ગણેશભાઈ નંદાણીયા(ઉ.વ.૩૬ રહે. પૂનમ સોસાયટી,ઓમનગર મેઈન રોડ,બ્લોક નં.૬૧) નામના વેપારી દ્વારા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી છે. વેપારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમને ૧૫૦ ફૂટ રીંગરોડ પર ઓમનગર બીઆરટીએસ બસ સ્ટેશનની સામે પુનમ ટીમ્બર્સ નામની પ્લાયવુડની દુકાન ચલાવે છે. આ દુકાન વર્ષ ૧૯૮૮ માં વેપારીના પિતાએ લીધી હતી. આ પહેલા દુકાનમાં સેન્ટ્રીંગના સામાન ભાડે આપતા હતાં વર્ષ ૨૦૧૮ થી ફરિયાદી દુકાનમાં ટીમ્બર માર્ટ ચલાવે છે. અહીં દુકાનમાં મુકેશભાઈ નામનો કર્મચારી છેલ્લા ૧૩ વર્ષથી કામ કરે છે

વેપારીએ ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, તેના મિત્ર વિવેક વાડોદરીયા(રહે. ઓમનગર) પાસેથી ૨૦ દિવસ પહેલા વેપાર માટે રૂ.૪ લાખ ઉછીના લીધા હતાં. જે પરત આપવાના હોય જેથી ગઈ તા.૨૬/૧૨ ના રોજ સવારે વેપારી ઓફિસ ગયા બાદ આરડીસીબી બેંકની મવડી ચોકડી પાસેની બ્રાંચમાંથી ચેક દ્વારા પૈસા ઉપડયા હતાં. પરંતુ તે દિવસે વિવેકભાઈ પૈસા લેવા ન આવતા રૂ.૪ લાખ ઓફિસના ડ્રોઅરમાં રાખ્યા હતાં. ત્યારબાદ તા. ૩૦/૧૨ ના વિવેકભાઈ પૈસા લેવા આવવાના હોય પરંતુ તે આવ્યા ન હતાં. દરમિયાન વેપારીને કામ હોવાથી તેઓ ઓફિસેથી વહેલા સાંજના ૬:૩૦ કલાકે નીકળી ગયા હતાં. દુકાનનું શટર બંધ કર્યું હતું પરંતુ ઉતાવળમાં રોકડ રૂ.૪ લાખ ઓફિસના ડ્રોઅરમાં જ રાખી દીધા હતાં.

બાદમાં ગઈકાલે સવારના દુકાનમાં કામ કરનાર મુકેશભાઈનો ફોન આવ્યો હતો કે, ઓફિસમાં બધો સામાન વેરવિખેર પડયો છે અને ટેબલના ખાના પણ ખુલ્લા છે. જેથી વેપારી સંજયભાઈ તુરંત દુકાને પહોંચ્યા હતાં. અહીં આવી જોતા ટેબલના ખાનામાં પર્સમાં રાખેલા રોકડ રૂ.૪ લાખ જોવા મળ્યા હતાં. જેથી રાત્રીના કોઈ શખસે દુકાનના પ્રવેશ કરી દુકાનમાં ટેબલના ખાનામાં રાખેલ રોકડ રૂ.૪ લાખની ચોરી કરી ગયા અંગે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગે તાલુકા પોલીસ મથકના પીઆઈ ડી.એમ.હરીપરાની રાહબરી હેઠળ પીએસઆઈ બી.આર.ભરવાડ તથા ટીમે સીસીટીવી ફૂટેજના આધારે આ ચોરીના બનાવનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી છે.

# નવાગામમાં મકાનમાં ચાલતું જુગારધામ ઝડપાયું

## રૂ.૪૨ હજારની રોકડ સાથે, બે મહિલા સહિત પાંચ પત્તા પ્રેમી પકડાયા

**અબતક,રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા નવાગામ (આણંદપર)માં આવેલી ન્યુ શકિત સોસાયટીમાં મકાનમાં ચાલતા જુગાર ધામ પર બી ડિવિઝન પોલીસને ટીમે જુગારનો દરોડો પાડી , જુગાર રમતી બે મહિલા સહિત પાંચ પત્તા પ્રેમીને ઝડપી લઈ, જુગારના પટમાંથી રૂ. ૪૨ હજારની રોકડ કબ્જે કરી છે.પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બી. બી ડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, નવાગામમાં આવેલી આવેલી ન્યુ શક્તિ સોસાયટીમાં રહેતો અને ઈમિટેશનનો ધંધો કરતો હરેશ વીહાભાઈ પરાલીયા તેના મકાનમાં જુગારધામ ચલાવી રહ્યો છે. બાતમીના પગલે પોલીસે દરોડો પાડી જુગાર રમતા હરેશ વિહાભાઈ પરાલીયા ,રાજ બહાદુર નિરપત નાયક, મહેન્દ્ર કરણાભાઈ કરેઠા, નજમાબેન મહેબુબભાઈ જુણેજા અને ભાવિતાબેન મુકેશભાઈ વિષ્ણુ સ્વામી નામના પત્તા પ્રેમીઓને ઝડપી લઈ, જુગાર ના પટમાંથી રૂ.૪૨ હજારની રોકડ બી ડિવિઝન પીએસઆઈ એ બી ચૌધરી અને હેડ કોન્સ્ટેબલ નરેશભાઈ ચાવડા સહિતના સ્ટાફે કબ્જે કરી છે.


જા.નં.: તા.:

**મોરબી મહાનગરપાલિકા**

**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી.ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ત્રાજપર પાસે મેલેરિયા બિલ્ડીંગ બનાવવાનું કામ | ૪૫૦૦/- | ૧,૦૦,૦૪૮/- | ૧.૦૦ કરોડ |
| ૨ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અરુણોદય સર્કલ પાસે પાસે આવેલ વરસાદી પાણીના નિકાલ માટે બોક્ષ ડ્રેઈન નાખવાનું કામ.(બીજો પ્રયત્ન) | ૪૫૦૦/- | ૧,૨૫,૧૫૪/- | ૧.૨૫ કરોડ |
| ૩ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ભૂગર્ભ ગટરના પમ્પિંગ સ્ટેશનનું વિતરણ અને અપગ્રેડેશનનું કામ (ચોથો પ્રયત્ન) | ૧૮૭૫/- | ૨૭,૩૨૬/- | ૦.૨૮ કરોડ |
| ૪ | DEVELOPMENT AND BEAUTIFICATION OF RANIBAUGH GARDEN | ૪૫૦૦/- | ૨,૨૧,૧૧૬/- | ૨.૨૧ કરોડ |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | | તા.૧૫/૦૧/૨૦૨૬ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | | |
| ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | | તા.૨૨/૦૧/૨૦૨૬ ના ૧૮:૦૦ ક લાક સુધી, નાયબ કમિશનર (પ્રો), મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી | | |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | | તા.૨૩/૦૧/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ ક લાક | | |
| પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | | તા.૨૩/૦૧/૨૦૨૬ ના રોજ ૦૧:૦૦ ક લા ક | | |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www. https://tender.nprocure.com/ વેબસાઇટ ઉપર તા.૦૧/૦૧/૨૦૨૬ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

નાયબ કમિશનર (પ્રોજેક્ટ)
મોરબી મહાનગરપાલિકા

માહિતી -રાજ- ૧૫૩૭ -૨૦૨૫-૨૦૨૬


# ૬૦ લાખની ઉચાપતના ગુનાના રિદ્ધિ સિદ્ધિ ઈન્વેસ્ટમેન્ટના સંચાલક પલક કોઠારીને પાંચ વર્ષની સજા

## શેરબજારમાં રોકાણમાં ઊંચા વળતરની લાલચ આપી અનેક લોકો સાથે છેતરપિંડી કરી

**અબતક , રાજકોટ**

શહેરના જાણીતા સાધના ભેળવાળા દીપક પ્રેમજીભાઈ ટાંક સહીતનાઓને શેરબજારમાં રોકાણમાં ઊંચા વળતરની લાલચ આપી ૬૦ લાખની ગુન્હાહીત ઉચાપત કરવાના જીપીઆઈડી હેઠળના ગુનાના કેસમાં અદાલતે રિદ્ધિ સિદ્ધિ ઈન્વેસ્ટમેન્ટવાળા પલક કોઠારીને પાંચ વર્ષની સજા ઉપરાંત એક લાખનો દંડ ફરમાવ્યો છે. કેસની હકીકત મુજબ, સાધના ભેળવાળા દીપક પ્રેમજીભાઈ ટાંક અને સાહેદ રાહુલ સિધ્ધપુરાનો વિશ્વાસ કેળવી રિધ્ધિ સિધ્ધિ ઈન્વેસ્ટમેન્ટ કંપનીના પ્રોપ્રાઈટર પોતાની કંપનીમાં રોકાણ કરવાથી વધુ વળતર નફો અપાવવાની લાલચ આપી રોકાણ કરાવી દર મહીને વળતર કે રોકાણ કરેલ રકમ નહીં આપી બદદાનતથી રૂા. ૬૦ લાખ ઓળવી જઈ વિશ્વાસઘાત કરી ઠગાઈ કર્યા અંગેની આરોપી પલક પફુલભાઈ કોઠારી વિરૂધ્ધ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરાવેલ હતો. જે કામે તપાસના અંતે ચાર્જશીટ થતા કેસ સ્પેશ્યલ કોર્ટમાં ચાલવા પર આવતા સરકારપક્ષ તથા મુળ ફરીયાદ પક્ષે કુલ ૫૭ ડોકયુમેન્ટસ દસ્તાવેજી પુરાવા સ્વરૂપે રજુ કરી ૬ સાહેદો તપાસી દલીલો કરવામાં આવેલી, જેમાં આરોપીએ ફરીયાદી તથા સાહેદો જોગ કરી આપેલ એગ્રીમેન્ટ, આરોપી વિરૂધ્ધ પાંચથી વધારે આ પ્રકારના ગુન્હાઓ દાખલ થયેલ છે, એ રીતે ફરીયાદપક્ષ/પ્રોસિકયુશને આરોપી વિરૂધ્ધનું તહોમત મજબુત પુરાવાઓથી સાબિત કરેલ છે, જેથી આરોપીને મહતમ સજા અને દંડ કરવા રજુઆતો કરવામાં આવી હતી.આમ તમામ પક્ષોની રજુઆતો, રેકર્ડ પરનો દસ્તાવેજી પુરાવો લક્ષે લેતા આરોપી તરફેનો કોઈ બચાવ ટકવાપાત્ર નથી જી.પી.આઈ.ડી. એકટની સ્પેશ્યલ કોર્ટ પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક જજે બંને કલમો હેઠળ. પાંચ પાંચ વર્ષની સજા અને રૂા.૧ લાખનો દંડ અને દંડની રકમ ન ભરે તો વધુ છ માસની સજા ફરમાવતો ચુકાદો આપ્યો છે. આ કેસમાં ફરિયાદી સાહેદો વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કુલાલ શાહી, ચેતન ચોવટીયા, યુવરાજ વેકરીયા, જસ્મીન દુધાગરા, ભાવીન ખુંટ, જય પીઠવા, સાહીલ કંટારીયા તથા મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ તથા સરકાર પક્ષે એસ.કે. વોરા અને કમલેશ ડોડીયા રોકાયા હતા.


**પશ્ચિમ રેલવે રાજકોટ મંડળ**

**ઈલેક્ટ્રિકલ કામ**

**ટેન્ડર નોટિસ ક્રમાંક: DRM/RJT/E-Tender/2025-2026/43 (EL) તારીખ: ૩૦.૧૨.૨૦૨૫ ટેન્ડર ક્રમાંક: (i) DRM/RJT/EL/2025-2026/43 કામનું નામ: (a)** રાજકોટ મંડળ - હાપા પીએફ નંબર ૧ અને ઓખા પીએફ નંબર ૧=૧૪૩૧ RM પર બેલાસ્ટ લેસ ટ્રેકની જોગવાઈ (b) રાજકોટ મંડળ: ટ્રેક મશીન સાઈડિંગ્સ પર સ્ટાન્ડર્ડ પાવર સપ્લાય સોકેટ્સની જોગવાઈ. (ii) **આશરે કિંમત:** રૂ.૧,૯૯,૧૧,૭૭૯.૬૫/- (iii) **ઈએમડી કિંમત:** રૂ.૨,૪૯,૬૦૦/- (iv) **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય:** ૨૧.૦૧.૨૦૨૬ થી ૧૫.૦૦ કલાક સુધી **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ ૩૬૦૦૦૧ **વેબસાઈટ વિગતો:** “www.ireps.gov.in” RJT 174

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# ચેક રિટર્ન કેશનો વોન્ટેડ સુલતાનપુર ગામેથી ઝડપાયો

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના મોટી ખીલોરી ગામે રહેતો વિજય હરેશભાઈ જાદવ નામના શખ્સ વિરુદ્ધ ગાંધીનગર કોર્ટમાં ચેક રિટર્નનો કેશ ચાલતો હતો જેમાં વિજય ને કોર્ટે સજાનો હુકમ કરતા,તે કોર્ટના હુકમની અવગણના કરી છેલ્લા ચાર મહિનાથી નાસતો હતો. જે દરમિયાન સુલતાનપુર પોલીસની ટીમને બાતમી મળી હતી કે, વિજય જાદવ અત્યારે સુલતાનપુર ગામે આવેલા મોટાસખપર રોડ પર આવેલા હનુમાનજીના મંદિર પાસે હોવાની બાતમી મળી હતી. સુલતાનપુર પોલીસ માહિતી સ્થળે પહોંચી વિજય હરેશભાઈ જાદવને ઝડપી લઈ ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરી સુલતાનપુર પીઆઈ જે એ ખાચર, હેડ કોન્સ્ટેબલ અર્જુનભાઈ દવેરા અને કોન્સ્ટેબલ વિજયભાઈ સરીયા સહિત બતાવી છે.


**The Co-Operative Bank of Rajkot Ltd.**
Raj Bank
Multi State Co-Operative Bank

**મવડી ચોકડી શાખાના લોકર ધારકો જોગ અગત્યની સૂચના**

બેંકની મવડી ચોકડી શાખાના તમામ માનવંતા લોકર ધારકોને જાણ કરવાની કે, બેંકની મવડી ચોકડી શાખાનું તા. ૨૩.૦૨.૨૦૨૬ ને સોમવારથી અદ્યતન સુવિધાઓ સાથે **ભોજલરામ સોસાયટી, શેરી નં. ૨ નો ખૂણો, બિલિપત્ર પ્રાઈમની સામે, બાપા સીતારામ ચોક પાસે, મવડી, રાજકોટ** ખાતે સ્થળાંતર થનાર છે.

બેંકની મવડી ચોકડી શાખાના તમામ માનવંતા લોકર ધારકોને જાણ કરવાની બેંકની મવડી ચોકડી શાખાના લોકરનું તા. ૨૩.૦૨.૨૦૨૬ થી તા. ૦૭.૦૩.૨૦૨૬ દરમ્યાન અદ્યતન સુવિધાઓ સાથેના ઉપર જણાવેલ સ્થળે સ્થળાંતર થનાર હોવાથી આપ આપનું લોકર તા. ૨૩.૦૨.૨૦૨૬ થી તા. ૦૭.૦૩.૨૦૨૬ સુધી ઓપરેટ કરી શકશો નહીં, જેની ખાસ નોંધ લેશો. (આ સમયગાળામાં કોઈપણ ફેરફાર થશે તો તે અંગેની જાણ અલગથી કરવામાં આવશે.)

તા. ૦૯.૦૩.૨૦૨૬ થી મવડી શાખાના ઉપર જણાવેલ નવા સ્થળથી આપ આપનું લોકર નિયમિતપણે ઓપરેટ કરી શકશો.

આ અનુસંધાને માનવંતા લોકર ધારકોને જણાવવાનું કે, આપ આપના લોકરમાં કંઈપણ જાતની ફેરબદલ કરવા માંગતા હોય કે ટ્રાન્સફર દરમ્યાન કોઈપણ જાતનું નુકસાન થાય તેવો સામાન લોકરમાં હોય તો આપ તા. ૨૧.૦૨.૨૦૨૬ સુધીમાં કાઢી જશો અને આ માટે આપની અનુકુળતા મુજબ વહેલીતકે બેંકની શાખાનો રુબરુ સંપર્ક કરી જરુરી કાર્યવાહી કરાવી જશો. અન્યથા આપનું લોકર નવી શાખામાં ટ્રાન્સફર કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેશો.

વધુમાં બેંકીંગ સેવાઓ અંગેની કોઈપણ જાતની માહિતીની જરુરિયાત હોય તો નીચે જણાવેલ અધિકારીનો સંપર્ક કરી જરુરી માહિતી મેળવી શકશો.

| શાખા ઈન્ચાર્જ | ઝોનલ હેડ |
|---|---|
| કલ્પેશ ગજેરા | ધર્મેન્દ્ર જાડેજા |
| મો.નં. ૯૬૨૪૦ ૮૨૮૦૦ | મો.નં. ૭૬૦૦૦ ૨૪૯૩૫ |

જુલી સાવલિયા
ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર

'Sahakar Sarita', Panchnath Road, Rajkot - 360 001 (Gujarat)
0281 - 2234454 / 2224120 Fax: 0281 - 2236682 info@tcbrl.com tcbrl.com

તંત્રી લેખ

# સાયબર ફ્રોડ સામે સાવચેતી જ સૌથી મોટું શસ્ત્ર

અંગ્રેજોના નવા વર્ષમાં સાયબર ફ્રોડથી સચેત રહેવા માટે નાગરિકો સતત સાવચેત રહેવું પડશે.

સાયબર ગુનાઓ સામે સાવચેતી એ જ સૌથી મોટું શસ્ત્ર છે.

ટેકનોલોજીના માધ્યમથી નાગરીકોને સુરક્ષા આપવા સાયબર ક્રાઈમ ટીમ તો કાર્યરત છે જ પણ લોકોએ પણ થોડી ખેવના રાખવી પડશે. ડિજિટલ યુગમાં ટેકનોલોજીના માધ્યમથી આચરવામાં આવતા આવા ગંભીર ગુનાઓ સામે સાવચેતી ખૂબ જરૂરી છે.નવા વર્ષના હર્ષોલ્લાસ વચ્ચે રાજ્યના નાગરિકો ડિજિટલ છેતરપિંડીનો ભોગ ન બને તે માટે સચેત રહેવુ પડશે.સરકાર ટેકનોલોજીના માધ્યમથી તમામ નાગરીકોને સુરક્ષા પૂરી પાડી રહી છે, પરંતુ નાગરિકોએ પણ તકેદારી રાખવી જરૂરી છે. જો કોઈ નાગરિક આકસ્મિક રીતે સાયબર ફ્રોડનો ભોગ બને, તો વિલંબ કર્યા વગર તુરંત ૧૯૩૦ નંબર પર કોલ કરીને પોતાની ફરિયાદ નોંધાવવાથી સાયબર ફ્રોડને અટકાવી શકાય છે.

છેલ્લા કેટલાક દિવસોથી વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શંકાસ્પદ લિંક્સ ફરતી થઈ છે. જેમાં તમારા નામનું સ્પેશિયલ કાર્ડ જુઓ અથવા ફ્રી ગિફ્ટ મેળવવા લિંક ખોલો જેવા આકર્ષક મેસેજ વાસ્તવમાં સાયબર ક્રિમિનલ્સની જાળ હોઈ શકે છે.આ પ્રકારની અજાણી લિંક પર ક્લિક કરવાથી ફોનમાં વાયરસયુક્ત ફાઈલ ડાઉનલોડ થઈ શકે છે. આ વાયરસ તમારા સ્માર્ટફોનનો સંપૂર્ણ કંટ્રોલ હેકર્સને આપી દે છે. તમારી એક નાની ભૂલના કારણે બેંક એકાઉન્ટની વિગતો, ઓટીપી , ખાનગી ફોટા અને અંગત માહિતી જોખમમાં મુકાઈ શકે છે.

કોઈપણ પ્રકારના સાયબર ફ્રોડથી બચવા માટે શુભેચ્છાઓ પાઠવવા માટે માત્ર સાદા ટેક્સ્ટ મેસેજ, ફોટા કે વિડીયોનો જ આગ્રહ રાખવો. કોઈ પણ શંકાસ્પદ લિંક પર ક્લિક ન કરવું અને કોઈપણ થર્ડ પાર્ટી એપ્લિકેશન 'ઈન્સ્ટોલ' કે 'અપડેટ' નહીં કરવી. તદુપરાંત, અજાણ્યા સ્ત્રોત દ્વારા મોકલવામાં આવેલી કોઈપણ ફાઈલ ડાઉનલોડ કરવી નહીં.

# યુવા ભાજપ-રઘુવંશી અગ્રણી કેયુર અનડકટનો આજે જન્મદિવસ



રઘુવંશી યુવા અગ્રણી અને રાજકોટ શહેર યુવા ભા.જ.પ. પૂર્વ મંત્રી કેયુર અનડકટ આજે જન્મ દિન છે. તેઓનો જન્મ વાંકાનેર તાલુકા ખીજડીયા ગામે તા. ૦૧/૦૧/૧૯૯૧ ના રોજ જન્મ થયો હતો.

છેલ્લા દોઢ દાયકાથી તેઓ રાજકોટ શહેરમાં લોકસેવાર્થે સ્થાયી થઈ રાજકોટને પોતાની કર્મભુમી બનાવી જાહેર જીવનમાં રહી ભા.જ.પ.ની વિચારધારા સાથે જોડાય શહેર યુવા ભા.જ.પ. મંત્રી પદે જવાબદારી નિભાવી હતી.લોકસભા, વિધાનસભા, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીઓમાં પણ પદાધિકારીઓ અને ભા.જ.પ. અગ્રણીઓના માર્ગદર્શન હેઠળ સુપેરે વિવિધ જવાબદારીઓ ખંતપૂર્વક અને ઉત્સાહભેર નિભાવેવ, તેમના પિતા સ્વ. રસીકલાલ અનડકટ જુના જનસંઘી, સૌરાષ્ટ્ર ભા.જ.પ. ના અગ્રણી અને વાંકાનેર ભા.જ.પ. ના પાયાના પથ્થર હતા. સ્વ. રસીકલાલ અનડકટે રઘુવંશી સમાજને એક્ત્રીત કરવા અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેનાની સ્થાપના કરેલ. કેયુર અનડકટ પોતાના પિતા સ્વ. રસીકલાલ અનડકટના ચિંધ્યા માર્ગે જાહેર જીવનમાં ચાલી સક્રિયપણે લોકસેવાના કાર્યોને આગળ ધપાવી રહ્યા છે.

આજે તેમના જન્મ દિવસે રાજકીય આગેવાનો, સહકારી ક્ષેત્રના આગેવાનો, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અને કાર્યકર્તા દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી તેઓનાં મો.નં. ૯૪૨૬૪ ૮૦૨૮૦ પર શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

# રણછોડદાસજી બાપુ ચેરી. ટ્રસ્ટ દ્વારા ૨૪મીએ વિકલાંગ બાળકો માટે સારવાર કેમ્પ



**અબતક, રાજકોટ**

રણછોડદાસ બાપુ આશ્રમ સદગુરુ સદન ટ્રસ્ટ રાજકોટ દ્વારા વિકલાંગ બાળકો, યુવાનો, વૃદ્ધો તથા જન્મજાત ખોડખાંપણ ધરાવતા વ્યક્તિઓ માટે એક વિશેષ નિઃશુલ્ક સારવાર અને ઓપરેશન કેમ્પનું આયોજન ૨૪ જાન્યુઆરી ૨૦૨૬, શનિવારના રોજ કરવામાં આવ્યું છે. જે દિવ્યાંગ બાળકો પાસે વિકલાંગતાનું પ્રમાણપત્ર હોય, તેમના હાથ-પગની ખામી કે અન્ય તકલીફો માટેના ઓપરેશન તદ્દન મફત કરી આપવામાં આવશે. આ કેમ્પનો હેતુ દિવ્યાંગોને શારીરિક રીતે સક્ષમ બનાવી તેમના જીવનમાં નવો આશાવાદ જગાવવાનો છે.

આ કેમ્પ અંતર્ગત પસંદગી પામેલા દર્દીઓને ઓપરેશન માટે સુરત લઈ જવામાં આવશે, જ્યાં તેમના રહેવા તથા જમવા સહિતની તમામ સુવિધાઓ સંસ્થા દ્વારા નિઃશુલ્ક પૂરી પાડવામાં આવશે. આ સેવાનો લાભ લેવા ઈચ્છતા જરૂરિયાતમંદ લોકોએ અથવા તેમના વાલીઓએ વધુ માહિતી અને રજિસ્ટ્રેશન માટે મોબાઈલ નંબર ૯૫૮૬૩૦૮૧૭૮ પર સંપર્ક કરવા જણાવાયું છે. માનવ સેવાના આ કાર્યમાં જોડાઈને મહત્તમ લોકો લાભ લે તેવો અનુરોધ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે.

# માત્ર કેનવાસ નહી સંવેદનાઃ ગુજરાતના કલાકારોએ કલાને બનાવ્યું સેવાનું માધ્યમ

## પેન્ટર્સએ ૧૫૦ પેઈન્ટીંગ બનાવી વિદેશના કેર હોમ્સમાં રહેતા વડીલોને ભેટ આપી



**અબતક, રાજકોટ**

ગુજરાતીઓ માટે કલા માત્ર અભિવ્યક્તિ નથી, પરંતુ સેવા અને સંસ્કારનો માર્ગ છે. આ વિચારને વૈશ્વિક મંચ પર સાકાર કરી રહ્યું છે યુકે સ્થિત ક્રિએટીવ આર્ટ કેમ્પ્સ દ્વારા શરૂ કરાયેલ અનોખું અને હૃદયસ્પર્શી પ્રોજેક્ટ ''કેનવાસ ફોર કેર.

આ પ્રોજેક્ટ હેઠળ ૧૫૦ સુંદર હસ્તનિર્મિત પેઈન્ટિંગ્સ તૈયાર કરવામાં આવી છે, જેમાં ૧૦૦ પેઈન્ટિંગ્સ ક્રિએટીવ આર્ટ કેમ્પ્સ ના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયા અને ૫૦ પેઈન્ટિંગ્સ ગુજરાતના જાણીતા વ્યાવસાયિક કલાકારો નેહા તિવારી, પરેશકુમાર કાકડિયા, જિગ્નેશ પટેલ અને યશ પટેલ દ્વારા તૈયાર કરાયા, જિગ્નેશ પટેલ અને યશ પટેલ બંને ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર છે, જેમણે અગાઉ પણ ગુજરાત અને ભારતનું નામ વૈશ્વિક સ્તરે ઉજાગર કર્યું છે. યુકે અને યુએસએના કેર હોમ્સમાં રહેતા વડીલોને આ ક્રિસમસે આનંદ, સ્નેહ અને ભાવનાત્મક સહારો આપવો. આ તમામ પેઈન્ટિંગ્સનું લંડનમાં પ્રથમ વિશાળ પ્રદર્શન ૨૯ ડિસેમ્બર હાઉન્સ્લો ખાતે યોજાયું. ગુજરાતી સંચાલિત અમેરિકન કંપનીઓ આજે માત્ર વ્યવસાયમાં નહીં, પરંતુ માનવતા અને સમાજસેવામાં પણ આગેવાન છે.

# સ્વામિનારાયણ ગુરૂકુલ પ્રાથમિક શાળામાં રેડ ડે ની ઉજવણી



**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ ગુરૂકુલ પ્રાથમિક શાળામાં નર્સરીથી ધોરણ ૦૮ માં રેડ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. નાનાં બાળકોમાં રંગોની ઓળખ અને ઉત્સાહ વધારવાના હેતુથી રેડ ડે સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર શાળા લાલ રંગની થીમથી સજાવવામાં આવી હતી.

બાળકો લાલ રંગના કપડા, રમકડાં અને વિવિધ વસ્તુઓ સાથે ખૂબ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં જોડાયા હતા. શિક્ષકોએ લાલ રંગનું મહત્વ સમજાવ્યું તેમજ કવિતાઓ, ગીતો અને રમતો દ્વારા બાળકોને રંગોની ઓળખ કરાવવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન બાળકોમાં આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો. અંતમાં શાળાના આચાર્યશ્રી, એચ.ઓ.ડી. એ જણાવ્યું કે આવા કાર્યક્રમો બાળકોના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# વી.એમ. મહેતા ઈન્સ્ટિટયુટના આયુર્વેદ કેમ્પમાં ૯૫ દર્દીઓને સેવા લાભ આપ્યો

## ડોકટરો અને વિદ્યાર્થીઓએ શેરી નાટક ભજવી સ્વસ્થતાનો સંદેશો વહોરાવ્યો



**અબતક, રાજકોટ**

વી. એમ. મેહતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ સંચાલિત ગાર્ડી આયુર્વેદ હોસ્પિટલ, આણંદપર-કાલાવડ રોડ દ્વારા તાજેતરમાં દેવગામના શંકર મંદિર પરિસરમાં આયુર્વેદ સર્વરોગ નિદાન તથા ચિકિત્સા કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ આયુર્વેદિક આરોગ્ય કેમ્પમાં વી. એમ. મેહતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ સાથે સંલગ્ન ગાર્ડી આયુર્વેદ હોસ્પિટલના અનુભવી આયુર્વેદિક તબીબોએ કુલ ૯૫ જેટલા દર્દીઓની નિઃશુલ્ક તપાસ અને સારવાર કરી હતી. દેવગામ તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આયુર્વેદિક આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો.

કેમ્પ દરમિયાન કાયચિકિત્સા વિભાગના ડો. ખ્યાતિ સૂદ, પંચકર્મ વિભાગના ડો. શ્રદ્ધા વ્યાસ, શાલાક્ય વિભાગ (કાન-નાક-ગળા, આંખ અને દંત)ના ડો. જયેશ કાત્રોડિયા, બાલરોગ વિભાગના ડો. શ્રદ્ધા દેત્રોજા, સ્વસ્થવૃત્ત વિભાગના ડો. રુદ્રી રાવલ તેમજ વિષ ચિકિત્સા વિભાગના ડો. ઉમેશ પંડ્યા દ્વારા સેવાઓ આપવામાં આવી હતી.

આ આરોગ્ય કેમ્પની સફળતા બદલ ગાર્ડી વિદ્યાપીઠના મેનેજિંગ ડાયરેકટર શ્રી જયભાઈ મેહતા તેમજ આયુર્વેદ કોલેજના પ્રિન્સિપાલ ડો. રવિકાંત ગોયલ સાહેબે સેવારત તમામ તબીબો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## આર્ય એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

# સદભાવના વૃદ્ધાશ્રમના વડીલોએ સંગીતના સથવારે ૨૦૨૫ને ટાટા અને ૨૦૨૬નું વેલકમ કર્યું

## વડીલો સાથે ખુશી વહેંચીને નવા વર્ષની સેવાભાવ સાથે ઉજવણી કરવી એ અમારી પરંપરાઃ પ્રમુખ ભાવના બહેન



**અબતક, રાજકોટ**

આર્ય એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા વર્ષના છેલ્લાં રવિવારે રતનપર સ્થિત સદ્ભાવના વૃદ્ધાશ્રમ ખાતે બાય બાય ૨૦૨૫ નામે અનોખો અને સંગીતમય કાર્યક્રમ યોજાયો.આ કાર્યક્રમમાં આરટીજી મ્યુઝિક લવર્સ ગ્રુપ ના ૨૫ કલાકારોએ જુના-નવા ગીતો તથા અંતે ગુજરાતી ગરબા દ્વારા વૃદ્ધોને ભરપૂર આનંદ અપાવ્યો.કાર્યક્રમ દરમિયાન આશ્રમમાં નિવાસ કરતા ૨૦૧ વડીલોને સંગીતની મજા સાથે ખુશી આપી અને આર્ય શ્રવણ સેવા પ્રોજેક્ટ હેઠળ દરેક વડીલને ગરમ મોજાં ભેટરૂપે આપવામાં આવ્યા. ઉપરાંત, રતનપરના અન્ય આશ્રમોમાં રહેનાર ૭૫ માતાઓને ભેટ આપી છે. ટ્રસ્ટના પ્રમુખ ભાવના બહેન કક્કડએ જણાવ્યું કે, દર વર્ષે વર્ષના છેલ્લાં અઠવાડિયામાં વડીલો સાથે ખુશી વહેંચીને અને નવા વર્ષની શરૂઆત સેવા ભાવ સાથે કરવી એ અમારી પરંપરા છે. આ વર્ષે ૩૦૧ વડીલો અને ૫૦૧ બાળકોને આનંદ આપવાનો અમારો સંકલ્પ છે.

# સમસ્ત હિરપરા પરિવારનું રવિવારે સ્નેહમિલન



**અબતક, રાજકોટ**

રાજકોટમાં સમસ્ત હિરપરા પરિવારના યુવામિત્રો દ્વારા દ્વિત્ય સ્નેહમિલનનું ૦૪/૦૧/૨૦૨૬, રવિવારના ક્રિષ્ના પાર્ટી પ્લોટ-૧, પાળ રોડ, વેગડ ચોકડી પાસે, મવડી, ખાતે આનંદભેર યોજાશે. પરિવારના તમામ સભ્યો એક મંચ પર મળી સ્નેહ, એકતા અને સંબંધોની મીઠાશ ઉજવે તે હેતુથી શૈલેષભાઈ, ચંદુભાઈ, મહેશભાઈ, સંદીપભાઈ, કમલેશભાઈ, મિલનભાઈ, આદર્શભાઈ, લક્ષિતભાઈ, સંજયભાઈ, મોહિતભાઈ, કેતનભાઈ તેમજ રાજકોટ યુવામિત્રો દ્વારા આ કાર્યક્રમ આયોજિત કરેલ છે. આ સ્નેહમિલનમાં પરિવારની એકતા દર્શાવતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે સાથે સમાજહિત માટે બ્લડ ડોનેશન કેમ્પ, અંગદાન અંગે જાગૃતિ અભિયાન તથા સરસ્વતી સન્માન કાર્યક્રમ પણ યોજાશે. આ તમામ પ્રવૃત્તિઓ દ્વારા સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ સ્થાપિત કરવામાં આવશે. આ પ્રસંગે ધારા સભ્ય જયેશભાઈ રાદડીયા તથા રમેશભાઈ ટીલાળા અને ધનસુખભાઈ ભંડેરી પરીવારને પ્રોત્સાહીત કરવા હાજરી આપશે. સમસ્ત હિરપરા પરિવારના વડીલો, યુવાનો અને બાળકો સૌને સહપરિવાર હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે આ સ્નેહમિલન પરિવારના સંબંધોને વધુ મજબૂત બનાવશે અને યાદગાર ક્ષણો સર્જશે.

# બજરંગ ગ્રુપ દ્વારા ૧૧મી એ ગોળની ચીકીનું વિનામૂલ્ય કરાશે વિતરણ

**અબતક, રાજકોટ**

ગરેડીયા કુવા રોડ ઉપર પંચમુખી હનુમાનજીની દેરી પાસે આવેલ બજરંગ ગ્રુપ દ્વારા છેલ્લા ઘણા સમયથી માનવતા લક્ષી સેવાકીય પ્રવૃતિઓ નિશુલક કરવામાં આવી રહી છે. રઘુવંશી સમાજના અગ્રણી અને જલારામ બિલ્ડર્સવાળા પરેશભાઈ વિઠલાણી તથા કમલેશભાઈ વોરાના વરદ હસ્તે ચકલીના માળા, ચણ માટેના ફીડર, પક્ષી માટે પાણીના કુંડા, ચણ અને તુલસીના રોપાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ હતું. બજરંગ ગ્રુપનો પ્રકૃતિ અને પર્યાવરણના જતન માટેનો સતત પ્રયત્ન રહેલ છે. ત્યારે બજરંગ ગ્રુપનો આગામી કાર્યક્રમ મકરસંક્રાંતિ પર્વને અનુલક્ષીને તા. ૧૧-૧-૨૬ ના નિશુલ્ક ગોળની ચિકકીનું વિતરણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

# સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ જ્ઞાતિજનો માટે રવિવારે માનસીક સ્વાસ્થ્ય વિષયક સેમીનાર

અબતક, રાજકોટ

સ્વ. દિનકરરાય મયારામ જોષી સ્મૃતિ ટ્રસ્ટ (મેડીકલ) તથા સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિધા પ્રસારક મંડળ અને હેલ્પ એજ ઈન્ડિયાના સંયુકત ઉપક્રમે સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિના સિનિયર વડીલો ભાઈઓ/મહિલાઓ માટે માનસિક સ્વાસ્થ્ય વિષયક સેમિનાર નિશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં ડો. નિરવ ચુડાસમા તથા અન્ય બે ડોકટરો ડિજીટલ લિટરેસી, પાર્કિનસન્સ, ધ્રુજારી થવી, અનિદ્રા, યાદ શકિતની સમસ્યા વિગેરે અન્ય બાબતો વિષે ડોકટરો ખૂબજ ઉપયોગી માહિતી આપશે. તથા પ્રશ્નોતરી સાથે તા. ૪/૦૧/૨૦૨૬ રવિવાર, સમય સવારે ૧૦:૦૦ ૧૧:૩૦ કલાક સુધી જ્ઞાતિની બોર્ડીંગ ''ધુમકેતુ હોલ'' રોયલ પાર્ક શેરી નં.૪, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે, સેમિનાર પછી સૌ નાસ્તો કરીને છુટા પડીશુ. જેમાં જ્ઞાતિના સિનિયર સિટીઝન્સ વડિલો ભાઈઓ/બહેનોએ સેમિનારનો લાભ લેવા સ્વ. દિનકરરાય મયારામ જોષી સ્મૃતિ ટ્રસ્ટ (મેડીકલ) ના સેક્રેટરી વિપુલ દવે દ્વારા કરવામાં કરાયો છે.

## નાણાની કોથળીના મોઢા ખોલી રાખજો

# ૨૦૨૬માં રાજકોટની ચાર ચાર કંપનીઓના આઈપીઓ આવશે

**અબતક, રાજકોટ**

માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર ભારત માટે મૂડી બજારનું મહત્વનું કેન્દ્ર ગણાતું રાજકોટ ૨૦૨૬માં નવા અનેક આઈપીઓ જોવા માટે તત્પર બન્યું છે. શહેરની ચાર કંપનીઓએ મૂડી બજારમાં પ્રવેશવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

રાજકોટની જાણીતી પ્રિસિઝન એન્જિનિયરિંગ કંપની ઓમ્નિટેક એન્જિનિયરિંગ લિમિટેડ,કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઉત્પાદક સિલ્વર કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ અને ટાઈલ્સ તથા બાથવેર ઉત્પાદક વર્મોરા ગ્રેનિટો લિમિટેડને તેમના આઈપીઓ માટે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) તરફથી મંજૂરી મળી ગઈ છે. રિટેલ જ્વેલરી કંપની અર્જુન જ્વેલર્સ લિમિટેડે ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે અને નિયમનકારી મંજૂરીની રાહ જોઈ રહી છે.

સપ્ટેમ્બર ૨૦૨૫માંઓમ્નિટેક એન્જિનિયરિંગે તેના રૂ. ૮૫૦ કરોડના આઈપીઓ માટે સેબીની મંજૂરી મેળવી હતી. કંપની હાઈ પ્રિસિઝન એન્જિનિયર્ડ કમ્પોનેન્ટ્સ અને એસેમ્બલીઓના મુખ્ય ઉત્પાદકોમાંની એક છે જે એનર્જી, મોશન કંટ્રોલ અને ઓટોમેશન, ઈન્ડસ્ટ્રીયલ ઈક્વિપમેન્ટ સિસ્ટમ્સ,મેટલ ફોર્મિંગ અને અન્ય વૈવિધ્યસભર ઈન્ડસ્ટ્રીયલ એપ્લિકેશન્સ જેવા ઉદ્યોગોમાં વૈશ્વિક ગ્રાહકોને સપ્લાય કરે છે.

નવેમ્બર ૨૦૨૫માંરાજકોટ સ્થિત બીજી કંપની, સિલ્વર કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સને રૂ. ૧,૪૦૦ કરોડના પબ્લિક ઈશ્યૂ માટે સેબીની મંજૂરી મળી હતી. કંપની સિલ્વર અને બેડિયા બ્રાન્ડ હેઠળ ઈલેક્ટ્રિકલ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને કૃષિ ઉપકરણોનું ઉત્પાદન કરે છે. પ્રોડક્ટમાં પંપ, મોટર્સ, સોલાર પંપ અને કંટ્રોલર્સ, પંખા અને લાઈટિંગ પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે. આ બધી પ્રોડક્ટ્સનુંરાજકોટમાં તેની ઈન્ટિગ્રેટેડ ફેસિલિટીમાં ઉત્પાદન થાય છે.

આ અઠવાડિયે,વર્મોરા ગ્રેનિટો લિમિટેડને તેના આઈપીઓ માટે સેબીની મંજૂરી મળી છે જેમાં રૂ. ૪૦૦ કરોડ સુધીના ફ્રેશ ઈશ્યૂ અને ૫.૨૪ કરોડ સુધીના ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. વર્મોરા ગ્રેનિટો ગ્લેઝ્ડ વિટ્રિફાઈડ, પોલિશ્ડ વિટ્રિફાઈડ અને સિરામિક ટાઈલ્સ જેવી વિવિધ કેટેગરીઝમાં સિરામિક અને વિટ્રિફાઈડ ટાઈલ્સનું ઉત્પાદન અને માર્કેટિંગ કરે છે. કંપની પાસે ૨૮૬ એક્સક્લુઝિવ બ્રાન્ડ આઉટલેટ્સ, ૨,૦૦૦થી વધુ મલ્ટી-બ્રાન્ડ આઉટલેટ્સનું ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક અને બિલ્ડર્સ, ડેવલપર્સ, કોન્ટ્રાક્ટર્સ અને સરકારી પ્રોજેક્ટ્સને સેવાઓ આપતું વિશાળ બીટુબી નેટવર્ક છે.

રાજકોટ સ્થિત મુખ્ય મથક ધરાવતી રિટેલ જ્વેલરી કંપની અર્જુન જ્વેલર્સ લિમિટેડ જોડાઈ રહી છે, જેણે સપ્ટેમ્બર ૨૦૨૫માં સેબીમાં તેનું ડીઆરએચપી ફાઈલ કર્યું હતું. કંપની આઈપીઓ દ્વારા રૂ. ૧૮૦ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. અર્જુન જ્વેલર્સ એક રિટેલ-કેન્દ્રિત જ્વેલરી કંપની છે જે તેના પોતાના રિટેલ સ્ટોર્સની ચેઈન દ્વારા સોના, ચાંદી, પ્લેટિનમ, હીરા અને અન્ય કિંમતી રત્નોનો ઉપયોગ કરીને બનાવેલીવિશાળ શ્રેણીની જ્વેલરીના માર્કેટિંગ અને વેચાણના વ્યવસાય સાથે સંકળાયેલી છે.

કોવિડ પછી રાજકોટમાં ગોપાલ સ્નેક્સ, જ્યોતિ સીએનસી ઓટોમેશન, એનલોન હેલ્થકેર અને રોલેક્સ રિંગ્સ જેવા નોંધપાત્ર લિસ્ટિંગ જોવા મળ્યા છે જે શહેરની મૂડી બજારોમાં વધી રહેલી હાજરી દર્શાવે છે.

આઈપીઓની આ ગતિ મજબૂત પ્રાયમરી માર્કેટ સાયકલના પરિપ્રેક્ષ્યમાં પણ જોવાઈ છે. કેલેન્ડર વર્ષ ૨૦૨૫ ભારતના મૂડી બજારો માટે એક વિક્રમજનક વર્ષ હતું, જેમાં ૧૦૦થી વધુ મેઈનબોર્ડ આઈપીઓ હતા, જે રોકાણકારોની સતત ઈચ્છા અને ઈશ્યૂ માટેના સાનુકૂળ વાતાવરણને દર્શાવે છે.

બજારના સહભાગીઓ કહે છે કે આગામી લિસ્ટિંગ ગુજરાતની આઈપીઓ પાઈપલાઈનમાં, ખાસ કરીને ઉત્પાદન, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને રિટેલના ક્ષેત્રે રાજકોટના વધી રહેલા યોગદાનને દર્શાવે છે. ઘણી કંપનીઓ મૂડી બજારમાં પ્રવેશવાની તૈયારી કરી રહી છેત્યારે શહેર વધુને વધુ આઈપીઓ માટે તૈયાર વ્યવસાયોના હબ તરીકે ઉભરી રહ્યું છે.

## સર્વોપરી સ્વામિનારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# અઢારેય વરણમાં ધર્મ સંસ્કૃતિની આહલેક જગાવનાર સર્વોપરી લોક ડાયરાનું સંતોના હાથે ડિજિટલ લોન્ચિંગ

## અબતકની મુલાકાતમાં સાધુ ધર્મપ્રકાશદાસજી અને લોકસાહિત્યકારોએ કસુંબલ લોક ડાયરાની આપી વિગતો



**અબતક, રાજકોટ**



લોકસાહિત્ય અને ખાસ કરીને લોક ડાયરા નું મંચન સમાજ માટે એક સારા ગુરુની ગરજ સારે છે સર્વોપરી સ્વામિનારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યોજાયેલા સર્વોપરી લોક ડાયરા ને લોકો ઘર બેઠે માણી શકે તે માટે સર્વોપરી લોક ડાયરા નું ઓનલાઈન લોન્ચિંગ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે અબ તકની મુલાકાતે આવેલા સર્વોપરી સ્વામિનારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ ના સાધુ ધર્મપ્રકાશ દાસ, યોગી કૃષ્ણસ્વામી, લોક ગાયક કૌશિકભાઈ મહેતા પ્રફુલભાઈ જોશી હાસ્ય કલાકાર શિવદાન ભાઈ બારોટ એ સર્વોપરી લોક ડાયરા ના લોન્ચિંગ અંગેના આયોજનની આપતા જણાવ્યું હતું કે સર્વોપરી સ્વામિનારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સર્વોપરી લોક ડાયરાની સફળતા બાદ આ ડાયરો આ ડાયરો સમગ્ર વિશ્વમાં ધર્મ પ્રેમી માં ણી શકે તે માટે,'યુ-ટયુબ''ઉપર''સર્વોપરી લોકડાયરો'લોન્ચીંગ કર્યું હતું કે ''સર્વોપરી લોકડાયરો તૈયારકરી સમાજને અર્પણ કરતી વખતે .સુપ્રસિધ્ધ કલાકારો સ કૌશિક મહેતા(ભૂ-દેવ), શીવદાન બારોટ, પ્રફુલ જોષી, ક્રિશ પટેલએ ડાયરાનું લોન્ચિંગ કરતા.આ કસુંબલ લોકડાયરો માણવા યુ-ટ્યુબ ઉપર'' શ્રી સ્વામિનારાયણ ગુરુકળ-મહીકા'' સર્ચ/કલીક કરવાથી ''સર્વોપરી લોકડાયરો'' માણી શકાશે.

''સર્વોપરી લોકડાયરો'' માણવા ''યુ-ટ્યુબ' ઉપર શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-મહીકા કલીક કરવાથી 'સર્વોપરી લોકડાયરો'' લાઈવ જોઈ શકાશે.આ તકે સ્વામિએ જણાવેલ કે '' શ્રી સ્વામિનારાયણ ભગવાને નિત્ય પ્રાર્થનામાં સ્વમુખે જણાવેલ છે કે '' નીદત નહી કોઈ દેવકો, બીન ખપતો નહીં ખાત' એટલે કે કોઈપણ દેવી-દેવતાની નીદા કરવાની' ચોખ્ખી ના પાડી છે અને ન ખાવાની વસ્તુઓ અને ન પીવાની વસ્તુઓનો અનાદર કરેલ છે.જેથી સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને હરિભકતો તથા તમામ જ્ઞાતિના લોકોને અચૂક જોવા માણવા લાયક છે. આપણી ભારતીય લોકસંગીતની ભાતીગળ પ્રાચીન સંસ્કૃતિ દિવસે-દિવસે લુપ્ત થતી જાય છે. તેને ટકાવી રાખવા અને લોકસંગીતની, પ્રાચીન ભાતીગળ ભજનો,ભકિત હિન્દુ ધર્મની પ્રણાલીકા અને સંસ્કૃતિનું જતન માટે આ ''સર્વોપરી લોકડાયરો'' તૈયાર કરીને સમાજનાં અઢારેય વરણનાં લોકો માણી શકે તથા નાના નાના બાળકો પણ આ લોકડાયરો માણી શકે તેવા જુદા જુદા પક્ષીઓના અવાજ, સિંહ, મોર, કોયલ, ડોગ(દેશીકુતરાઓ)ના અવાજો કલાકારોએ આબેહુમ રજુ કરેલા છે.

મોબાઈલમાં 'યુ-ટયુબ ઉપર ''શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ-મહીકા'' કલીક/ સર્ચ કરી આ ''સર્વોપરી લોકડાયરો'' માણવા જાહેર જનતાને આહવાન કરેલ છે.

રંગબેરંગી પુષ્પોની પાંખડીઓમાં દેશનો વારસો જીવંત

# અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શોમાં "પુષ્પોના પલ્લવમાં" ગુંજશે ભારતનો ઈતિહાસ

અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શો-૨૦૨૬ના શુભારંભ બાદ મુખ્યમંત્રી સહિત તમામ ઉપસ્થિત મહેમાનોએ ફ્લાવર શોનાં વિવિધ ઝોનની મુલાકાત લીધી

**અબતક,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શો ૨૦૨૬'નો શુભારંભ કરાવ્યો હતો. ભારત એક ગાથા થીમ પર ઈન્ટરનેશનલ ફ્લાવર શોની આ ૧૪મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતની સમૃદ્ધ, વૈવિધ્યસભર અને ગૌરવસભર સંસ્કૃતિને રજૂ કરતાં આ ભવ્ય ઉત્સવને આગામી તા. ૨૨ જાન્યુઆરી સુધી માણી શકાશે.આ પ્રસંગે ઊર્જામંત્રી ઋષિકેશભાઇ પટેલ તેમજ શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલા પણ ઉપસ્થિત રહ્યાં હતાં.'અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શો-૨૦૨૬ના શુભારંભ બાદ મુખ્યમંત્રી સહિત તમામ ઉપસ્થિત મહેમાનોએ ફ્લાવર શોનાં વિવિધ ઝોનની મુલાકાત લઈને વિવિધ આકર્ષણો નિહાળ્યા હતા. આ ઉપરાંત, અનેકવિધ ફ્લાવર સ્કલ્પચરને સૌએ બિરદાવ્યા પણ હતા.આ પ્રદર્શનમાં સ્ત્રી સશક્તીકરણની થીમ પર તૈયાર કરવામાં આવેલા સ્કલ્પચરનું પણ મુખ્યમંત્રીના હસ્તે અનાવરણ કરાયું .આ ફૂલ મહોત્સવ એક પ્રદર્શન ન રહેતા, પર્યાવરણીય જાગૃતિ અને સસ્ટેનેબિલિટી તેમજ અમદાવાદ શહેરની જૈવવિવિધતા અને ઈકોફ્રેન્ડલી સિસ્ટમને વધુ મજબૂત કરવા માટે પણ પ્રતિબદ્ધ છે.

## ભારતની પૌરાણિક ધરોહર જોવા મળશે

ભારતની પૌરાણિક ધરોહરને રજૂ કરતો શાશ્વત ભારત ઝોન પણ ફ્લાવર શોનું મુખ્ય આકર્ષણ બનશે. આ આધ્યાત્મિક રીતે સમૃદ્ધ ઝોનમાં સમુદ્ર મંથન, ગીતા સાર, ગોવર્ધન લીલા, ગંગા અવતરણ અને રામસેતુ જેવા પૌરાણિક પ્રસંગોને ફૂલોના શિલ્પો દ્વારા કલાત્મક રીતે પુનઃરચિત કરવામાં આવ્યા છે, ભાંગડા, ગરબા અને કથકલી જેવાં નૃત્ય સ્વરૂપોની સૌમ્યતા રજૂ થશે. આ ઝોનના કેન્દ્રમાં ભગવાન નટરાજની પ્રતિમા ભારતની કલાત્મક સમૃદ્ધિ, પરંપરાની સતતતા અને તાલની સર્વવ્યાપી ભાષાનું પ્રતીક બની રહેશે.

## ફ્લાવર શોની રંગબેરંગી દુનિયા પ્રવેશદ્વાર થી જ જોવા મળશે

ફ્લાવર શોની યાત્રા ભવ્ય પ્રવેશદ્વારથી શરૂ થશે, જ્યાં બે વિશાળ ફૂલોના સિંહો મુલાકાતીઓનું સ્વાગત કરશે. આ સિંહો ભારતની હિંમત, ગૌરવ અને અડગ આત્માનું પ્રતીક બની રહેશે. પ્રવેશ ઝોનમાં કમળના ફાઉન્ટેન દ્વારા રાષ્ટ્રીય ગૌરવને ફૂલોથી સજાવી રજૂ કરવામાં આવશે, જે સમગ્ર પ્રદર્શનના થીમને અનુરૂપ ગૌરવસભર વાતાવરણ સર્જશે.

## ટિકિટના દર તથા સમય

મુલાકાતીઓ માટે સોમવારથી શુક્રવાર પ્રવેશ દર રૂ. ૮૦/- તથા શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાના દિવસે પ્રવેશ દર રૂ. ૧૦૦/- રહેશે. વધુમાં, તમામ પ્રકારના દિવ્યાંગો, સૈનિકો, ૧૨ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરનાં બાળકો તથા અ.મ્યુ.કો. હસ્તકની શાળાનાં વિદ્યાર્થીઓ માટે તમામ દિવસોએ નિઃશુલ્ક પ્રવેશ રહેશે. અ.મ્યુ.કો. સિવાયની શાળાઓનાં બાળકો માટે સોમવારથી શુક્રવાર સવારે ૯:૦૦ થી ૧:૦૦ સુધી પ્રવેશ દર રૂ.૧૦/- રહેશે. વધુમાં, મુલાકાતીઓ માટે સવારે ૮ થી ૯ તેમજ રાત્રે ૧૦ થી ૧૧ સુધી પ્રાઈમ ટાઈમ સ્લોટમાં રૂ. ૫૦૦/- પ્રવેશ દર રહેશે.

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રીય એકતા માટેના યોગદાનને સન્માન આપતું વિશ્વનું સૌથી મોટું ફૂલ ચિત્ર ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ માટે તૈયાર કરાયું

# મશીન બંધ અને ઈન્જેકશનનો દુષ્કાળ સરકારી હોસ્પિટલ કે યાતના કેન્દ્રઃકોંગ્રેસ નેતા રોહિતસિંહ રાજપૂત

### દર્દીઓ વિવિધ પ્રશ્નને બેદરકારીનો ભોગ બની રહ્યા છે તે અંગે કલેકટર ને રજૂઆત કરી પ્રશ્નોનોના નિરાકરણની માંગ

**અબતક, રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલ અને એઈમ્સ જેવી મોટી સંસ્થાઓમાં સારવાર માટે આવતા સમગ્ર સૌરાષ્ટ્રના ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ હાલ સરકારી તંત્રની ઘોર બેદરકારીનો ભોગ બની રહ્યા છે. આ ગંભીર પરિસ્થિતિ મુદ્દે કોંગ્રેસ નેતા રોહિતસિંહ રાજપૂતે દર્દીઓના પરિવારજનોને સાથે રાખી રાજકોટ કલેક્ટરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક પગલા લેવા માંગ કરી છે.થેલેસેમિયા મેજરથી પીડાતા દર્દીઓ માટે ઈન્જેક્શન શરીરમાં વધતા આયર્નને નિયંત્રિત



કરવા અનિવાર્ય છે. સિવિલ હોસ્પિટલમાં આ ઈન્જેકશન નિઃશુલ્ક મળવા જોઈએ, પરંતુ છેલ્લા ૩ વર્ષથી તેનો પુરવઠો બંધ છે. ખાનગી બજારમાં એક ઈન્જેક્શનના રૂ. ૩૦૦ લેખે દર્દીને રોજનો રૂ. ૧૨૦૦ થી ૧૫૦૦નો ખર્ચ થાય છે.ગ્લોકોમા (ઝામર) ના દર્દીઓ માટે દ્રષ્ટિ બચાવવા પેરીમીટ્રી ટેસ્ટ અત્યંત જરૂરી છે. સિવિલ અને એઈમ્સ બંને જગ્યાએ આ મશીનો બંધ હાલતમાં હોવાથી ગરીબ દર્દીઓને ખાનગીમાં મોંઘા રિપોર્ટ કરાવવા પડે છે. સમયસર ટેસ્ટ ન થવાને કારણે અનેક દર્દીઓ કાયમી અંધાપા તરફ ધકેલાઈ રહ્યા છે.સિવિલ હોસ્પિટલમાં કુલ ૭ વાહનોમાંથી મોટાભાગના ખોટકાયેલા રહે છે. સરકારી એમ્બ્યુલન્સ રૂ. ૨/કિમી ના બદલે દર્દીઓને ખાનગી એમ્બ્યુલન્સમાં રૂ. ૮ થી ૧૦ ચૂકવવા પડે છે. સ્વજનના મૃત્યુ બાદ પાર્થિવ દેહ લઈ જવા માટે શબવાહિની ન મળતા હોવાની ફરિયાદ છે રોહિતસિંહ રાજપૂતે અંતમાં જણાવ્યું હતું કે જો આ પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ નહીં આવે, તો આગામી સમયમાં જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજકોટના પ્રવાસે આવશે, ત્યારે દર્દીઓના સગાઓને સાથે રાખીને તેમની સમક્ષ ઉગ્ર રજૂઆત અને આંદોલન કરવામાં આવશે.

# ડિસ્ટ્રીકટ બાર એસોસિયેશનની નવી ટિમને અભિનંદન આપતું ભાજપ લીગલ સેલ

### વકિલોના હિતમાં કાયે કરો અને આગળ વધોઃજે. જે. પટેલ, ચેરમેન બાર કાઉન્સિલ ઓફ ગુજરાત

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રનાં તાકાતવર અને સંગઠિત બાર એસોસિયેશન રાજકોટ ડિસ્ટ્રીકટ બાર એસોસિયેશનની ચુંટણીમાં કોરોના સમય, સરકારમાંથી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને ફાળવેલ વેલફેર ફંડ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર, રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા નોટરીઓની જરૂરીયાતમંદ વકીલોની લાયકાતના આધારે નિમણૂંકનાં હિમાયતી કેન્દ્ર સરકારમાંથી તમામ વકીલશ્રીઓને નોટરી તરીકે નિમણૂંક અપાવનાર ડિસ્ટ્રીકટ બાર એસોસિયેશનના પ્રમુખ અને બિન વિવાદાસ્પદ સિનિયર વકીલ નરેન્દ્રસિંહ જાડેજા, ઉપ પ્રમુખ તરીકે અંબાણી ભરતભાઈ, નયનભાઈ વ્યાસ, હરેશ પરસોડા તથા સહાયક હર્ષદ બારૈયા અને નિતિશ કથીરીયા, સેક્રેટરી તરીકે નયનાબેન ચૌહાણ અને અશ્વિન ગોસાઈ , જોઈન્ટ સેક્રેટરી તરીકે જતિન ઠક્કર, દિવ્યેશ છગ તથા સહાયક નિવિદ પારેખ, ટ્રેઝરર તરીકે લક્ષ્મીબેન જાદવ, રક્ષાબેન ઉપાધ્યાય અને સહાયક તરીકે અંજનાબેન ચૌહાણ, લાઈબ્રેરી સેક્રેટરી તરીકે જીજ્ઞેશ નાગ્રેચા, વિરેન રાણીગા તથા સહાયક કિશન રાજાણી સહિત ટીમ બિનહરીફ થતાં ગુજરાત પ્રદેશ ભાજપ લીગલ સેલ અને સમરસ ગૃપના કન્વિનર, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે. જે. પટેલ, સહ કન્વિનર અનિલભાઈ દેસાઈ, રાજકોટ મહાનગર લીગલ સેલનાં કન્વિનર પિયુષભાઈ શાહ, લીગલ સેલ પ્રદેશ કારોબારી સભ્યો હિતેશભાઈ દવે , કિશોર સખિયા, સહ સંયોજક કમલેશભાઈ ડોડિયા, પુર્વ સંયોજક પી.સી. વ્યાસ તથા અંશ ભારદ્વાજ, પુર્વ સહ સંયોજક સી. એચ. પટેલ અને કાયમી આમંત્રીત સભ્યો જીજ્ઞેશ જોષી વિગેરેઓએ શુભેચ્છાઓ પાઠવી હોવાનું રાજકોટ મહાનગર ભાજપા લીગલ સેલનાં સંયોજક પિયુષભાઈ શાહની યાદીમાં જણાવાયું છે.

# સ્વનિર્ભર ઈજનેરીની ૨૧ હજાર, સરકારી કોલેજની ૩૨૬ બેઠકો માટે બીજા તબક્કાનો કાર્યક્રમ જાહેર

### સરકારી બેઠકો માટે ૧૦મી સુધી ડોક્યુમેન્ટ સાથે અરજી કરવાની, ૧૬મીએ મેરિટ લિસ્ટ અને ૧૯મીએ પ્રવેશ સમિતિમાં રૂબરૂ કાઉન્સેલિંગ

**અબતક, રાજકોટ**


ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા વર્ષમાં બે વખત પ્રવેશ કાર્યવાહી કરવાની જાહેરાત કરવામાં આવી છે. જેના અનુસંધાનમાં ડિગ્રી ઈજનેરીની સ્વનિર્ભર કોલેજોની અંદાજે ૨૧ હજાર બેઠકો માટેનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. આજ રીતે સરકારી કોલેજની ખાલી ૩૨૬ બેઠકો માટે ૧૬મીએ મેરિટ લિસ્ટ જાહેર કર્યા બાદ ૧૯મીએ રૂબરૂમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સ્વનિર્ભર કોલેજોની ખાલી બેઠકો માટે સીધા પ્રવેશ ફાળવવામાં આવશે.

જોકે, ૧૯મી જાન્યુઆરી સુધીમાં આ કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સહિત સેન્ટ્રલ બોર્ડ દ્વારા પણ વર્ષમાં બે વખત પ્રવેશ પ્રક્રિયા કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. આ જાહેરાતના અનુસંધાનમાં ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા વર્ષમાં બે વખત પ્રવેશ પ્રક્રિયા કરવાનો નિર્દેશ કર્યો હતો. રાજ્યમાં પણ પ્રવેશ સમિતિ દ્વારા પહેલા તબક્કામાં ખાલી પડેલી ડિગ્રી ઈજનેરીની કુલ બેઠકો પૈકી જે કોર્સમાં ૩૦ ટકાથી વધારે બેઠકો ખાલી હોય તેમાં બીજા વખત પ્રવેશ પ્રક્રિયા કરવાની જાહેરાત કરવામાં આવી હતી. હાલની સ્થિતિમાં સરકારી ઈજનેરી કોલેજોમાં ૩૦ ટકાથી વધારે બેઠકો ખાલી હોય તેવી ૩૨૬ બેઠકો ઉપલબ્ધ છે. આ સિવાય સ્વનિર્ભર ઈજનેરી કોલેજમાં કુલ ૨૧ હજાર બેઠકો ખાલી પડી છે. આ તમામ બેઠકો પર પ્રવેશ ઈચ્છતાં વિદ્યાર્થીઓ માટે હાલમાં પ્રવેશ સમિતિ દ્વારા જાહેરાત આપી દેવામાં આવી છે. સમિતિની વેબસાઈટ પર કઈ કોલેજમાં અને કઈ બ્રાન્ચમાં કેટલી બેઠક ખાલી છે તેની વિગતો પણ જાહેર કરવામાં આવી છે. સરકારી કોલેજની ખાલી બેઠકો પર પ્રવેશ ઈચ્છતાં વિદ્યાર્થીઓએ આગામી ૧૦મી સુધીમાં ડોક્યુમેન્ટ સાથે અરજી કરવાની રહેશે. આ અરજી બાદ ૧૬મી જાન્યુઆરીએ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવશે. મેરિટ લિસ્ટ જાહેર કર્યા બાદ આગામી ૧૯મી જાન્યુઆરીના રોજ પ્રવેશ સમિતિ ખાતે વિદ્યાર્થીઓને રૂબરૂમાં બોલાવીને ખાલી પડેલી બેઠકો ઓફર કરવામાં આવશે. કયા વિદ્યાર્થીઓએ ક્યારે ઉપસ્થિત રહેવું તેની વિગતો તા.૧૬મીના રોજ જાહેર કરવામાં આવશે.

આજ રીતે સ્વનિર્ભર ઈજનેરી કોલેજમાં ખાલી પડેલી અંદાજ ૨૧ હજારથી વધારે બેઠકો માટે આજ સમયમર્યાદામાં સીધી જે તે કોલેજનો સંપર્ક કરીને વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે.

# ચીપ 'ચીપ' નથી સાઉથ કોરિયાએ ૭૦૦ મિલિયન ડોલરની નિકાસ કરી ડંકો વગાડ્યો

### એઆઈ ચિપ્સની માંગથી સેમસંગ અને એસકે હાઈનિક્સને મોટો ફાયદો થયો



**અબતક**

વૈશ્વિક બજારમાં ચાલી રહેલી ઉથલપાથલ અને અમેરિકાની કડક વેપાર નીતિઓ વચ્ચે પણ દક્ષિણ કોરિયાએ વર્ષ ૨૦૨૫માં નિકાસના ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચ્યો છે. એઆઈ ના વધતા ક્રેઝ અને ચિપ્સની અભૂતપૂર્વ માંગને કારણે દક્ષિણ કોરિયાની નિકાસ અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. ચાલો જાણીએ, કેવી રીતે આ દેશે પડકારોને અવસરમાં બદલી નાખ્યા.

ગત વર્ષે દક્ષિણ કોરિયાની કુલ નિકાસ અંદાજે ૫૮ લાખ કરોડ રૂપિયાને પાર કરી ગઈ છે, જે અગાઉના વર્ષ કરતા ૩.૮% વધુ છે. એઆઈના વધતા ઉપયોગને કારણે ચિપ્સની નિકાસમાં ૨૦% નો જંગી ઉછાળો આવ્યો છે. માત્ર ચિપ્સ વેચીને દેશને ૧૭૩.૪ બિલિયન ડોલરની આવક થઈ છે. સેમસંગ ઈલેકટ્રોનિકસ જેવી કંપનીઓએ એઆઈ ડેટા સેન્ટર માટે જરૂરી મેમરી ચિપ્સ પૂરી પાડીને મોટો નફો મેળવ્યો છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તમામ આયાતી વસ્તુઓ પર ૨૫% ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી, જેનાથી દક્ષિણ કોરિયાની અર્થવ્યવસ્થા પર ખતરો હતો. છેલ્લી ઘડીએ થયેલી વાતચીત બાદ આ ટેરિફ ઘટાડીને ૧૫% કરવામાં આવ્યો હતો, જેનાથી કોરિયાને મોટી રાહત મળી છે. અમેરિકા સાથેના વેપાર યુદ્ધ અને વૈશ્વિક ઉથલપાથલ વચ્ચે પણ, ટેકનોલોજીના જોરે દક્ષિણ કોરિયાએ પોતાની આર્થિક શક્તિ સાબિત કરી છે.

# ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રકચરને સાયબર એટેક સામે સજજ કરવા કોરકમિટી-ટાસ્કફોર્સની રચના

### કોર કમિટીમાં ૧૧ સભ્યો અને ટાસ્ક ફોર્સમાં ૧૯ સભ્યોનો સમાવેશ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રકચરને સાયબર હુમલા સામે સજજ કરવા રાજય સરકાર દ્વારા કોર કમિટી અને ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે સક્ષ્મ કરવા માટે કોર કમિટી અને ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. આ કોર કમિટી અને ટાસ્કફોર્સ રાજ્યના ઊર્જા ક્ષેત્રમાં સાયબર સુરક્ષા અંગે જરૂરી કામગીરી, તાલીમ, વિવિધ સંસ્થાઓની ભાગીદારી અને સાયબર જાગરૂકતા કાર્યક્રમો અંગે સમીક્ષા કરીને રોડમેપ રજૂ કરશે. રાજ્યની ૨૪ કલાક વીજ પુરવઠાની વ્યવસ્થામાં હવે સ્માર્ટ મીટર, સ્માર્ટ ગ્રીડ અને સ્કાડા જેવી આધુનિક પ્રણાલીઓ સામેલ કરવામા આવી હોવાથી, ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સાયબર હુમલાઓની સંભાવના વધી જાય છે. તેને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર તરફથી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા ૧૧ સભ્યોની કોર કમિટી અને ૧૯ સભ્યોની ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે.

આ કમિટી અને ટાસ્કફોર્સ ઊર્જા ક્ષેત્રના મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ઈંઝ અને સાયબર સુરક્ષાને લગતી વ્યવસ્થાઓ, સાયબર સુરક્ષા નીતિ અને તેની ઘટનાઓના વ્યવસ્થાપન અંગેની તૈયારીઓની સમીક્ષા કરશે. તે સિવાય તેમાં જરૂરી સુધારા અને સાયબર સિક્યોરિટી પ્રણાલીનું નિર્માણ કરવા માટે એક રોડમેપ પણ રજૂ કરશે. તેના માટે શૈક્ષણિક સંસ્થાઓ તેમજ આ ક્ષેત્રના નિષ્ણાતો સાથે ભાગીદારી પણ કરવામાં આવશે અને સાયબર ડ્રિલ અને તાલીમ સાથે જાગરૂકતા કાર્યક્રમો તેમજ રાષ્ટ્રીય અને રાજ્યની એજન્સીઓ સાથે સંકલન કરવામાં આવશે. રાજ્યના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રકચરને સાયબર હુમલાઓ સામે જડબેસલાક બનાવવા માટે એક મજબૂત અને સુવ્યવસ્થિત પ્રણાલી વિકસિત કરવાના ઉદ્દેશ સાથે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# રાજકોટના કે.એમ.ખપેડ સહિત રાજ્યના ૧૭ આરટીઓ અધિકારીની બઢતી સાથે બદલી

### ભાવનગર આરટીઓ અધિકારી ઈન્દ્રજિત ટાંકની રાજકોટમાં નિમણુંક અપાઈ

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા વર્ષના અંતિમ દિવસે વહીવટી પ્રક્રિયાને વેગ આપવા માટે આરટીઓ અધિકારીઓની બઢતી સાથે બદલી કરી છે. રાજ્યના મોટર વાહન વિભાગમાં ફરજ બજાવતા ૧૭ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીઓને પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૧) તરીકે બઢતી આપી તેમની બદલીના આદેશ કરાયા છે.

રાજકોટ ખાતે કાર્યરત કેતનકુમાર મથુરભાઈ ખપેડની વડોદરા ખાતે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી તરીકે બઢતી સાથે બદલી કરવામાં આવી છે. તેમની ખાલી પડેલી જગ્યા પર ભાવનગરના આર.ટી.ઓ. ઈન્દ્રજિત સુરેશભાઈ ટાંકને રાજકોટના નવા આર.ટી.ઓ. તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

અમદાવાદના હાર્દિકકુમાર પટેલની પાટણ ખાતે બદલી કરાઈ છે. જૈમિનકુમાર ચૌધરીની બદલી



પાટણથી નાયબ નિયામક, વાહન વ્યવહાર કમિશનરની કચેરી, ગાંધીનગર ખાતે કરવામાં આવી છે. સુરતના આકાશ પટેલની નવસારી બદલી થઈ છે.ભાવનગરના ઈન્દ્રજિત ટાંકની રાજકોટ બદલી કરવામાં આવી છે. પ્રતિક લાઠીયાને બારડોલીથી વલસાડ, કનકસિંહ પરમારને અમદાવાદ પૂર્વથી ગાંધીનગર, વિનિતા યાદવને ગાંધીનગર વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી ખાતેથી મહેસાણા, હાર્દિકકુમાર પટેલની અમદાવાદથી પાટણ, આકાશ પટેલને સુરતથી નવસારી, જીગર પટેલને વડોદરાથી હિંમતનગર, દીપસંગ ચાવડાને બોટાદથી આણંદ, મિતેષ ભંગાલેને ભરૂચથી નડિયાદ, ચિંતન પટેલને દાહોદથી બારડોલી, ઉત્તમ સોલંકીને ગાંધીનગર વાહન વ્યવહાર કમિશ્નરની કચેરીથી પાલનપુર, તપનકુમાર મકવાણાને હિંમતનગરથી મોરબી, જીગર કનુભાઈ પટેલને પાલનપુરથી ગાંધીનગર રોડ સેફટી ઓથોરિટી, સ્વપિનલ પટેલને મહેસાણાથી બાવળા અને શૈશવ ગામિતને વ્યારાથી દાહોદ ખાતે બદલી કરવામાં આવી છે.

# સિવિલ હોસ્પિટલના ન્યુરોસર્જન ઉપર હુમલાના ઘેરા પ્રત્યાઘાત: ૩૦૦ જેટલા ડોક્ટરો હડતાળ પર ઉતર્યા

## આરોપીનું રિકન્સ્ટ્રક્શન કરવું , એજન્સીનો કોન્ટ્રાક્ટ રદ કરી તબીબોની સુરક્ષા મજબૂત કરવી, આરોપીના PMJAY કાર્ડ રદ કરવાની કાર્યવાહી કરવાની માંગ



તસવીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**
સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટ ની આરોગ્ય ક્ષેત્રે જેની ગણના ઉત્કૃષ્ટ રીતે થાય છે તેવી સિવિલ હોસ્પિટલના રેસીડેન્ટ ડોક્ટર પર ત્રણ દિવસ પૂર્વે થયેલા હુમલા ના બનાવમાં આરોપી હજુ સુધી ન પકડાતા રેસીડેન્ટ ડોક્ટરો દ્વારા આજે ઇમર્જન્સી સિવાયની કાર્યવાહીથી આલીપત્રહી હડતાલ પર ઉતર્યા હતા અને ચાર માગણીઓ પૂરી થયા બાદ જ પુનઃ ફરજ પર આવશે તેવું જુનિયર

### હડતાલના પગલે સિનિયરોએ ઓપીડી ની ફરજ સંભાળી: સિવિલ અધિક્ષક ડો: મોનાલી માકડીયા

સૌરાષ્ટ્રની સૌથી મોટી હોસ્પિટલમાં રવિવારે મોડી રાત્રે ન્યુરોસર્જન ડોક્ટર પર હુમલા થયાના બનાવમાં હુમલાખોરો ના ધરપકડની માંગ સાથે જુનિયર ડોક્ટરોએ હડતાલ પાડી છે ત્યારે હોસ્પિટલની કામગીરી અને ઈમરજન્સી સેવામાં કોઈ વિક્ષેપ ન પડે તે માટે તંત્રએ કમર કસી છે, અબ તક સાથેની વાતચીતમાં સિવિલ હોસ્પિટલ અધિકતક ડો, મોનાલી માકડીયા એ જણાવ્યું હતું કે હાલ જુનિયર ડોક્ટરની હડતાલ હોય પરંતુ ઇમરજન્સી સેવામાં જુનિયર ડોક્ટરો ફરજ બજાવી રહ્યા છે, જોકે જુનિયર ડોક્ટરો ઓપીડી સેવાથીઅલિપ્ત રહ્યા છે ત્યારે સિનિયર ડોક્ટરો ને ઓપીડી ના દર્દીઓની તપાસ માટેની ફરજ સોંપવામાં આવી છે જેથી દર્દીઓને કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો નથી અને સિવિલની કામગીરી રાબેતા મુજબ ચાલી રહી હોવાનું ડોક્ટર મોનાલી માકડીયા એ જણાવ્યું હતું

નારાયણ હેરાન પરેશાન થયા હતા. વધુ વિગત મુજબ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ગત ૨૮ મી ડિસેમ્બરના રોજ તબીબ સાથે મારામારીનો બનાવ બન્યો હતો. બનાવના ત્રણ ચાર દિવસ વીતી ગયા છતાં હજુ સુધી હુમલાનો આરોપી ન ઝડપાતા સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી સિવાયની સેવાઓ બંધ કરી તબીબો આજે હડતાળ પર ઉતરી ગયા છે.અને જુનિયર ડોક્ટરોની શું છે માંગણી ? ડોક્ટર પાર્થ પંડ્યા ઉપર હુમલો કરનાર

ડોકટરોએ માંગ કરી સૂત્રોચાર કર્યા હતા પ્રેસિડેન્ટ ડોકટરોની હડતાલને પગલે રૂટીન કામગીરીમાં વિક્ષેપ થતા દર્દી

જયદીપ ચાવડાનું રી કન્સ્ટ્રક્શન કરવામાં આવે તે પ્રકારની માંગણી કરવામાં આવી રહી છે. પ્રદ્યુમન નગર પોલીસ દ્વારા આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી છે. આ સમગ્ર ઘટનાનાં સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.ચાર મુખ્ય માંગણીઓ સાથે



હડતાળ પર છે.જુનિયર ડોક્ટર એસોસિએશનના જણાવ્યા મુજબ આજથી ૩૦૦ જેટલા ડોક્ટરો હડતાળ પર ઉતરવાના છે. ડોક્ટરો ઘડઉ અને વોર્ડ સર્વિસ બંધ રહેતા દર્દીઓને પરેશાનીનો સામનો કરવો પડશે . જોકે તબીબોએ ઈમરજન્સી સેવા ચાલુ રાખશે તેમ

જણાવ્યું છે. જો કે, ડોક્ટરોના વિરોધને કારણે હોસ્પિટલોમાં સેવાઓ ખોરવાઈ. આ હડતાળના કારણે ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓ મુશ્કેલીમાં મુકાયા છે. જુનિયર તબીબો ચાર મુખ્ય માંગણીઓ સાથે હડતાળ પર છે જેમાં જવાબદાર આરોપીની ધરપકડ કરવી, એજન્સીનો કોન્ટ્રાક્ટ રદ કરીને તબીબોની સુરક્ષા મજબૂત કરવી, આરોપીના ઙખઉંઅઢ કાર્ડ રદ કરવાની કાર્યવાહી કરાય અ આરોપીની જાહેર માફી સા ડોક્ટરોની સુરક્ષા અંગેની ગેરંટી આપ તેનો સમાવેશ થાય છે. રોજિ તપાસ અને સારવાર માટે આવત લોકોને પાછા ફરવું પડી શકે છે. લાંબ સમયથી સારવાર હેઠળ રહેલ દર્દીઓમાં અવ્યવસ્થા ફેલા છે. આરોગ્ય સેવાઓ ખોર નાગરિકોમાં ચિંતા વધી છે.

# માલવિયા ચોકમાં જર્જરીત રાષ્ટ્રધ્વજ બદલો: કોંગ્રેસ આગેવાન ડો.મહેશ રાજપુત

## ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા ૨૦૦૨નો ભંગ બદલ કોંગ્રેસની મહાનગરપાલિકાના ચીફ ફાયર ઓફિસરને રજૂઆત



તસવીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઓબીસી વિભાગના કાર્યકારી પ્રમુખ અને પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી મહેશભાઇ રાજપુતે જણાવ્યુ છે કે ભારતીય ત્રિરંગા રાષ્ટ્રધ્વજ આપણા દેશના લોકોની આશાઓ અને આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરે છે અને તેથી તેને સન્માનનું સ્થાન મળવું જોઈએ. જ્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાષ્ટ્રધ્વજનું સરેઆમ અપમાન કરી બુધ્ધિનું દેવાળું ફૂંક્યું છે, તેમજ ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા ૨૦૦૨નો સરેઆમ ભંગ રાજકોટ મહાનગરપાલિકા તંત્રએ કર્યો છે, માલવિયા ચોક સર્કલ ખાતે આવેલ રાષ્ટ્રધ્વજ ગંદી હાલત તથા જર્જરિત હોય ત્યારે તાત્કાલિક નવારાષ્ટ્રધ્વજનું ધ્વજવંદન કરી નવો રાષ્ટ્રધ્વજ ફરકાવવા કરવા ડો. મહેશ રાજપુતે માંગ કરી છે, ફાટેલો અથવા ગંદો થયેલો ધ્વજ પ્રદર્શિત કરવો જોઈએ નહીં. જે ભારતીય ધ્વજ સંહિતા-૨૦૦૨ના સંસ્થા અથવા શૈક્ષણિક સંસ્થાના સભ્ય, ઔપચારિક અથવા અન્ય કોઈ પણ દિવસે, રાષ્ટ્રધ્વજ ફરકાવી પ્રદર્શિત કરી શકે છે.જો ધ્વજ ક્ષતિગ્રસ્ત થાય, તો તેને ખાનગીમાં સળગાવીને અથવા ધ્વજની ગરિમા જળવાય તે રીતે માનપૂર્વક તેનો નિકાલ કરવો જોઈએ.તેવું ભારતીય ધ્વજ સંહિતા (ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા) - ૨૦૦૨માં જણાવ્યુ છે. રાજકોટ મહાનગરપાલિકાના તંત્રને જગાડવા તેમજ ટકોર કરવા ગયેલ કોંગ્રેસ પક્ષના આગેવાનો સાથે રાજકોટ મહાનગરપાલિકાના ચીફ ફાયર ઓફિસરને રજૂઆત કરી હતી.

(પહેલા પાનાનું ચાલું)

### માવઠું...

સહિતના વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે છૂટા છવાયા માવઠાએ ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે. એક તરફ ઓછા વરસાદના કારણે મોટાભાગના ખેડૂતો પાસે પિયતની સગવડ ન હોવાથી શિયાળુ પાકના વાવેતરમાં ઘટાડો થયો છે. તેમાં અચાનક વાતાવરણમાં બદલાવ આવતા ઘઉં, જુવાર, જીરું, વરીયાળી, દાડમ, રાયડાનો પાક અને કેરીમાં વ્યાપક પ્રમાણમાં નુકસાન છે. જેમાં આગોતરના ઘઉંનું વાવેતર કરનાર ખેડૂતોને પણ નુકશાન થયું છે. આ ઘઉં પાકવાની તૈયારી પર હોવાથી પવન અને વરસાદથી પાકમાં દાણાના વજનથી આડા પડી ગયા છે. સાથે જ ઘઉંના દાણાની ક્વોલિટી નબળી રહેશે. જેના કારણે ખેડૂતોને ભાવમાં પણ માર પડશે.

સૌરાષ્ટ્ર - કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં હવામાન વિભાગની આગાહીના પગલે વરસાદી ઝાપટાં પડતા ટાઢોળા પાણી વહી નીકળ્યા હતા. બીજીતરફ ખેતરોમાં ઉભા શિયાળું પાકને વરસાદે ભીંજવતા પાકને નુકશાન થવાની ભીતી ઉભી થઈ છે. ચોમાસું પાક નિષ્ફળ ગયા બાદ માવઠાના પ્રકોપાથી જીરું, ચણા, બટાટા સહિતના રવિપાકને નુકશાન થવાના ભયાથી કિસાનોના જીવ અધ્ધર થઈ ગયા છે.ખેડૂતો દ્વારા કૃષિ વિભાગને તાત્કાલિક માર્ગદર્શન અને જરૂરી સહાય પૂરી પાડવા માંગ કરવામાં આવી છે.

### સુપ્રીમ કોર્ટ...

સભ્યો, વ્યક્તિગત રીતે હાજર રહેલા પક્ષકારો અને તમામ હિસ્સેદારોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ દાખલ કરાયેલી બધી નવી અરજીઓમાં સંબંધિત વડાનો ઉલ્લેખ કરે.જેના હેઠળ મામલો ખરેખર આવે છે, અને યોગ્ય સરકારી સત્તાવાળા દ્વારા જારી કરાયેલ દસ્તાવેજી પુરાવા સાથે આ સંદર્ભમાં યોગ્ય અરજી/પત્ર સબમિટ કરે.''૨૦૨૫માં સુપ્રીમ કોર્ટે ૭૫,૦૦૦ કેસોનો નિકાલ કર્યો, જે અન્ય કોઈપણ સુપ્રીમ કોર્ટ માટે રેકોર્ડ છે.વધુમાં, પેન્ડિંગ કેસો માટે વિગતો પ્રદાન કરે જેથી રજિસ્ટ્રી સંબંધિત હેડ હેઠળના કેસોને યોગ્ય રીતે અપડેટ કરી શકે. ૨૦૨૫ માં, સુપ્રીમ કોર્ટમાં ૭૫,૨૮૦ કેસ દાખલ કરવામાં આવ્યા હતા - ૫૧,૩૫૭ સિવિલ અને ૨૩,૯૨૩ ફોજદારી. તેણે ૬૫,૪૦૩ કેસ (કુલ ફાઈલિંગના ૮૭%) પર ચુકાદા આપ્યા, જેમાંથી ૪૨,૭૯૩ સિવિલ અને ૨૨,૬૧૦ ફોજદારી હતા.તેનાથી વિપરીત, જ્યારે યુએસ સુપ્રીમ કોર્ટ દર વર્ષે હજારો કેસ મેળવે છે, ત્યારે તે સુનાવણી માટે ફક્ત ૭૦-૮૦ કેસ સ્વીકારે છે. ૨૯ ડિસેમ્બર સુધીમાં, યુકે સુપ્રીમ કોર્ટે ૨૦૦ થી વધુ કેસ પ્રાપ્ત કર્યા હતા અને લગભગ ૫૦ પર ચુકાદા આપ્યા હતા. તેના ભારતીય સમકક્ષે ૧,૪૦૦ લાંબા ચુકાદાઓ અને કેસોનો નિકાલ કરવા માટે હજારો આદેશો જારી કર્યા હતા.૨૦૨૫માં જસ્ટિસ સંજીવ ખન્ના, બી.આર. ગવઈ અને સૂર્યકાંતના રૂપમાં ત્રણ સીજેઆઈ જોનારા સુપ્રીમ કોર્ટમાં ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી નવા સીજેઆઈ નહીં હોય, જસ્ટિસ કાંત નિવૃત્ત થશે.

૨૦૨૭માં, સુપ્રીમ કોર્ટમાં રેકોર્ડ ચાર સીજેઆઈ હશે - જસ્ટિસ સૂર્યકાંત, વિક્રમ નાથ (ફેબ્રુઆરીથી સપ્ટેમ્બર સુધી), બી.વી. નાગરત્ના (૩૭ દિવસ માટે) અને પીએસ નરસિંહા.

### કલર હીરા...

ભારતીય અમીરો પણ આ વૈશ્વિક ટ્રેન્ડમાં જોડાઈ રહ્યા છે.

મુંબઈ આધારિત પી. હિરાણી એક્સપોર્ટ્સના સહ-સ્થાપક દર્શિત હિરાણી કહે છે, ''અમીર ભારતીયો વૈશ્વિક ટ્રેન્ડનો ભાગ બનવા માંગે છે. એક રસપ્રદ વાત એ છે કે, બીજા કક્ષાના શહેરો (ટાયર-૨)ના એચએનઆઈઓ પણ રંગીન હીરામાં રસ લે છે અને તેમની પહેલી ખરીદીમાં યલો હીરા લે છે.'' યલો હીરાની કિંમત ૫ લાખથી ૧૫ લાખ રૂપિયા પ્રતિ કેરેટ છે, જે અન્ય કરતાં સસ્તું છે.

કિંમતો વધવાથી પણ માંગ વધી છે, કારણ કે નવા ખાણો નથી મળતા અને સપ્લાય ઓછી થઈ રહી છે. છેલ્લા ૨૦ વર્ષમાં પીંક હીરાની કિંમત ૧૦ ગણી વધી, બ્લુ ૬-૭ ગણી અને યલો બમણી થઈ છે. આને રોકાણનું સારું વિકલ્પ માનવામાં આવે છે.

હિરાણી, જે ૪૦ વર્ષથી વધુ સમયથી રંગીન હીરામાં કામ કરે છે, કહે છે કે ૪૫ વર્ષથી વધુ ઉંમરના એચએનઆઈઓ ૧-૨ કેરેટના મોટા હીરા ખરીદે છે, જ્યારે યુવા અને મધ્યમ વર્ગના લોકો નાના અને મધ્યમ કદના હીરા લે છે.

મુંબઈની અન્મોલ જ્વેલર્સના સ્થાપક ઈશુ દાત્વાણી કહે છે, ''કોવિડ પછી લોકો દુર્લભ વસ્તુઓ પર વધુ ખર્ચ કરવા તૈયાર છે. ભારતીયો હવે વિશ્વભ્રમણ કરે છે અને ચોપાર્ડ, કાર્ટિયર જેવા બ્રાન્ડ્સ જુએ છે. તેઓ આવા ડિઝાઈન્સ બનાવવા કહે છે જે તેમના નવા સ્વાદને મળે.'' તેઓ કહે છે કે ઓસ્ટ્રેલિયા, રશિયા અને દક્ષિણ આફ્રિકામાંથી મળતા ફેન્સી યલો હીરાની માંગ વધી છે, જેને સુરતમાં કટિંગ અને પોલિશિંગ કરવામાં આવે છે.

(ચોથા પાનાનું ચાલુ)

### પોલીસના ચેકીંગ...

મહેન્દ્ર બગરીયાના માર્ગદર્શન હેઠળ ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, ડીસીપી રાકેશ દેસાઈ, ડીસીપી હેતલ પટેલ, ડીસીપી ટ્રાફીક હરપાલસિંહ જાડેજાની રાહબરીમાં અલગ અલગ પોલીસની ટીમો સાંજ પડતાની સાથે શહેરના અલગ અલગ સર્કલ અને ચોકડીઓ પર ગોઠવાઈ ગઈ હતી અને સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં એસીપી સહિત ક્રાઈમ બ્રાંચ, એલસીબી સહિત અલગ અલગ પોલીસ મથકના ૧૦૬૪ થી વધું પોલીસ જવાનોએ કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસનો ચુસ્ત બંદોબસ્ત અને સઘન પેટ્રોલિંગ છતાં કેટલાક શખ્સો દારૂનો નશો કરવાં ટેવાયેલા નસેડીઓ દારૂ પી પાર્ટીઓ કરવાં નિકળી પડ્યા હતાં. જો કે, શહેરના દરેક ખૂણે નસેડીઓના સ્વાગત માટે ઉભેલી પોલીસે બ્રેથ એનેલાઈઝર દ્વારા ચેક કરી ૫૦ થી વધું પીધેલાઓને પકડી પાડી ગુના નોંધી તેઓનો નશો ઉતર્યો હતો.

જ્યારે ડ્રગ્સના સોદાગરો પેડલર અને એડિકટ પર નજર રાખવા એસઓજીની અલગ અલગ ટીમોએ એફએસએલને સાથે રાખી ડ્રગ્સ ટેસ્ટીંગ કિટ સાથે છેલ્લા પાંચ દિવસથી ચેકીંગ હાથ ધર્યું હતું. જે ફફડાટથી કોઈ એડિકટ કે પેડલર ઘર બહાર નીકળ્યા નહતા.

જ્યારે જે જે પાર્ટી પ્લોટ કે કલબમાં ઉજવણી થવાની હતી ત્યાં ક્રાઈમ બ્રાન્ચ સહિતની પોલીસની ટીમોએ ડ્રોનની સાથે બાજ નજર રાખી હતી. જેથી કોઈ જગ્યાએ અનિચ્છનીય બનાવ ન બનતાં પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

### નબીરાઓની યાદી...

હથવાણી, જગદીશ રામાણી, સંજય સાગઠીયા, નયન ઝાપડિયા, રાજન લાલકીયા, દેવતાદિન કોરી, કમલ કોરી, નીખ્ખીરામ યાદવ, બાબુ વિશ્વકર્માને નશાની હાલતમાં ઝડપી લીધો હતો. આજીડેમ પોલીસે રમેશ જેસડીયા, હિતેશ મેર, રમીઝ જેસડીયા, તૈયબ ઉર્ફે સમીર હીરોઝા, અનમોલ રાવત, દશરથ પરમાર અશ્વિન જાદવ, ઘનશ્યામ કોરી, વિકાસ દયાલ, પ્ર.નગર પોલીસે દીપક ડવ, ગાંધીગ્રામ પોલીસે શૈલેષ કડવાતર, યશપાલ બોરીચા, વિજય પરમાર, તેજમલ રાઠોડ, ઈનાયત પઠાણ, યુનિવર્સિટી પોલીસે ગજરાજ રાજવંશી, આકાશ શુક્લા, નાગેન્દ્ર સહાની, દિનેશ વાણીયા, જેરામ ઉધરેજા, વિનય ચૌહાણ, રાજ વાસજાળીયાને દારૂ પીધેલી હાલતમાં ઝડપી લીધા હતા. તાલુકા પોલીસ મથકના સ્ટાફે ગણેશકુમાર બિંદ, એ ડિવિઝનએ ગોવિંદ વાળા, કુલદીપ રાજપૂત, પ્રદીપ મકવાણા અને વિકાસ ઉર્ફે વિકી નિશાદને નશાની હાલતમાં ઝડપી લઈ તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### ફાઈટર કરાટે સેન્ટર...

અન્ય સ્પર્ધકોને મજબૂત ટક્કર આપી હતી.

ફાઈટર કરાટે ટ્રેનિંગ સેન્ટરના ખેલાડીઓએ આ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરતા કુલ ૪૭ મેડલ્સ જીતીને સમગ્ર રાજકોટ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. જેમાં ખેલાડીઓએ કાતા અને કુમીતે (ફાઈટ) બંને વિભાગમાં શાનદાર પ્રદર્શન કરી ૧૪ ગોલ્ડ મેડલ, ૧૩ સિલ્વર મેડલ અને ૨૦ બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યા હતા. આ ગૌરવશાળી સિદ્ધિ બદલ ફાઈટર કરાટે ટ્રેનિંગ સેન્ટરના ઓનર રૂપેશભાઈ વાઘેલા (રાજકોટ ડિસ્ટ્રિક્ટ ડાયરેક્ટર અને કે.ડી.એફ. પ્રેસિડેન્ટ) તથા જનરલ સેક્રેટરી કેયૂરભાઈ વાઘેલાએ તમામ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. રાજ્યભરમાંથી પણ આ વિજેતા ખેલાડીઓની ઉમદા રમત અને સિદ્ધિને બિરદાવવામાં આવી હતી.

### બાલ મહોત્સવ...

હિતેષભાઈ દિહોરાના હસ્તે વિજેતા બાળકોને ઈનામ, શિલ્ડ તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. આ સ્પર્ધાનું સંચાલન માલાબેન રાઠોડ અને ધર્મેન્દ્ર પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

ધોરણ ૬ થી ૧૦ ના બાળકો માટે દેશભક્તિ ગીત સ્પર્ધા યોજાઈ હતી, જેમાં સ્પર્ધકોએ રાષ્ટ્રપ્રેમની ભાવના રજૂ કરી હતી. આ સ્પર્ધામાં રૂદ્રા પોપટ પ્રથમ, અસ્મિતા વિશ્વકર્મા દ્વિતીય, વંદીતા ઝાલા તૃતીય, પીયુશ ગઢવી ચતુર્થ અને કાર્તિક દવે પાંચમા સ્થાને વિજેતા બન્યા હતા. સુનિલભાઈ ઓઝા અને કિરીટભાઈ વ્યાસ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. નિર્ણાયક ચૈતાલીબેન સંઘવી અને કિંજલબેન પરમારે વિજેતાઓને પુરસ્કૃત કર્યા હતા. આ વિભાગનું સંચાલન પણ માલાબેન રાઠોડ અને ધર્મેન્દ્ર પંડ્યા દ્વારા સંભાળવામાં આવ્યું હતું.

### વેકરીયા પરિવાર...

સુધીની જવાબદારી વેકરીયા પરિવાર વેલ્ફર ટ્રસ્ટ ઊઠાવશે. આ સ્નેહમિલન સમારોહમાં વેકરીયા પરિવાર રાજકોટ શહેર તથા જિલ્લાના તમામ તાલુકાના ગામોમાં વસતા વેકરીયા પરિવારના સભ્યોને પધારવા ભાવભર્યું નિમંત્રણ આપવામાં આવે છે. આ સ્નેહમિલન સમારોહના માર્ગદર્શક તરીકે પૂર્વ સાંસદ અને કેળવણીકાર મા શિવલાલભાઈ વેકરીયાતથા સામાજિક અગ્રણી ભુપેન્દ્રભાઈ વેકરીયા કાર્યરત છે. આ સ્નેહમિલન સમારોહને સફળ બનાવવા રજનીકાંતભાઈ, અમિતભાઈ, મનિષભાઈ, હિરેનભાઈ, ગણેશભાઈ, રાજુભાઈ, અરવિંદભાઈ, સંદિપભાઈ, નિલેશભાઈ, ડિમ્પલભાઈ, અક્ષયભાઈ, વિજયભાઈ, કિરિટભાઈ, પરેશભાઈ, દિવ્યેશભાઈ, સાગરભાઈ, ઉમેશભાઈ, મયુરભાઈ, અભિષેકભાઈ, ભાવિકભાઈ, અંકિતભાઈ, ભાવિનભાઈ, સંજયભાઈ તેમજ વેકરીયા પરિવારની સમગ્ર યુવા ટીમ જહેમત ઉઠાવી રહી છે.

### રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ...

કરવામાં આવશે. આ અંતર્ગત સીટ બેલ્ટ, હેલ્મેટ અને ઓવરસ્પીડીંગ જેવા નિયમો અંગે જાગૃતિ લાવવા રેલીઓ અને તાલીમ શિબિરોનું આયોજન થશે. સાથે જ રોન્ગ સાઈડ ડ્રાઈવીંગ, અનઅધિકૃત પાર્કિંગ અને ઓવરલોડ વાહનોનું સઘન ચેકીંગ કરી કાયદાકીય જોગવાઈઓ મુજબ અમલીકરણ કરવામાં આવશે.

(અગીયારમા પાનાનું ચાલું)

### મોદીનો રોડ શો....

લઈ આજે રાજકોટ શહેર-જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં ક્લેક્ટર કચેરી ખાતે એક મહત્વપૂર્ણ મિટિંગ મળી હતી ત્યારબાદ પત્રકાર પરિષદમાં જીતુભાઈએ વિસ્તૃત માહિતી આપી હતી.

પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેરમાં નવા વર્ષની શરૂઆતમાં બીજા સપ્તાહની અંદર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે. આગામી તારીખ ૧૧ જાન્યુઆરીના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજકોટ આવશે અને રાજકોટના જુના એરપોર્ટથી રેસકોર્સ રિંગ રોડ શરૂ કરી ચોક સુધી ભવ્ય રોડશો યોજશે અને ત્યારબાદ બપોરના ૩.૩૦ વાગ્યે તેઓ મોરબી રોડ પર આવેલ મારવાડી યુનિવર્સીટી ખાતે વાયબ્રન્ટ ગુજરાત સૌરાષ્ટ્ર રિજનલ સમિટનું ઉદઘાટન કરશે. જે સમિટ બે દિવસ એટલે કે તારીખ ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ આયોજિત કરવામાં આવી છે જેમાં ૫૦ જેટલા અલગ અલગ દેશના પ્રતિનિધિ ઉપરાંત અદાણી, અંબાણી સહિતની ભારતની નામાંકિત કંપનીઓના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહેશે. આ વાયબ્રન્ટ સમીટથી સૌરાષ્ટ્ર કચ્છના ૨ લાખથી વધુ ઉદ્યોગકારોને ફાયદો થાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

રાજકોટના જુના એરપોર્ટથી મારવાડી યુનિવર્સીટીના ૧૫ કિલોમીટરના રૂટ પર હાલ બ્યુટીફીકેશનની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. આ સંદર્ભે ૧૫ કિલોમીટરના એરિયામાં અને આત્મનિર્ભર થીમ આધારિત ટેબલો ગોઠવવા માટેના આદેશ પ્રભારીમંત્રીએ આપ્યા છે.મળતી માહિતી મુજબ વડાપ્રધાન હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચ્યા બાદ હેલિકોપ્ટરથી જૂના એરપોર્ટ પર આવશે.ત્યાંથી માધાપર ચોકડી સુધી ભવ્ય રોડ શો યોજાશે.રોડ શો બાદ તેઓ મારવાડી યુનિવર્સિટીમાં સમિટના કાર્યક્રમમાં જોડાશે.વડાપ્રધાનનું રાજકોટમાં લગભગ ૪થી ૫ કલાકનું રોકાણ રહેશે.જેને લઈ સફાઈ, સુશોભન, સુરક્ષા વ્યવસ્થા અને ટ્રાફિક મેનેજમેન્ટને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. શહેરને રંગબેરંગી બેનરો, હોર્ડિંગ્સ અને લાઈટિંગથી સજાવવામાં આવી રહ્યું છે.

રાજકોટમાં મારવાડી યુનિવર્સિટીમાં ૧૧ અને ૧૨ જાન્યુઆરીએ રિજનલ વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરાયું છે. જેનું ઉદઘાટન પીએમ મોદીના હસ્તે કરાશે.૧૧મી તારીખે રાજકોટ આવી રહેલી પીએમ મોદીનો જૂના મારવાડી યુનિવર્સિટી સુધીનો રોડ શો યોજાશે.રિજનલ વાઈબ્રન્ટ સમિટમાં યુક્રેન, જાપાન,કોરિયા જેવા દેશો પણ જોડાશે અને ૨૨ દેશના લોકો દ્વારા રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.વિશેષમાં ક્યુઆર કોડ વાળા આમંત્રિત કાર્ડ તૈયાર કરવા પણ પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણીએ સૂચના આપી છે.આજે જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં ક્લેક્ટર, મેયર, ધારાસભ્ય અને રાજકીય પક્ષની હાજરીમાં વાઈબ્રન્ટ સમીટને લઈ મહત્વપૂર્ણ મીટીંગ મળી હતી.

### ૪૦૦૦ લોકોની ક્ષમતા...

દ્વારા ઉત્પાદનોનુ પ્રદર્શન, સાંસ્કૃતિ કાર્યક્રમો, વન ડ્રીસ્ટ્રીકટ વન પ્રોડકટ અને જીઆઈ ડેગ ડીસ્પ્લે મુખ્ય આકર્ષણ રહેશે.

### રજીસ્ટ્રેશન...

મળ્યા છે. જેમાં અદાણી ગ્રુપ, ટાટા , રીલાયન્સ સહિતના મોટી સંસ્થાઓ અને જાહેરક્ષેત્રના એકમો પણ સહભાગી થશે.

### લોક-અદાલત...

બારીયાધાર ગામના ગુજ.સુકાભાઈ ઘેલાભાઈને રૂા.૧૬ લાખ જામનગરના ગુજ.મેહુલભાઈ માલદેભાઈ ચાવડાને રૂા.૧૫ લાખ, નાની ખાવડી ગામના ગુજ.રસીકબા રણજીતસિંહ ચુડાસમાને રૂા.૧૩ લાખ, મોરબીના ટીબડી ગામના ગુજ. ગોવિંદભાઈ ભાયાભાઈ ઝાપડાને રૂા. ૧૩,૨૫ લાખ ,ગઢડા તાલુકાના સીતાપર ગામના ગુજ. રામજીભાઈ સવજીભાઈ ધરજીયાને રૂા. ૧૩ લાખ ,ઈજાપામનાર હળવદના દિઘડીયા ગામના સતીષભાઈ બચુભાઈ બાવળાને રૂા.૬,૨૦,૦૦૦, રાજકોટના સાતડા ગામના ગુજ. મોહનભાઈ અરજણભાઈ સદાદીયાને રૂા.૬ લાખ , ભાટીયા ગામના કારૂભાઈ ઘેલાભાઈ આંબલીયાને રૂા.૫,૩૫લાખ , ઉના તાલુકાના વ્યાજપુર ગામના ગુજ.શૈલેષભાઈ નાથુભાઈ મોડાસિયાને રૂા.૪,૯૦લાખ , કેશોદના બામણસા ગામના ગુજ.વરજાંગભાઈ અરજણભાઈ કરંગયાને રૂા.૪,૮૫લાખ, લીમડીના પરનાળા ગામના ગુજ.માવજીભાઈ ભુદરભાઈ બાવળીયાને કલેઈમ કેસમાં રૂા.૪,૮૦ લાખ કલેઈમ કેસોમાં જંગી વળતર મંજુર કરાવેલ છે.તમામ કલેઈમ કેસોમાં અરજદારો વતી રાજકોટનાં અકસ્માત વળતર અંગેના ક્લેઈમ કેસોનાં જાણીતા એડવોકેટ રવિન્દ્ર ડી.ગોહેલ, સંદિપ એમ. રાઠોડ તથા વિવેક વી. ભાંસળીયા (ગઢવી) રોકાયા હતા.જેમનુંરાજકોટ ડિસ્ટ્રિક્ટ જજ જે.આર શાહના હસ્તે એડવોકેટ રવિન્દ્ર ડી.ગોહેલનું સર્ટિફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### સ્લમ ફ્રી શહેર...

આક્ષેપો પ્રતિ આક્ષેપો અને કાનુની ગુંચવણના કારણે હવે પીપીપી યોજનાની ફાઈલને કોઈ હાથ અડાવવા રાજી નથી. રાજકોટની રોનક વધારવા અને શહેરને સંપૂર્ણ પણે ઝુંપડપટ્ટી મૂક્ત બનાવવા માટે ગંભીરતા સાથે આગળ વધવાની આવશ્યકતા છે. ગરીબોને પાકા મકાન મળે અને શહેરમાં ઝુંપડાનું દુષણ દૂર થાય તે માટે પીપીપી યોજના શ્રેષ્ઠ છે. પરંતુ અમૂક નેતાઓનાં અંગત હિતના કારણે આ પ્રોજેકટને વિવાદાસ્પદ બનાવી દેવામા આવ્યો છે.

રાજ્ય સરકારે નગરો-મહાનગરોને સ્લમ ફ્રી એટલે કે, ઝૂંપડપટ્ટી મુક્ત શહેરો બનાવવા માટે એક મહત્વકાંક્ષી પહેલ કરી હતી. વર્ષ ૨૦૦૬માં સુરતની લગભગ ૩૮ ટકા આબાદી ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતી હતી.

ઝૂપડપટ્ટીમાં વસવાટ કરતા આ નાગરિકોનું જીવન ધોરણ ઊંચું લાવીને શહેરમાં સ્લમ વિસ્તાર ઘટાડવા વડાપ્રધાનએ છેલ્લા બે દાયકામાં અનેકવિધ પ્રયાસો કર્યા છે. જેના પરિણામ સ્વરૂપે આજે સુરતમાં ઝુપડપટ્ટીમાં વસવાટ કરતા નાગરિકોની સંખ્યા ઘટીને ૫ ટકા સુધી પહોંચી છે. જેથી સુરતમાં સ્લમ વિસ્તાર લગભગ નહિવત થવાના આરે છે અને સુરત રાજ્યનું પ્રથમ સ્લમ ફ્રી મહાનગર બને તેવા સાનુકૂળ સંજોગો ઊભા થયા છે,

કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીએ સાનુકૂળ પરિસ્થિતિને ધ્યાને લઈને સુરત શહેરને રાજ્યનું પ્રથમ સ્લમ ફ્રી મહાનગર કેવી રીતે બનાવી શકાય તે દિશામાં ચર્ચા-વિચારણા કરીને પરિણામલક્ષી કામગીરી કરવા માટે મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ સનદી અધિકારીઓને નિર્દેશ આપ્યો છે.

સુરત શહેર જો આ સિદ્ધિ પ્રાપ્ત કરશે, તો સુરત ભારતનું પ્રથમ મોટું સ્લમ ફ્રી શહેર બનશે. જોકે, ચંદીગઢ દેશનું પ્રથમ ઝૂંપડપટ્ટી મુક્ત શહેર હોવાનું ગૌરવ ધરાવે છે, પરંતુ તેની વસ્તી લગભગ ૧૦ લાખ છે. જેની સરખામણીમાં, સુરતની વસ્તી આશરે ૭૦ થી ૮૦ લાખ છે, જે આ સિદ્ધિને વ્યાપ અને જટિલતાની દ્રષ્ટિએ વધુ નોંધપાત્ર બનાવશે,

મુખ્યમંત્રીએ સુરતની જ તર્જ પર તબક્કાવાર રાજ્યના અન્ય નગરો અને મહાનગરોને પણ સ્લમ ફ્રી બનાવવાની દિશામાં અત્યારથી જ પરિણામલક્ષી કામગીરી હાથ ધરવા માટે સૂચનાઓ આપી હતી.

### ૩૪ જિલ્લા પંચાયત...

વેગ મળે અને સ્થાનિક અગત્યતા ધરાવતા કામોને પ્રાથમિકતા આપી શકાય તેવા આશયે જિલ્લા પંચાયતના પ્રમુખોને પણ વિવેકાધીન ગ્રાન્ટ ફાળવવાની રજૂઆતો કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ રજૂઆતોનો સકારાત્મક અને ત્વરિત પ્રતિસાદ આપતા આ રૂપિયા એક કરોડની વિવેકાધીન ગ્રાન્ટ જિલ્લા પંચાયત પ્રમુખને ફાળવવાના આદેશો સામાન્ય વહીવટ વિભાગને આપ્યા છે.

### રાજકોટ આર્મ્સ યુનિટ...

જમ્મુ કાશ્મીર ખાતે ડેપ્યુટેશન પર રહેલ સારા રીઝવી, દિલ્હી ખાતે ડેપ્યુટેશન પર રહેલ શોભા ભુતડા અને પ્રદીપ સેજુલને આઈજીનું પ્રમોશન મળ્યું છે.

અગાઉ રાજકોટમાં ડીસીપી તરીકે ફરજ બજાવી ચૂકેલા ચાર અધિકારીઓ જેમાં હાલ સુરત ઈકોનોમિક વિંગના ડીસીપી તરીકે ફરજ બજાવતા ડો. કરણરાજ વાઘેલા, રાજ્યપાલના એડીસી તરીકે ફરજ બજાવતા બલરામ મીણા, ઈન્ટેલિજન્સ વિભાગમાં ફરજ બજાવતા ડો. સુધીરકુમાર દેસાઈ અને મહેસાણા એસઆરપીએફના કમાન્ડન્ટ તરીકે ફરજ બજાવતા એસ વી પરમારને ડીઆઈજીનું પ્રમોશન મળ્યું છે. આ ઉપરાંત ડેપ્યુટેશન પર રહેલ સૌરભ સિંઘ અને ગોધરા એસઆરપીએફના કમાન્ડન્ટ એ એમ મુનિયાને ડીઆઈજી તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે.

રાજકોટ શહેર ટ્રાફિક ડીસીપી ડો.હરપાલસિંહ જાડેજા, દ્વારકા એસપી જયરાજસિંહ વાળા, મોરબી એસપી મુકેશકુમાર પટેલ, પોરબંદર એસપી ભગીરથસિંહ જાડેજા, ગીર સોમનાથ એસપી જયદીપસિંહ જાડેજા, ભાવનગર એસપી નિતેશ પાંડે, પૂર્વ કચ્છ એસપી સાગર બાગમાર અને અગાઉ રાજકોટ ખાતે ડીસીપી તરીકે ફરજ બચાવી ચૂકેલ હાલ અરવલ્લી જિલ્લા પોલીસ વડા તરીકે કાર્યરત મનોહરસિંહ જાડેજા સહિત ૨૮ અધિકારીઓને જુનિયર એડમિનિસ્ટ્રેટિવ ગ્રેડનો લાભ આપવામાં આવ્યો છે જ્યારે અન્ય સાત અધિકારીઓને સિલેક્શન ગ્રેડ હેઠળ બઢતીના લાભો આપવામાં આવ્યા છે.

### ડિસ્ટ્રીકટ બેંક...

જિલ્લામાં નવી બેંકોની રચના થશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

બેંકોની રચના માટે રાજ્ય સરકાર હવે નાબાર્ડ મારફતે ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)ને આ અંગેની દરખાસ્ત મોકલશે અને આગળની કાયદેસરની પ્રક્રિયા હાથ ધરશે, તેમ પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

## દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**



**રાજકોટ:** હેમાંગીબેન નિરંજનરાય કચ્છી શિરીષ (નિવૃત એસબીઆઇ), ચંદ્રેશ, વિજય, તરંગ, મીના નાગેશ ઘોડાના માતા, સ્વ. કનકરાય જીવાભાઈ દિવાનની પુત્રીનું તા. ૨૯ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૧-૧-૨૬ ને ગુરુવારે સાંજે ૫ થી ૬ દરમિયાન બાલકુંજ હોબી સેન્ટર, એરપોર્ટ ફાટક પાસે, રેસકોષ પાર્ક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ સુધાબેન રાવલનું ૩૧/૧૨/૨૦૨૫ના રોજ રાજકોટ મુકામે અવસાન થયેલ છે જે સ્વ. રમેશચંદ્ર તુલજાશંકર રાવલ ના પત્નિ અને હિમાંશુભાઈ તુલજાશંકર રાવલના ભાભી તેમજ તેજસભાઈ રમેશચંદ્ર રાવલ, ધર્મિષ્ઠા બેન દવે અને નેહા બેન વ્યાસ(રક્ષા બેન)ના માતાનું બેસણું તારીખ -૨/૧/૨૦૨૬ ને શુક્રવારે સાંજે :- ૪:૦૦ થી ૫:૦૦ તેમના નિવાસસ્થાને એવિએશન સોસાયટી, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સ્માર્ટ સિટીનો અરીસો: એક વર્ષમાં ડ્રેનેજની અધધધ ૨૮૭૦૨૪ ફરિયાદો !

## કુલ ફરિયાદોનો ડ્રેનેજને લગતી ફરિયાદોની ટકાવારી ૬૧ ટકાથી વધુ, રોશની શાખાને લગતી ૪૯૨૩૪, કચરાની ૩૯૪૫૦ અને પાણીને લગતી ૩૪૪૮૪ સહિત કોર્પોરેશનના કોલ સેન્ટરમાં એક વર્ષમાં ૪૬૭૫૮૨ ફરિયાદો નોંધાઈ: ૪૬૨૪૬૫ના નિકાલ, ૫૧૧૭ પેન્ડિંગ

**અબતક, રાજકોટ**

સ્માર્ટ સિટી ગણાતા રાજકોટ શહેરમાં લાઈટ, પાણી, ઉભરાતી ગટર અને કચરા નિકાલ સહિતની રોજ ૧૨૮૧ ફરીયાદ કોર્પોરેશનના કોલ સેન્ટરમાં નોંધાય છે.છેલ્લા એક વર્ષમાં કોલ સેન્ટરમાં અલગ અલગ ૪૧ કેટેગરીની ૪૬૭૫૮૨ ફરિયાદો નોંધાઈ છે. જે પૈકી સૌથી વધુ ફરિયાદ ડ્રેનેજ શાખાને લગતી ફરીયાદ છે.કુલ ફરિયાદો પૈકી ૪૬૨૪૬૫ ફરીયાદોનો નિકાલ થઈ ગયો છે. જ્યારે ૫૧૧૭ ફરીયાદ આજની તારીખે હજી પેન્ડિંગ છે.

કોર્પોરેશનના કોલ સેન્ટરમાં એક જાન્યુઆરીથી લઈ ૩૧ ડિસેમ્બર સુધીના એક વર્ષના સમય ગાળામાં અલગ અલગ વિભાગોને લગતી ૪,૬૭,૫૮૨ ફરિયાદો નોંધાય છે. જે પૈકી સૌથી વધુ ફરિયાદ ડ્રેનેજ ગટર ઉભરાતી હોવાની અથવા ચોક અપ હોવાની ૨,૬૫,૧૧૪ ફરિયાદો છે. કુલ ફરિયાદોમાં ડ્રેનેજને લગતી ફરિયાદોની ટકાવારી ૫૬.૭૦% ડ્રેનેજ મેન્ટેનન્સની ૨૧૯૧૦ ફરિયાદો સાથે ગણતરી કરવામાં આવે તો ડ્રેનેજની ફરિયાદની ટકાવારી ૬૧.૩૯ ટકા જેવી થવા પામે છે. આ ઉપરાંત રખડતા ભટકતા ઢોરને લગતી ૬૬૩ ફરિયાદ, કૂતરાના ત્રાસને લગતી ૧૦૪૮,ફરિયાદ આવાસ ટેક્નિકલને લગતી ૮ ફરિયાદ, આવાસમાં મૂળ લાભાર્થીના સ્થાને ભાડુઆત રહેતા હોવાનું ૨૮૪ ફરિયાદ, બાંધકામ શાખાને લગતી ૧૮૪૪૨ ફરિયાદ, સેન્ટ્રલ ટાઉન પ્લાનિંગ યુનિટને લગતી ૭ ફરિયાદ,અર્બન ડેવલોપમેન્ટ યુનિટને લગતી ૨૧ ફરિયાદો,સીટી બસ આવતી ન હોવાની ૪૯૧૫ ફરિયાદ, મારેલા ઢોરને લગતી ૧૦,૦૪૪ ફરિયાદ, દબાણ હટાવ શાખાને લગતી ૭૧૭૦ ફરિયાદ, ડ્રેનેજ મેન્ટેનન્સને લગતી ૨૧૯૧૦ ફરિયાદ, ઈલેક્ટ્રોનિક્સ વેસ્ટનો આડેધડ નિકાલ થતો હોવાની ૬૬ ફરિયાદ નોંધાય નથી. ફૂડ બ્રાન્ચને લગતી ૩૨૮ ફરિયાદ, ગાર્ડન શાખાને લગતી ૪૯૨૩ ફરિયાદ, ડંકીમાં પાણી આવતું ન હોવાની કે બંધ હોવાની ૭૬૨ ફરિયાદ, લાઈબ્રેરીની ૨૨ ફરિયાદ, ઓનલાઈન પેમેન્ટમાં પ્રોબ્લેમ હોવાની ૭૬૨ ફરિયાદ નોંધાય છે. આ ઉપરાંત પાર્કિંગ મેનેજમેન્ટની ૨૩૩ ફરિયાદ, રોશની શાખાને લગતી ૪૯૨૩૪ ફરિયાદ નોંધાય છે. જેમાં લાઈટ બંધ હોવાની કે દિવસે પણ લાઈટ ચાલુ હોવાની ફરિયાદોનું સમાવેશ થાય છે. જ્યારે રૂડા વિસ્તારની પણ ૨૫ ફરિયાદ નોંધાય છે.આ ઉપરાંત વોકળાને લગતી ૧૦૯૩ ફરિયાદ, સાંસ્કૃતિક ડિપાર્ટમેન્ટને લગતી પાંચ ફરિયાદ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ૩૯૪૫૦ ફરિયાદ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને લગતી ૨૦૯ ફરિયાદ, ટેક્સ બ્રાન્ચની ૩૫૫ ફરિયાદ,ટીપી શાખાની ૨૧૫૬ ફરિયાદ, ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ સેલને લગતી ૩૯૩ ફરિયાદ ,અર્બન મેલેરીયા વિભાગને લગતી ૨૯૫૮ ફરિયાદ અને વોટર વર્ક શાખાને લગતી ૩૪૪૮૪ ફરિયાદ નોંધાય છે.જ્યારે ઝુ ડિપાર્ટમેન્ટની ત્રણ ફરિયાદ નોંધાય છે.વર્ષ દરમિયાન કુલ ૪૬૭૫૮૨ ફરિયાદોમાંથી ૪૬૨૪૬૫ ફરીયાદનો નિકાલ કરી દેવાયો છે.

### ગત વર્ષ કરતા ૪૧૧૬૪ ફરિયાદ વધી!!

રાજકોટમાં વિસ્તાર અને વસ્તીમાં વધારાની સાથો સાથ ફરિયાદોમાં પણ સતત વધારો નોંધાય રહ્યો છે. ગત વર્ષે એટલે કે વર્ષ: ૨૦૨૪માં આખા વર્ષ દરમિયાન ૪૨૬૪૧૮ ફરિયાદો કોર્પોરેશનના કોલ સેન્ટરમાં નોંધાય હતી. જેની સામે આ વર્ષે ફરિયાદોમાં ૧૦% જેવો વધારો નોંધાયો છે. ફરિયાદોમાં કુલ ૪૧૧૬૪ નો વધારો થયો છે.ગત વર્ષની સરખામણીએ પેન્ડિંગ ફરિયાદોનો આંક પણ વધ્યો છે.

# મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા પાસે પ્રજા માટે સમય ન હોય તો રાજીનામું આપી ભાજપના કાર્યકર બની જાય: વિપક્ષી નેતા

## છેલ્લા ૧૫ દિવસમાં મ્યુનિ.કમિશનર ૧૫ કલાક પણ ઓફિસમાં બેઠા નથી: વશરામ સાગઠીયા

**અબતક, રાજકોટ**

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા પર કોર્પોરેશનના વિરોધપક્ષના નેતા વશરામ સાગઠીયાએ આંકરા પ્રહારો કર્યા છે. પ્રજાના કામને સાઈડમાં રાખી કમિશનર ભાજપના કાર્યક્રમમાં વ્યસ્ત રહે છે. તેઓ પણ આક્ષેપ લગાવ્યો છે. જા



કમિશનરને પ્રજાના કામમાં રસ ન હોય તો રાજીનામું આપી ભાજપમાં જોડાઈ જવું જોઈએ તેવી પણ સલાહ આપી છે.

તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે,રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરા પાસે ભાજપના દરેક કાર્યક્રમમાં જવા માટે સમય છે. ગાંધીનગરની મીટીંગોમાં જવા માટે સમય છે પ્રભારી મંત્રી આવે તેની સેવા કરવા માટે સમય છે પરંતુ રાજકોટના લોકોના પ્રશ્નો કે રાજકોટના લોકોની મુશ્કેલીઓ સાંભળવા માટે મ્યુનિસિપલ કમિશનર પાસે સમય નથી.છેલ્લા ૧૫ દિવસમાં વિપક્ષી નેતા વશરામભાઈ સાગઠિયાએ લગભગ ૧૫ વખત ફોન કર્યા છે. જેમાં મોટાભાગે મ્યુનિસિપલ કમિશનર બીમારીનું બહાનું કાઢી પોતાના નિવાસસ્થાને અથવા ભાજપના કાર્યક્રમમાં વ્યસ્ત હોય તેવું લાગતું હતું.તુષાર સુમેરાને નોકરી ન કરવી હોય તો રાજીનામું આપી અને ભાજપના કાર્યકર તરીકે ભાજપનું કામ કરવું જોઈએ નહીં કે સરકારી પગાર લઈ લોકોના પરસેવાને કમાણીના પગાર લઈ અને ભાજપનું કામ કરવું આ યોગ્ય નથી તેમ વશરામભાઈ સાગઠીયા જણાવ્યું હતું.કચેરીમાં મ્યુનિસિપલ કમિશનરની હાજરી ખૂબ જ ઓછી રહે છે.જ્યારે પણ તેઓ કચેરીએ હોય ત્યારે મિટિંગ ભરીને બેઠા હોય છે જેના કારણે સામાન્ય નાગરિકો તો છોડો ખુદ ચૂંટાયેલા જન પ્રતિનિધિઓને પણ તેઓને મળી શકતા નથી.

# એનએસયુઆઈ દ્વારા કાલથી 'ડ્રગ્સ મુકત કેમ્પસ' અભિયાનનો પ્રારંભ

## શૈક્ષણિક પરિસરને નશામુક્ત બનાવવાના ધ્યેય સાથે અભિયાન ચલાવાશે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં વધતા જતાં નશાના કારોબારને બંધ કરાવવા અને યુવાનોમાં જાગૃતિ લાવવા સમગ્ર ગુજરાતમાં કાલથી 'ડ્રગ્સ મુકત કેમ્પસ' અભિયાન ચલાવામાં આવશે.



રાજકોટન વિવિધ કોલેજના છાત્રો, શિક્ષકો અને આચાર્યો જોડાશે. જેમાં ગુજરાત એનએસયુઆઈ પ્રદેશ પ્રવકતા ધ્રુમિલભાઈ રાઠોડ ગુજરાત પ્રદેશ મંત્રી ઉકેશભાઈ રબારી, પ્રદેશ આગેવાન ધ્રુવિલભાઈ પટેલ, રાજકોટ જિલ્લા એનએસયુઆઈ મહામંત્રી મહિપાલભાઈ ચૌહાણ વગેરે જોડાયા હતા. આ અભિયાનનું લોન્ચીંગ કાલથી અમદાવાદ ખાતે કરવામાં આવશે. ત્યારબાદ ગુજરાત અને રાજકોટની કોલેજોમાં વિદ્યાર્થીઓ જાગૃત થાય તે માટે અભિયાન ચલાવી નશાથી દુર રહે અને પોતાના પરિવાર, મિત્રો કેમ્પસને નશાથી દુર રાખે તે માટે સમજૂતિ આપી શપથ લેવડાવશે કે, આવો આપણે સૌ સાથે મળીને આપણા શૈક્ષણિક પરિસરને નશામુકત બનાવીએ અને એક ઉજજવળ ભવિષ્ય તરફ આગળ વધીએ.

# જલારામ ભક્તિધામ ટ્રસ્ટ દ્વારા સીનીયર સીટીઝનોને સૌરાષ્ટ્રના દેવસ્થાનોની કરાવાશે યાત્રા

## સરકારના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સહયોગથી યોજાનારી યાત્રાનો લાભ લેવા બુઝુર્ગોને અનુરોધ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ધર્મ સાથે માનવસેવા પ્રવૃતિઓ માટે જાણીતા જલારામ ભક્તિધામ ટ્રસ્ટ દ્વારા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ના આર્થિક સહયોગ થી ૬૦ વર્ષ થી ઉપરનાં ભાઈ- બહેનો માટે ત્રણ દિવસના યાત્રા પ્રવાસ નું આયોજન કરવામાં આવ્યું છે પ્રવાસ માં થતા ખર્ચના ૭૫% રકમ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી મળશે યાત્રાળુ એ માત્ર ૨૫% રકમ ભરવાની રહેશે.

યાત્રા પૂર્ણ કરનારને સરકાર દ્વારા ૩૦૦ રૂપિયા પરત આપવામાં આવશે આ યાત્રા રાજકોટ થી દ્વારકા, બેટ દ્વારકા, નાગેશ્વર, હરસિદિય શાતાજી, સોમનાથ, મઢડા, પરબ વાવડી, ખોગલધામ, વિરપુર બરા દ્વારા યાત્રા કરાવવામાં આવશે. એક વ્યકિત ની ફી રૂ. ૧૦૦૦/-રહેશે જેમાંથી રૂ. ૩૦૦/- યાત્રાળુના ખાતમા પરત મળશે સિનિયર સિટીઝનો માટેની આ યાત્રા માં વહેલા તે પહેલાંના ધોરણે નામ લખાવવા શ્રીમદ ભવન, ત્રીજો માળ, ઓફિસ નં. ૯૫, શ્રી કાંતા સ્ત્રી વિકાસની સામે. ઢેબર રોડ, રાજકોટ. ૯૮૨૫૩ ૫૦૫૪૬ નો સંપર્ક કરવા જણાવ્યું છે

# જીલ્લા ભાજપના મહામંત્રી હરેશભાઈ હેરભાનો આજે જન્મદિવસ



રાજકોટ જીલ્લા ભાજપાના પાયાના કસાયેલા, તરવરીયા રાજકોટ જીલ્લાભાજપના મહામંત્રી હરેશભાઈ હેરભાનો જન્મદિવસછે.

હરેશભાઈ હેરભા રાજકોટ જીલ્લા ભાજપમા જીલ્લા મહામંત્રી તરીકે સંગઠનને પોતાની સુઝબુઝ અને કાર્યકુશળતાથી ખુબ જ સક્ષમ બનાવેલ છે. હરેશભાઈ હેરભાના જન્મદિવસ નિમત્તે ગુજરાત પ્રદેશ ભાજપ તેમજ ગુજરાતના જીલ્લાના ભાજપના હોદેદારો, ધારાસભ્યો, સંસદ સભ્યો તેમજ રાજકીય-સામાજિક-ધાર્મિક અને વિવિધ સંસ્થાના આગેવાનો અને તેમનાસમાજના આગેવાનો દ્વારા તેમના મો.૯૭૧૨૨ ૩૮૧૧૧ઉપર શુભેચ્છાઓની વર્ષા કરી રહ્યા છે.

# અક્ષરધામ ખાતે 'આર્ષ' શોધ સંસ્થાન દ્વારા મસ્તિક અને હૃદયની અભિવ્યકિત વિષય પર પ્રવચન યોજાશે

**અબતક,રાજકોટ**

અક્ષરધામ ખાતે 'આર્ષ' શોધ સંસ્થાન દ્વારા યુગોથી માનવી પોતાની આસપાસના વિશ્વને નીરખતો રહ્યો છે પરંતુ માનવીય મર્યાદાથી ઉપર જવું હોય તેણે પોતાની જાતની અંદર નીરખવાની કળા હાંસલ કરવી પડે છે.

તેથી જીવનમાં સફળતા અને સંતોષ માટે મસ્તિષ્ક (તર્ક) અને હૃદય (લાગણી) વચ્ચે સંતુલન જરૂરી છે. આ બંને પાસાઓ એકબીજાના પૂરક છે અને માનવ અનુભવને સંપૂર્ણ બનાવે છે.

બીજાના ભલામાં આપણું ભલું.. સ્વહિતને દબાવી, ગૌણ કરી, અન્યનું હિત, સમાજનું હિત જોવાની વિશાળ દ્રષ્ટિ કેવી રીતે કેળવાય તે માટે અને શ્રધ્ધાને રાખી આદર્શ જીવન જીવવાનો અનુભવ મળે, એ દ્રષ્ટિએ આર્ષ શોધ સંસ્થાન, અક્ષરધામ, ગાંધીનગર દ્વારા તા.૩-૧-૨૦૨૬ને શનિવારના સાંજે ૪.૩૦ થી ૭.૦૦ દરમ્યાન, અક્ષરધામ, ગાંધીનગર, હરિમંદિર સભાગૃહ ખાતે રોજ આયોજિત આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળા, પ્રવચન-૧૧૨ માં દર્શન-ચિંતન વિષય અંતર્ગત (મસ્તિક અને હૃદયની અભિવ્યક્તિ) પ્રવચનનું આયોજન કરેલ છે. સ્વામિનારાયણ મંદિર, શાહીબાગ, અમદાવાદના, સ્વામિનારાયણ બ્લીસ મેંગેજીનના સહ સંપાદક, ન્યૂ. વિવેકજીવનદાસ સ્વામી પાસેથી વ્યાખ્યાનનો લાભ મળશે. જેમાં સુજ્ઞ જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.

# શિક્ષકો મતદાન સુધારણા કાર્યમાં હોવાથી ધો.૩થી ૮ની ત્રિમાસિક કસોટી સ્થગિત કરવા માંગ

## શહેરી વિસ્તારની સ્કૂલોના ૮૦ ટકા શિક્ષકો એસઆઈઆરની કામગીરીમાં રોકાયા છે

**અબતક, રાજકોટ**

રાજ્યની ધો.૩થી ૮ની સ્કૂલોમાં બીજા સત્રની ત્રિમાસિક કસોટી આગામી ૨ ફેબ્રુઆરીથી લેવાની જાહેરાત કરાઈ છે. બીજીબાજુ આજ દિવસો દરમિયાન એટલે કે ૧૩મી ફેબ્રુઆરી સુધી શિક્ષકોને સોંપવામાં આવેલી બીએલઓની કામગીરી અંતર્ગત મતદાન સુધારણાની પ્રક્રિયા પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી છે. આમ, એક સાથે બે પ્રકારની કામગીરીને લઈને શિક્ષકોમાં નારાજગી જોવા મળી રહી છે, શિક્ષક મંડળ દ્વારા ચાલુવર્ષ માટે ત્રિમાસિક કસોટી સ્થગિત કરવાની પણ માગણી કરવામાં આવી છે.શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની ધો.૩થી ૮ની સ્કૂલોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે બીજા સત્રની ત્રિમાસિક કસોટીનો કાર્યક્રમ જાહેર કરાયો છે. જેમાં જીસીઈઆરટીએ જાહેર કરેલા કાર્યક્રમ પ્રમાણે ૨જી ફેબ્રુઆરીથી ૧૪મી ફેબ્રુઆરી દરમિયાન દરેક વિષયની ૪૦-૪૦ ગુણની એક-એક કસોટી લેવાશે. આ ઉપરાંત જીસીઈઆરટી દ્વારા પ્રશ્નબેંક પણ તૈયાર કરવામાં આવી છે. કસોટીમાં ૩૦ ટકા પ્રશ્નો પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ જેવી કસોટીમાં પુછાતાં એમસીક્યુ જેવા પ્રશ્નો પુછવામાં આવશે. બીજી બાજુ શિક્ષણ સંઘના કહેવા પ્રમાણે ચૂંટણી પંચ દ્વારા ૧૩મી ફેબ્રુઆરીએ મતદાન યાદીનો ખાસ સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત શિક્ષકોએ આગામી ૧૩મી ફેબ્રુઆરી સુધી કામગીરી પૂર્ણ કરવાનો સમય અપાયો છે. અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળ દ્વારા શિક્ષણ મંત્રી સમક્ષ રજૂઆ કરાઈ છે કે, ધો.૩થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ૨જીથી ૧૪મી ફેબ્રુઆરી દરમિયાન ત્રિમાસિક કસોટી લેવાની છે. દ્વિતીય સત્ર દરમિયાન ચૂંટણી પંચ દ્વારા શહેર વિસ્તારની સ્કૂલોના ૮૦ ટકા શિક્ષકોની બીએલઓ તરીકે નિયુક્તિ કરી છે.

આ સ્થિતિમાં સ્કૂલમાં અભ્યાસક્રમ પૂરો કરવામાં પણ ભારે મુશ્કેલી ઊભી થઈ છે. અગાઉ પણ શિક્ષકોને બીએલઓની કામગીરી ન આપવા માટે રજૂઆત કરાઈ હતી. હવે ચૂંટણી અધિકારી દ્વારા ૧૩મી ફેબ્રુઆરી સુધીમાં શિક્ષકોને મતદાર સુધારણાની કામગીરી પૂર્ણ કરવા માટે તાકીદ કરવામાં આવી છે ત્યારે હવે ધો.૩થી ૮ના બાળકો માટે દ્વિતીય સત્રની ત્રિમાસિક કસોટી લેવી મુશ્કેલ હોવાથી આ સત્ર પૂરતી કસોટી મોકૂફ રાખવા માંગણી કરાઈ છે.

# મેડિકલ-ડેન્ટલના ૨૫ હજારથી વધુ છાત્રોને ડિપોઝિટના કરોડો રૂપિયા પરત અપાશે

**અબતક, રાજકોટ**

મેડિકલ-ડેન્ટલ સહિતના કોર્સમાં પ્રવેશ માટે પાંચમો રાઉન્ડ પૂર્ણ કરી દેવાયો છે. પાંચમા રાઉન્ડ બાદ મેડિકલમાં ૩ બેઠકો સિવાય તમામ બેઠકો ભરાઇ ગઇ છે. આ સાથે જ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઇ ચુકી હોવાથી હવે ૨૫ હજારથી વધારે વિદ્યાર્થીઓની ડિપોઝિટ રિફંડ આપવાની પ્રક્રિયા અને ૨૫૮૭ વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીની તફાવતની રકમ પરત આપવાની પ્રક્રિયા શરૂ કરાશે. જોકે, વિદ્યાર્થીઓ ૨૦મી સુધીમાં રિફંડ માટે અરજી કરવાની રહેશે. ધો.૧૨ સાયન્સ પછી મેડિકલમાં પ્રવેશ માટેની કાર્યવાહી અંતે પાંચ રાઉન્ડ બાદ પૂર્ણ જાહેર કરવામાં આવી છે. છેલ્લા પાંચમા રાઉન્ડમાં ૩ વિદ્યાર્થીઓ એવા છે કે જેમને મેડિકલમાં પ્રવેશ ફાળવ્યા પછી તેઓએ પ્રવેશ લીધો ન હોવાથી તેમની ૩ લાખ રૂપિયા લેખે અંદાજે ૯ લાખથી વધારે ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે. આ સિવાય ૨૫ હજાર વિદ્યાર્થી એવા છે કે, જેઓએ મેડિકલમાં પ્રવેશ માટે ડિપોઝિટ ભરી હતી પરંતુ પ્રવેશ પ્રક્રિયાના બે રાઉન્ડ પહેલા તેઓએ અન્ય કોર્સમાં પ્રવેશ મેળવી લીધો હતો. નિયમ પ્રમાણે બે રાઉન્ડ પહેલા પ્રવેશ ટ્રાન્સફર કરવામાં આવે તો તેમની ડિપોઝિટ રિફંડ આપવામાં આવતી હોય છે. જેના કારણે હવે ૨૫ હજાર વિદ્યાર્થીઓને ડિપોઝિટ પાછી આપવાની પ્રક્રિયા પ્રવેશ સમિતિ દ્વારા શરૂ કરાશે. આ માટે જે તે વિદ્યાર્થીઓએ આગામી ૨૦મી સુધીમાં પ્રવેશ સમિતિ સમક્ષ રિફંડ માટે દરખાસ્ત કરવાની રહેશે. સૂત્રો કહે છે કે, ૨૫૮૭ વિદ્યાર્થીઓ એવા છે કે જેઓએ એક કોર્સમાંથી બીજા કોર્સમાં કે કોલેજમાં ટ્રાન્સફર લીધી હોવાના કારણે તેમને તફાવતની રકમ પરત આપવાની થાય છે. પ્રવેશ સમિતિ દ્વારા આ વિદ્યાર્થીઓને ટ્યૂશન ફીની તફાવતની રકમ પરત આપવામાં આવશે. હાલમાં મેડિકલની પારુલ કોલેજ, એનએચએલ અને નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજની એક-એક બેઠક ખાલી પડી છે. આમ, પ્રવેશ સમિતિ દ્વારા હવે આગામી દિવસોમાં ૨૫ હજાર વિદ્યાર્થીઓને ૧૦ હજાર રૂપિયા લેખે ૨૫ કરોડ રૂપિયા જેટલી ડિપોઝિટની રકમ પરત આપવામાં આવશે. આજ રીતે ૨૫૮૭ વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીનો તફાવત પણ પરત કરવામાં આવશે. આમ, પ્રવેશ સમિતિ દ્વારા મેડિકલની ત્રણ ખાલી બેઠક સાથે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં રિફંડ અને જે તે કોલેજોને ફી પરત કરવાની કામગીરી સમિતિ દ્વારા પૂર્ણ કરવામાં આવશે.

# ખેતીની જમીનના રી-સર્વેમાં અરજી લેવાની મુદત વધુ એક વર્ષ વધારાઇ

## જમીન રીસર્વે બાદ તેમાં અનેક ક્ષતિઓ બહાર આવતા ખેડૂત વર્ગમાં ભારે નારાજગી ફેલાઇ હતી

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં એક દાયકાથી ચાલતી ખેતીની જમીનની રી-સર્વેની કામગીરી હજુ સુધી પૂર્ણ ન થઇ શકતા વધુ એક વાર એક વર્ષ માટે ૩૧-૧૨-૨૦૨૬ સુધી અરજી લેવાની મુદત લંબાવવાની સરકારને ફરજ પડી છે. ખેડૂતોને જમીનના નકશા ડિજિટલ અને અદ્યતન આપવા માટે કરોડોના ખર્ચે મોટાપાયે પ્રોજેક્ટ શરૂ કરાયો હતો પરંતુ જેમ જેમ રી-સર્વેની વિગતો બહાર આવી તેમ તેમ લાખોની સંખ્યામાં માપણીમાં ફેરફાર થઇ ગયા હોવાના વાંધા સરકારને મળ્યા હતા. જેનો નિકાલ કરાઇ રહ્યા હોવાના દાવા છતાં સમગ્ર પ્રક્રિયા હજુ પૂર્ણ થઇ શકી નથી. મહેસૂલ વિભાગ દ્વારા રાજ્યમાં ખેતીની જમીન રીસર્વે માટે ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકર્ડ મોર્ડનાઇઝેશન પ્રોગ્રામ શરૂ કરાયો હતો. જેમાં ખેતીની જમીનની માપણી કરી પ્રમોલગેશન કરવાની કામગીરી ૩૩ જિલ્લામાં શરૂ કરાઇ હતી. પ્રમોલગેશન પછી રીસર્વે રેકર્ડમાં સંખ્યાબંધ ખાતેદારો દ્વારા રેકર્ડની ભૂલો સુધારવા માટે રજૂઆતો મળી છે. નારાજ અરજદારોને જમીન મહેસૂલના કાયદા હેઠલ અપીલ કરવાની જોગવાઇ છે. જેમાં દાદ મેળવવામાં વિલંબ અને ખાતેદારોની હેરાનગતિ, વકીલાત ફી કે અન્ય ખર્ચ સહિત હાડમારી ભોગવવાના પ્રશ્નો ઉભા ન થાય તે માટે પ્રમોલગેશન પછી આવી અરજીઓ માટે અપીલ કરવાના બદલે લેન્ડ રેકર્ડના અધિક્ષકને સાદી અરજીના આધારે નિકાલ કરવાની સત્તા અપાઇ હતી. સાદી અરજી કરવાની સમય મર્યાદા ૩૧ ડિસેમ્બર-૨૦૨૫એ પૂર્ણ થઇ જતી હતી. પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા તેમાં વધારો કરવા માટે અને ખેડૂત ખાતેદારોને અરજી કરવાની તક મળી શકે તે માટે સમય મર્યાદા ૩૧ ડિસેમ્બર-૨૦૨૬ સુધી લંબાવવાનો નિર્ણય વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે જમીન રીસર્વે બાદ તેમાં અનેક ક્ષતિઓ બહાર આવતા ખેડૂત વર્ગમાં ભારે નારાજગી ફેલાઇ હતી. ૨૦૧૬ના વર્ષથી રીસર્વેની કામગીરી ચાલી રહી છે. રાજ્યમાં ૯૫ લાખ જેટલા ખેતીના સર્વે નંબર છે. જમીનની અદ્યતન રીતે માપણી કરાયાના દાવા બાદ મૂળ ખેતીની જમીનના માપમાં ફેરફારો થઇ ગયા હોવાના વાંધા ૫ લાખથી પણ વધુ એકસમયે સરકારને મળ્યા હતા.

# જાગૃતતા વધી: રોજ ૨૦ કપલ કરાવે છે મેરેજ રજિસ્ટ્રેશન!

## વર્ષ - ૨૦૨૫માં કોર્પોરેશનના લગ્ન નોંધણી વિભાગમાં ૭૪૪૦ યુગલોએ કરાવી નોંધણી

**અબતક, રાજકોટ**

છેલ્લા થોડા સમયથી લગ્ન કર્યા બાદ મેરેજ રજિસ્ટ્રેશન કરાવવા માટે યુગલોમાં જાગૃતતા વધી છે. વર્ષ ૨૦૨૫માં ૭૪૪૦ યુગલો લગ્નગ્રંથીથી જોડાઈને નોંધણી કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગત વર્ષ રોજ ૨૦ યુગલોએ સરેરાશ લગ્ન નોંધણી કરાવી છે.રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

લગ્ન નોંધણીના નિયમ મુજબ મહાપાલિકાની હદમાં લગ્નગ્રંથીથી જોડાયા હોય તેવા યુગલો લગ્ન નોંધણી મહાપાલિકા કચેરીમાં કરવી શકે છે. એક વર્ષ ૭૪૪૦ યુગલોએ મેરેજ રજિસ્ટ્રેશન કરાવ્યા છે.હાલ કમુર્તા હોવાથી એક માસ લગ્નની સિઝન બંધ રહેવા પામી છે. છતાં પણ અનેક પાર્ટી પ્લોટમાં આજે પણ લગ્ન લેવાતા હોવાથી જાન્યુઆરીના મધ્યાંતે લગ્ન નોંધણી માટે ફરી યુગલોનો ધસારો જોવા મળશે. હવે સરકારી નોકરીઓ તેમજ અન્ય સરકારી કામોમાં તથા વિદેશ જવા માટે મેરેજ સર્ટીફિકેટની જરૂરિયાત ફરજિયાત થતાં અને મેરેજ સર્ટીફિકેટ હોવું જરૂરી છે તેવી જનજાગૃતિ આવ્યા બાદ મોટાભાગના યુગલો લગ્ન બાદ તુરંત મેરેજસર્ટીફિકેટ કઢાવી લેવાનો આગ્રહ રાખતા થયા છે. જેના લીધે મેરેજ સર્ટી કઢાવનાર દંપતિઓમાં સતત વધારો જોવા મળી રહ્યો છે.

**ક્યાં માસમાં કેટલા મેરેજ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ આપ્યા**

| | |
|---|---|
| જાન્યુઆરી | ૬૮૩ |
| ફેબ્રુઆરી | ૫૮૩ |
| માર્ચ | ૮૦૮ |
| એપ્રિલ | ૭૪૦ |
| મે | ૭૭૮ |
| જૂન | ૭૧૪ |
| જૂલાઈ | ૭૪૧ |
| ઓગસ્ટ | ૪૧૭ |
| સપ્ટેમ્બર | ૪૦૨ |
| ઓક્ટોબર | ૨૯૧ |
| નવેમ્બર | ૫૧૯ |
| ડિસેમ્બર | ૭૬૧ |

માવઠાને કારણે ગઈકાલે મોકુફ રહેલી

# હનુમાન ચાલીસા યુવા કથામાં આતશબાજી સાથે આજે 'હનુમાન જન્મોત્સવ'

## સૌથી મોટું સાઉન્ડ, લાઈટશો બનશે આકર્ષણનું કેન્દ્ર

**અબતક, રાજકોટ**

રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આયોજિત 'શ્રી હનુમાન ચાલીસા યુવા કથા'માં ગઈ કાલે ૩૧ડિસેમ્બરના રોજ અચાનક વરસેલા વરસાદને કારણે આયોજકો દ્વારા કથાના કાર્યક્રમને સાવચેતીના ભાગરૂપે સ્થગિત રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. આજે તારીખ ૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ રેસકોર્સ ગ્રાઉન્ડ પર હનુમાન જન્મોત્સવની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ રાત્રે ૮ કલાકે શરૂ થશે, જેમાં રાજકોટનું સૌથી મોટું સાઉન્ડ, લાઈટ અને ફાયર વર્ક્સ (આતશબાજી) આકર્ષણનું કેન્દ્ર બનશે..'' આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડે તેવી શક્યતા છે. કથા સમિતિ દ્વારા તમામ ભક્તોને આ ભવ્ય ઉજવણીમાં સહભાગી થવા હાર્દિક



આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### આજથી મહા જનસંપર્ક અભિયાનનો આરંભ

# ૧૭ મહાપાલિકા વિસ્તારમાં કોંગ્રેસ જનતાના સુચનો મેળવી 'મેનીફેસ્ટો' બનાવશે

## જિલ્લા પંચાયતની ૧૦૯૦ બેઠકો અને તાલુકા પંચાયતની ૫૨૦૦ બેઠકો પર જનતા સાથે સીધો સંવાદ કરાશેઃ અમિત ચાવડા

**અબતક, રાજકોટ**

કોંગ્રેસ દ્વારા આજથી રાજયવ્યાપી મહાજન સંપર્ક અભિયાનનો આરંભ કરી દેવામાં આવ્યો છે. રાજયની ૧૭ મહાપાલિકા વિસ્તારમાં વોર્ડના કાર્યકર્તાઓ દ્વારા ઘરે-ઘરે જઇ લોકોના સુચનો અને અભિપ્રાય મેળવી તેના આધારે જનતાનો મેની ફેસ્ટો તૈયાર કરવામાં આવશે. જિલ્લા પંચાયતની ૧૦૯૦ બેઠકો અને તાલુકા પંચાયતની ૫૨૦૦ બેઠકો ઉપર કોંગ્રેસના નેતાઓ જનતા સાથે સીધો સંવાદ કરશે તેવી જાહેરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિતભાઇ ચાવડા દ્વારા કરવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, આગામી ૨૦૨૬ના વર્ષ માટે સંગઠનાત્મક આયોજન અને જનતાના પ્રશ્નોને વાચા આપવા માટે 'મહા જનસંપર્ક અભિયાન'ની જાહેરાત કરવામાં આવી છે.

આજથી કોંગ્રેસ આક્રમક રીતે 'મહા જનસંપર્ક અભિયાન' અને 'ગો ટુ ધ પીપલ' કાર્યક્રમ સાથે મેદાનમાં ઉતરશે. આ અભિયાન અંતર્ગત રાજ્યની તમામ ૧૦૯૦ જિલ્લા પંચાયત બેઠકો અને તેમાં સમાવિષ્ટ ૫૨૦૦ તાલુકા પંચાયત બેઠકો પર કોંગ્રેસ સીધો 'જનસંવાદ' સ્થાપિત કરશે. આ કાર્યક્રમ દ્વારા ગ્રામીણ સ્તરે સિસ્ટમની ખામીઓ અને ભ્રષ્ટાચારને ઉજાગર કરી આંદોલનાત્મક લડાઈ લડવામાં આવશે.

શહેરી સ્તરે કોંગ્રેસે 'કોંગ્રેસ આપને દ્વાર' કાર્યક્રમની જાહેરાત કરી છે, જે અંતર્ગત રાજ્યના ૧૭ મહાનગરોમાં કોંગ્રેસનો કાર્યકર દરેક ઘર સુધી પહોંચશે. રાજકીય ઈતિહાસમાં પ્રથમવાર કોંગ્રેસ એસી ઓફિસમાં બેસીને નહીં પરંતુ શિક્ષણ, રસ્તા, આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા પાયાના પ્રશ્નો પર પ્રજાના પ્રત્યક્ષ સૂચનો



મેળવી 'જનતાનો મેનિફેસ્ટો' તૈયાર કરશે. આ ઉપરાંત, શહેરોમાં જે લોકોની રજૂઆતો સરકારી કચેરીઓમાં સાંભળવામાં આવતી નથી, તેમના માટે વોર્ડ દીઠ 'જનમંચ' પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે. આ મંચ પરથી પ્રાપ્ત થયેલી ફરિયાદો અને ગેરવહીવટના પુરાવાઓને આધારે વોર્ડ વાઈઝ 'જનાક્રોશ પદયાત્રા' યોજી પ્રજાના ટેકસના પૈસાની લૂંટ ચલાવનારાઓને ખુલ્લા પાડવામાં આવશે. કોંગ્રેસ પક્ષે સ્પષ્ટ કર્યું છે કે આ અભિયાન મુઠ્ઠીભર લોકોના હિત માટે નહીં, પરંતુ ગુજરાતના બહોળા જનસમૂહના હક અને અધિકાર માટે છે.

કાર્યક્રમ વિસ્તાર લક્ષ્યાંક મુખ્ય હેતુ અને પ્રવૃત્તિઓ

જનસંવાદ કાર્યક્રમ ગ્રામ્ય વિસ્તાર ૧૦૯૦ જિલ્લા પંચાયત અને ૫૨૦૦ તાલુકા પંચાયત બેઠકો દરેક ગામ સુધી પહોંચીને લોકો સાથે સીધો સંવાદ કરવો અને ભ્રષ્ટાચાર વિરુદ્ધ આંદોલનાત્મક લડાઈ લડવામાં આવશે.

કોંગ્રેસ આપને દ્વાર

જનતાનો મેનિફેસ્ટો શહેરી વિસ્તાર ૧૭ મહાનગરોના તમામ વોર્ડમાં કાર્યકર્તાઓ દ્વારા ઘેર-ઘેર જઈને સુચનો અને અભિપ્રાયો મેળવીને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પ્રજાલક્ષી જનતાનો મેનિફેસ્ટો વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવશે.

જનમંચ -

જન આક્રોશ પદયાત્રા શહેરી વિસ્તાર - વોર્ડ દીઠ તમામ મહાનગરોમાં જે લોકોની રજૂઆત સરકારી કચેરીઓમાં સાંભળવામાં નથી આવતી, રાજકીય પક્ષાપક્ષીથી દુર તેમને પ્રશ્નો રજૂ કરવા માટે મંચ આપવામાં આવશે. જનમંચ પરથી ઉજાગર થયેલા ભ્રષ્ટાચાર અને જનતાના પ્રશ્નોના નિરાકરણ માટે લોકોની સાથે મળીને પદયાત્રા કરવામાં આવશે.

પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી અને મીડીયા કોકન્વીનર અને પ્રવક્તા હેમાંગભાઈ રાવલ ઉપસ્થિત રહ્યાં હતાં.

# નવા વર્ષે એલપીજી સિલિન્ડરની કિંમતમાં રૂ.૧૧૧નો વધારો

## ઘરેલુ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથીઃ ૧૯ કિલોગ્રામના કોમર્શિયલએલપીજી સિલિન્ડરની કિંમત હવે ૧૬૯૧.૫૦ થશે

**અબતક, રાજકોટ**

નવા વર્ષ ૨૦૨૬ની શરૂઆત સાથે જ મોંઘવારીનો આંચકો લાગ્યો છે. સરકારે ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૧૧ રૂપિયાનો વધારો કર્યો છે. આ વધારો આજથી અમલમાં આવ્યો છે. આ વધારાથી હોટલ, રેસ્ટોરન્ટ અને નાના વ્યવસાયો માટે ખર્ચમાં વધારો થશે. દિલ્હીમાં ૧૯ કિલોગ્રામના કોમર્શિયલએલપીજી સિલિન્ડરની કિંમત હવે ૧૬૯૧.૫૦ થશે, જે અગાઉ ૧૫૮૦.૫૦ રૂપિયા હતી. કોલકત્તામાં હવે તેની કિંમત ૧૭૯૫.૦૦ રૂપિયા હશે જે અગાઉ ૧૬૮૪ રૂપિયા હતી. મુંબઈમાં હવે તેની કિંમત ૧૬૪૨.૫૦ રૂપિયા હશે જે અગાઉ ૧૫૩૧ રૂપિયા હતી. ૧૪ કિલોગ્રામના ઘરેલુ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. દેશના મોટાભાગના શહેરોમાં રસોઈ ગેસની કિંમત ૮૫૦ થી ૯૬૦ રૂપિયાની વચ્ચે છે. હાલમાં દિલ્હીમાં ઘરેલુ એલપીજી સિલિન્ડર ૮૫૩ રૂપિયામાં ઉપલબ્ધ છે, જ્યારે મુંબઈમાં ૮૫૨.૫૦, લખનઉમાં ૮૯૦.૫૦ રૂપિયા, અમદાવાદમાં ૮૬૦ રૂપિયા, હૈદરાબાદમાં ૯૦૫, વારાણસીમાં ૯૧૬.૫૦ રૂપિયા અને પટનામાં ૯૫૧ રૂપિયામાં મળી રહ્યો છે. ઈન્ડિયન ઓઈલની વેબસાઈટ અનુસાર, ૧૯ કિલોગ્રામના સિલિન્ડર હવે પટનામાં ૧૯૫૩.૫૦ , નોઈડામાં ૧૬૯૧ રૂપિયા, લખનઉમાં ૧૮૧૪ રૂપિયા, ભોપાલમાં ૧૬૯૬ રૂપિયા અને ગુરુગ્રામમાં ૧૭૦૮.૫૦ રૂપિયામાં મળશે

એલપીજી સિલિન્ડરની કિંમત ઘણા પરિબળો પર આધાર રાખે છે. પ્રથમ તે ઈમ્પોર્ટ પેરિટી પ્રાઈસના આધારે નક્કી કરવામાં આવે છે, જેમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસની કિંમત, ડોલર-રૂપિયા વિનિમય દર, નૂર, વીમો અને કરનો સમાવેશ થાય છે. દેશના દરેક રાજ્યમાં કર અને લોજિસ્ટિક્સ ખર્ચ અલગ અલગ હોય છે, તેથી અલગ અલગ રાજ્યોમાં એલપીજી ભાવમાં તફાવત છે.

# એસ.ટી.બસની મુસાફરી આજથી મોંઘીઃ ભાડામાં ૩ ટકાનો વધારો

## ૯ કિ.મી. સુધીની મુસાફરીમાં કોઈ વધારો નહીંઃ ૧૦ થી ૬૦ કિ.મી.ની મુસાફરીમાં રૂ.૧નો વધારો

**અબતક, રાજકોટ**

અંગ્રેજોના નવા વર્ષના આરંભ સાથે જ આજથી એસ.ટી.,બસમા મુસાફરી કરવી મોંઘી બની છે. ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમ દ્વારા મુસાફરી ભાડામાં ૩ ટકાનો વધારો ઝીંકવામાં આવ્યો છે.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત અનુસાર નિગમની પરિવહન સેવાઓ વધુ મજબુત અને સુવિધાયુક્ત બને તે ધ્યાને લઈ ભાડા વધારામાં ફેરફાર કરવાની સત્તાઓ અનુસાર નિગમના સંચાલક મંડળ દ્વારા નિગમની સર્વિસોમાં ગત મધ્યરાત્રીથી ભાડામાં ૩% વધારો કરવાનો તે નિર્ણય લેવામાં આવ્યો છે.

જેમાં, લોકલ સર્વિસોમાં કુલ મુસાફરો પૈકી ૮૫% ૪૮ કી.મી. સુધીની મુસાફરી કરે છે. જેમાં ૯ કી.મી.સુધીના મુસાફરોને કોઈ ભાડા વધારો થશે નહિ જ્યારે ૧૦ કી.મી. થી ૬૦ કી.મી. ના મુસાફરોને માત્ર રૂ.૧નો નજીવો ભાડા વધારો કરાયો છે. આ ભાડા વધારા બાદ પણ અન્ય રાજયની સરખામણીએ ગુજરાત એસી.ટી.નું લોકલ તથા એક્સપ્રેસ બસ ભાડુ ઓછું રહેવા પામે છે. જેમ કે, લોકલ સર્વિસમાં પ્રતિ કી.મી /સીટ ગુજરાત-૦.૯૧, મહારાષ્ટ્ર-૧.૬૮. ઉત્તરપ્રદેશ-૧.૩૦,મધ્યપ્રદેશ-૧.૨૫, આન્ધ્રપ્રદેશ-૧.૦૨ અને રાજસ્થાન-૧.૦૦ જયારે એક્સપ્રેસ સર્વિસમાં પ્રતિ કી.મી /સીટ ગુજરાત-૦.૯૭, મહારાષ્ટ્ર-૧.૬૮, ઉત્તરપ્રદેશ-૧.૬૪,મધ્યપ્રદેશ-૧.૩૮, આન્ધ્રપ્રદેશ-૧,૨૫ અને રાજસ્થાન-૧.૧૦ છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ૮૦૦૦ થી વધુ બસો થકી ૩૨ લાખથી વધુ કી.મી.નું અંતર કાપી ૨૭ લાખ મુસાફરોને અસરકારક જાહેર પરીવહનની સુવિધાઓ પુરી પાડે છે,

રાજ્યમાં પુર. વાવાઝોડું, આગ, પેન્ડેમિક વિગેરે જેવી આકસ્મિક પણ નિગમ રાજ્યના નાગરિકોને સતત સેવા પુરી પાડે છે.

નિગમ દ્વારા છેલ્લા ૧૪ માસમાં અત્યાધુનિક ટેકનોલોજી વાળાબીએસ ૬ પ્રકારના ૧૪૭૫ નવીન બસો પ્રજાની સેવામાં મુકવામાં આવેલ છે. આ બસોમાં સ્લીપર કોચ, લકઝરી.સેમી લકઝરી,સુપર ડિલક્ષ અને મીની બસનો સમાવેશ થાય છે.

સાથોસાથ પાછલા એક વર્ષમાં ૧૩ બસ સ્ટેશનો અને ડેપોનું કરવામાં આવેલ છે. આ સુવિધાનો દૈનિક ૧ લાખ લોકો લાભ લઈ રહ્યા છે, ડીજીટલ પેમેન્ટને પ્રોત્સાહન મળી રહે અને મુસાફરોને છુટ્ટા ભાડાના પૈસાની ઝંઝટમાંથી મુક્તી મળી રહે તે માટે નિગમ દ્વારા અમદાવાંદ, રાજકોટ. જામનગર અને જુનાગઢ વિભાગમાં ૩૦૦૦ સ્માર્ટ ઈ.ટી.એમ. મશીન ફાળવી બસની અંદર જ ડીજીટલ પેમેન્ટ સ્વીકરવાની શરૂઆત આવેલ છે. તેમજ ટૂંક સમયમાં અન્ય વિભાગો ખાતે નવિન ૭૫૦૦ સ્માર્ટ ઈટીએમ સંચાલનમાં મુકવામાં આવનાર છે,

સુવિધાયુક્ત વિવિધ પ્રકારની બસોની સાથોસાથ બસ સ્ટેશનના ઈન્ફ્રાસ્ટ્રકચરમાં સુધારો થાય અને એરપોર્ટ પ્રકારના બસપોર્ટ રાજ્યની સેવામાં પ્રજા અર્પણ કરવા સરકાર કટિબદ્ધ છે.

અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, પાલનપુર, મહેસાણા ભરુચ, ભુજ અને અમરેલી વગેરે જેવા અદ્યતન બસપોર્ટ કાર્યરત છે તથા નજીકના વધુ બસ પોર્ટ મુસાફરોની સવલતમાં મુકવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાંથી આગામી વર્ષમાં ૨૦૬૦ નવીન બસો પ્રજાની સેવામાં મુકવાનું આયોજન છે,

નિગમ દ્વારા વધુ અને સારી પરિવહન સેવાઓ પુરી પાડવા માટે ૨૩૨૦ કંડક્ટરનીની નિમણુક કરેલ છે. જયરે ટૂંક સમયમાં ૩૦૮૪ ડ્રાઈવર અને ૧૬૫૮ હેલ્પરની નિમણુક કરાશે.

# ચાર નવા શ્રમ કાયદા માટે ડ્રાફ્ટ નિયમો જાહેર : ૧ એપ્રિલથી અમલ શરૂ કરવા તૈયારી

## ૩૦થી ૪૫ દિવસ સુધીમા વાંધા- સૂચનો કરી શકાશે : આ નવા કાયદા હેઠળ લેખિત નિમણૂક પત્રો ફરજિયાત, ૪૦ વર્ષથી વધુ ઉંમરના કર્મચારીઓ માટે મફત આરોગ્ય તપાસ, સમાન કામ માટે સમાન પગાર અને મહિલાઓને વિવિધ શિફ્ટમાં કામ કરવાની તકો મળશે

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે ચારેય શ્રમ સંહિતા માટે ડ્રાફ્ટ નિયમો બહાર પાડીને આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે બુધવારે આ ડ્રાફ્ટને પ્રી-પબ્લિશ કર્યા છે જેથી તમામ હિસ્સેદારો પાસેથી પ્રતિસાદ મેળવી શકાય.આગામી ૩૦થી ૪૫ દિવસ સુધી વાંધા સૂચનો મંગાવવામાં આવ્યા છે. સરકાર ૧ એપ્રિલ, ૨૦૨૬ થી દેશભરમાં ચારેય શ્રમ સંહિતાનો સંપૂર્ણ અમલ કરવાનો ઈરાદો ધરાવે છે. અમલીકરણ પછી, આ સંહિતા નોકરીની પરિસ્થિતિઓ, પગાર માળખા, સામાજિક સુરક્ષા અને કાર્યકારી પરિસ્થિતિઓમાં મોટા ફેરફારો લાવશે, જેની અસર લાખો કર્મચારીઓ અને કંપનીઓ બંને પર પડશે.

સરકાર જે ચાર શ્રમ સંહિતા લાગુ કરી રહી છે તેમાં વેતન સંહિતા ૨૦૧૯, ઔદ્યોગિક સંબંધો સંહિતા ૨૦૨૦, સામાજિક સુરક્ષા સંહિતા ૨૦૨૦ અને વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓ સંહિતા ૨૦૨૦નો સમાવેશ થાય છે. આ કાયદાઓ પહેલાથી જ સૂચિત કરવામાં આવ્યા છે, પરંતુ સંપૂર્ણ રીતે કાર્યરત થવા માટે તેમના હેઠળ નિયમો જારી કરવા જરૂરી હતા. મંત્રાલય જણાવે છે કે નિયમો વિના કાયદાઓને લાગુ કરી શકાતા નથી. આ જ કારણ છે કે રાજ્યો અને ઉદ્યોગો પાસેથી સૂચનો માંગીને ડ્રાફ્ટ નિયમો જારી કરવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકાર ૧ એપ્રિલ, ૨૦૨૬ થી સમગ્ર દેશમાં ચારેય શ્રમ સંહિતા એકસાથે લાગુ કરવાની યોજના ધરાવે છે. શ્રમ એક સહવર્તી વિષય હોવાથી, રાજ્યોએ કેન્દ્ર સરકાર સાથે મળીને તેમના સ્તરે નિયમોને સૂચિત કરવાની જરૂર પડશે. ઘણા રાજ્યો પહેલાથી જ આ પ્રક્રિયામાં રોકાયેલા છે. ઔદ્યોગિક સંબંધો સંહિતા ૨૦૨૦ માટે ૩૦ દિવસની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે, જ્યારે બાકીના ત્રણ સંહિતા પર પ્રતિસાદ માટે ૪૫ દિવસની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. આ પછી, સરકાર અંતિમ નિયમોને સૂચિત કરી શકે છે.

નવા શ્રમ સંહિતા લાગુ થયા પછી, કર્મચારીઓ માટે લેખિત નિમણૂક પત્રો આપવા ફરજિયાત રહેશે. ૪૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના કર્મચારીઓ માટે મફત આરોગ્ય તપાસની જોગવાઈ હશે. સમાન કામ માટે સમાન પગાર અને મહિલાઓને વિવિધ શિફ્ટમાં કામ કરવાની સમાન તકો પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.સામાજિક સુરક્ષાના વ્યાપને ઝડપથી વિસ્તૃત કરવાની પણ યોજના છે. સરકાર માર્ચ ૨૦૨૬ સુધીમાં ૧ અબજ કામદારોને સામાજિક સુરક્ષા કવરેજ પૂરું પાડવાનું લક્ષ્ય રાખે છે. જ્યારે ૨૦૧૫ માં કવરેજ માત્ર ૧૯ ટકા હતું, તે ૨૦૨૫ માં વધીને ૬૪ ટકાથી વધુ થઈ ગયું છે.ભારતીય ઉદ્યોગ સંઘના મહાનિર્દેશક ચંદ્રજીત બેનર્જીએ જણાવ્યું હતું કે ચાર શ્રમ સંહિતા માટે ડ્રાફ્ટ નિયમોનું પ્રકાશન શ્રમ સુધારાઓ લાગુ કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ ઉદ્યોગને તૈયાર કરવામાં, પાલનને સરળ બનાવવામાં અને કામદારોના રક્ષણને મજબૂત બનાવવામાં મદદ કરશે. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ પહેલાથી જ સ્પષ્ટતા કરી છે કે વર્તમાન પરિસ્થિતિઓને પ્રતિબિંબિત કરવા માટે જૂના ડ્રાફ્ટ નિયમોને અપડેટ કરવાની જરૂર છે. આ જ કારણ છે કે સરકારે નવા ડ્રાફ્ટ નિયમો બહાર પાડ્યા છે.ચાર શ્રમ સંહિતાનો અમલ ભારતની શ્રમ પ્રણાલીમાં સૌથી મોટો સુધારો માનવામાં આવે છે. આ કર્મચારી સલામતી, વેતન અને કાર્યકારી પરિસ્થિતિઓ પર વધુ સ્પષ્ટતા પ્રદાન કરશે, જ્યારે વ્યવસાયો માટે નિયમોનું પાલન કરવાનું સરળ બનાવશે. જો બધું નિર્ધારિત સમયરેખા મુજબ ચાલે છે, તો રોજગાર, પગાર અને કામના કલાકો સંબંધિત નિયમો ખરેખર ૧ એપ્રિલ, ૨૦૨૬ થી એક નવું સ્વરૂપ ધારણ કરશે. જો કે, અંતિમ ચિત્ર રાજ્યની સૂચનાઓ અને અંતિમ નિયમો પર આધારિત રહેશે.

# સ્વચ્છતામાં નંબર ૧ ઈન્દોરમાં પાણીના પ્રદૂષણથી હજારો ઝપટે ચડ્યાઃ નવના મોત

## પીવાના પાણીની લાઈનમાં ગટરનું ગંદુ પાણી ભળી જવાથી ૯ના મોત હોસ્પિટલોમાં ૧૬૨ દર્દીઓ દાખલ

આઠ વર્ષથી સતત દેશનું સૌથી સ્વચ્છ શહેર ગણાતું ઈન્દોર અત્યારે પાણીના પ્રદૂષણને કારણે મુશ્કેલીમાં મુકાયું છે. શહેરના ભગીરથપુરા વિસ્તારમાં પીવાના પાણીની લાઈનમાં ગટરનું ગંદુ પાણી ભળી જવાથી મોટો રોગચાળો ફાટી નીકળ્યો છે. આ દૂષિત પાણી પીવાને કારણે અત્યાર સુધીમાં ૯ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે, જ્યારે ઝાડા-ઉલટીની ફરિયાદ સાથે ૧૬૨ જેટલા દર્દીઓ શહેરની અલગ-અલગ ૨૭ હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે, જેમાંથી ૨૬ દર્દીઓની હાલત ગંભીર હોવાથી તેમને આઈસીયુમાં રાખવામાં આવ્યા છે.

આ ગંભીર ઘટનાની તપાસ કરતા જાણવા મળ્યું છે કે, એક પોલીસ ચેક-પોસ્ટ પાસે બનેલા શૌચાલયનું ગંદુ પાણી કોન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે સીધું પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનમાં ભળી ગયું હતું. આ વિસ્તારની લગભગ ૧૫,૦૦૦ની વસ્તી પર જોખમ ઊભું થયું છે. તંત્ર દ્વારા અત્યાર સુધીમાં આશરે ૮,૦૦૦ ઘરોનો સર્વે કરવામાં આવ્યો છે, જેમાં ૨,૪૦૦થી વધુ લોકોમાં બીમારીના લક્ષણો જોવા મળતા તેમને સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપવામાં આવી છે.

મુખ્યમંત્રી મોહન યાદવે આ ઘટનાની ગંભીરતાને જોતા મૃતકોના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયાની સહાય અને તમામ દર્દીઓને મફત સારવાર આપવાની જાહેરાત કરી છે. બીજી તરફ, ફરજમાં બેદરકારી બદલ મ્યુનિસિપલ કોર્પોરેશનના બે અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને એક એન્જિનિયરને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. હાઈકોર્ટે પણ આ મામલે કડક વલણ અપનાવીને સરકાર પાસે ૨ જાન્યુઆરી સુધીમાં સંપૂર્ણ અહેવાલ માંગ્યો છે.

# વાહ રે ઉદ્યોગપતિ : ૬૦ બોગસ કંપનીથી રૂ.૬૨૦૦ કરોડનું કૌભાંડ આચર્યુ

## નકલી બિલ અને રસીદો બનાવી બેંકોને છેતરવામાં આવી અને તેનું ૯૯% વેચાણ માત્ર હિસાબી ચોપડામાં જ હતું

**અબતક દિલ્હી**

બેંકિંગ ઈતિહાસમાં છેતરપિંડીનો એક અનોખો કિસ્સો સામે આવ્યો છે, જેમાં કોઈ વાસ્તવિક ધંધા વગર માત્ર હિસાબી ચોપડાઓના આધારે રૂ.૬૨૦૦ કરોડની લોન મેળવીને બેંકોને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. મુખ્ય આરોપી સંજય સુરેકાએ પોતાની કંપની 'કોનકાસ્ટ સ્ટીલ એન્ડ પાવર લિમિટેડ' દ્વારા આ ખેલ રચ્યો હતો. તેણે ૬૦ જેટલી નકલી કંપનીઓ ઉભી કરી હતી. હકીકતમાં કોઈ માલની અવરજવર થતી નહોતી, પરંતુ કાગળ પર એવું બતાવવામાં આવતું કે કંપનીઓ વચ્ચે કરોડોનો સ્ટીલનો વેપાર થઈ રહ્યો છે. ટ્રકોના નકલી બિલ અને રસીદો બનાવીને બેંકોને છેતરવામાં આવી હતી. ૯૯% વેચાણ માત્ર હિસાબી ચોપડામાં જ હતું. બેંક ખાતામાં કોઈ વાસ્તવિક નાણાંની લેવડ-દેવડ થતી નહોતી. લાંચના પૈસાથી નકલી કંપનીઓના નામે મિલકતો ખરીદવામાં આવી હતી, જે બાદમાં ગોયલના પરિવારના નામે ટ્રાન્સફર કરી દેવાઈ હતી. ઈડી દ્વારા મે મહિનામાં બેંકના પૂર્વ સીએમડી એસ.કે. ગોયલની અને ૨૦૨૪ માં સંજય સુરેકાની ધરપકડ કરવામાં આવી છે.

બેંકોએ રૂ.૬૨૦૦ કરોડની લોન આપી હતી, પરંતુ તેની સામે રિકવરી માટે કંપનીની મિલકતોની કિંમત માત્ર રૂ. ૬૦૦ કરોડ જ છે. અત્યાર સુધીમાં માત્ર રૂ. ૪૩૪ કરોડની મિલકતો જ વેચી શકાઈ છે . ઈડીએ આ મામલે અત્યાર સુધીમાં રૂ. ૧૦૦ કરોડથી વધુની સંપત્તિ ટાંચમાં લીધી છે. આનાથી એવું લાગી રહ્યું છે કે કેવી રીતે સિસ્ટમની ખામીઓનો લાભ ઉઠાવીને અને ભ્રષ્ટ અધિકારીઓની મદદથી સરકારી નાણાંની ઉચાપત કરવામાં આવી.

# જીડીપી દરમાં વધારો કરવાની દિશામાં કામ કરોઃ દરેક જિલ્લાને સીએમની સુચના

## જીડીપીમાં વૃધ્ધી માટે ઉચ્ચ સનદી અધિકારીઓને અપાયું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

રાજયના તમામ જિલ્લામાં સમાન આર્થિક વિકાસ સુનિશ્ચિત કરી જીડીપીના દરમાં વધારવાની દિશામાં કામ કરવાની મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા આદેશ આપવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા અને '૫ ટ્રિલિયન ઈકોનોમી' બનાવવાનું જે લક્ષ્ય નિર્ધારિત કર્યું છે, તેને સાકાર કરવામાં ગુજરાત અગ્રેસર ભૂમિકા ભજવશે. આ દિશામાં એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજયના તમામ જિલ્લાઓના જીડીપી દરમાં વૃદ્ધિ કરીને સમગ્ર રાજયનો આર્થિક વિકાસ દર વધારવાનો મક્કમ નિર્ધાર કર્યો છે.

આ અંગે મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં લેવાયેલા શ્રેણીબદ્ધ આર્થિક સુધારાઓને પરિણામે ભારતના જીડીપી દરમાં ઉત્તરોત્તર વધારો અને મોંઘવારી દરમાં ઘટાડો થઈ રહ્યો છે. દેશની અર્થવ્યવસ્થામાં ગુજરાત હંમેશા ગ્રોથ એન્જિન રહ્યું છે, ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે કેબિનેટ બેઠકમાં રાજ્યના સર્વાંગી અને સમાન આર્થિક વિકાસ માટે એક નવો રોડમેપ રજૂ કર્યો છે.

મુખ્યમંત્રીએ બેઠકમાં અવલોકન કર્યું છે કે રાજ્યના કેટલાક જિલ્લાઓ આર્થિક રીતે ખૂબ પ્રગતિશીલ છે, જ્યારે અમુક જિલ્લાઓમાં હજુ પણ વિકાસની વિપુલ સંભાવનાઓ રહેલી છે. મુખ્યમંત્રીએ મુખ્ય સચિવ સહિતના તમામ ઉચ્ચ સનદી અધિકારીઓને સૂચના આપી છે કે, દરેક જિલ્લાની આગવી વિશેષતા અને ત્યાં રહેલી વિકાસની સંભાવનાઓને ઓળખીને તે મુજબનો એક્શન પ્લાન તૈયાર કરીને જે જિલ્લાઓનો જીડીપી દર ઓછો છે, ત્યાં આર્થિક ગતિવિધિઓ વધારીને તેમને મુખ્ય પ્રવાહમાં લાવવાની કામગીરી હાથ ધરવામાં આવે.મંત્રીએ અંતમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, રાજ્ય સરકારના આ સુદ્રઢ આયોજન અને જિલ્લા સ્તરે આર્થિક સશક્તિકરણના કારણે ગુજરાત વડાપ્રધાનના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

# આજનો "અનુભવ" આવતીકાલનું "ભાથુ" જીવનની દિશા નક્કી કરશે: સ્વામી ધર્મબંધુજી


## પ્રાંસલા ખાતેની ૨૬મી રાષ્ટ્રકથા શિબિરના પાંચમાં દિવસે વિવિધ રાજયના શિબિરાર્થીઓએ પોતાના રાજયની સંસ્કૃતિને ઉજાગર કરી સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ચાર ચાંદ લગાવ્યા



**અબતક, રાજકોટ**

પ્રાંસલા મુકામે પાંચમા દિવસના પ્રવચન સત્રને સંબોધન કરતાં સ્વામી ધર્મબંધુજીએ અતિતનું અધ્યયન કરવાથી વર્તમાનને સમજી શકાય છે અને વર્તમાનની યોગ્ય સમજદારીથી જ ભવિષ્યની નીતિ નિર્ધારિણ કરી શકાય એમ જણાવીને તેમણે પ્રાચીન કાળથી ભારત ઉપર થયેલા આક્રમણો અને ૧૩ વખત થયેલ વિભાજનની તવારીખ રજુ કરી યોગ્ય સુરક્ષા નીતિ નિર્ધારિણ ઉપર ભાર મુકયો હતો.

સ્વામીજી એ જણાવેલ કે, પ્રાચીન કાળમાં ભારત બર્માથી અફઘાનિસ્તાન અને કૈલાસથી કોલંબો સુધીનો વિશાળ દેશ હતો. ભલે તે અલગ રાજયમાં વિભાજીત હતો પરંતુ અહીની સંસ્કૃતિ અને સભ્યતામાં સામ્યતા હતી. ભારત ઉપર પહેલા ૬ વિદેશી આક્રમણો નિષ્ફળ રહ્યા હતા. જેમાં ૪૬૦ બી.સી.- પર્શિયન દ્વારા આક્રમણ, ૨૭ બી.સી. - એલેકઝેન્ડર દ્વારા થયેલ હુમલાને ચંદ્રગુપ્ત અને ચાણકયની જોડીએ વિફળ બનાવ્યો, ૧૦૦ બી.સી.- હુસી દ્વારા આક્રમણ, ૭૯ એ.ડી. -શક દ્વારા આક્રમણ, ૫૩૫ એ.ડી.- હુણ દ્વારા આક્રમણ, ૬૫૦ એ.ડી. -આરબ દ્વારા આક્રમણનો સમાવેશ થાય છે. છેલ્લે વેપાર કરવાના બહાને અંગ્રેજો ૧૬૦૧માં આવ્યા. ૧૭૫૭ના પ્લાસીના યુધ્ધ પછી અંગ્રેજો વેપાર તરફથી વિવિધ રાજય ઉપર શાસન કરવા આગળ વધતા ગયા અને તા. ૨૮-૫-૧૮૫૮થી તા. ૧૫-૮-૧૯૪૭ સુધી અંગ્રેજ શાસન રહ્યું. અમેરિકામાં વર્ષ ૨૦૦૧માં વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર હુમલા પછી કોઇ આંતકવાદી હુમલા નથી થયા જ્યારે આપણા દેશમાં ઉરી, પુલવામા, પઠાણકોટ, મુંબઇ, પહલગામ જેવા આંતકવાદી હુમલા અને બોમ્બ ધડાકા દેશદ્રોહીઓ સતત કરતા રહે છે, જે સુરક્ષા નીતિને ઠીક કરવાનો દિશા નિર્દેશ કરે છે. વધુમાં સ્વામી ધર્મબંધુજીએ ભારત દેશ ૧૩ વખત ખંડિત થયાની માહિતી આપતા જણાવેલ કે, આઝાદી પૂર્વે ભારત પાંચ વખત ખંડિત થયું હતું. જેમાં, ૫૩૫ એ.ડી. માં ખુરાસન ભારતનો પ્રાંત હતો જે ઈરાને તેની સીમામાં સમાવી લીધો. ૧૭૬૩માં અહમદશાહ અબ્દાલી નામના અફઘાનીએ જાહેરાત કરી કે ૬૨૭૯ ચો.કિમી ધરાવતો પ્રાંત હવે સ્વતંત્ર અફઘાનિસ્તાન દેશ તરીકે ઓળખાશે. અંગ્રેજો એ ૧૮૫૦માં નેપાળને સ્વતંત્ર દેશ જાહેર કર્યો. ૧૯૧૧માં શ્રીલંકા અને ૧૯૩૫માં બર્મા (મ્યાનમાર) સ્વતંત્ર થઈ ગયા. ૧૯૪૭માં પૂર્વ અને પશ્ચિમ નામે પાકિસ્તાન અલગ પડયા.








### રાષ્ટ્રનું સન્માન કદાપી ન ઘટવું જોઈએ: દિપક વોરા



વડાપ્રધાનના સલાહકાર અને પૂર્વ રાજદૂત દિપક વોરાએ દેશભક્તિના વિવિધ ફિલ્મી ગીતો સાથે શિબિરાર્થીઓની વચ્ચે નાચતા-ગાતા દેશભક્તિ માટે પ્રોત્સાહિત કર્યા હતા અને કદાપી રાષ્ટ્રનું માન-સન્માન ના ઘટે એ માટે પ્રતિબધ્ધ કર્યા હતા.



### સૈનિકો દેશની સુરક્ષા કાજે રાત દિવસ ખડેપગે: કર્નલ આર.એ.સિંગ



સુરક્ષા સંસ્થા રો ના નિવૃત અધિકારી કર્નલ આર.એ. સિંગ એ દેશ સુરક્ષિત રહે તો જ દેશ વિકસિત થઈ શકે એમ જણાવીને ભારતની વિવિધ દેશો સાથેની સરહદી સીમાઓના આંકડા આપતા જણાવેલ કે, આપણે ૧૪૦૦૦થી અધિક ભુમિ સરહદ ઉપર વિવિધ દેશો સાથે જોદાયેલા છીએ. જેમાં સૌથી વધુ બાંગ્લાદેશ સાથે ૪૧૦૦ કિમી, ચીન સાથે તિબેટના સ્વરૂપે ૩૪૮૮ કિમી, પાકિસ્તાન સાથે ૩૩૨૮ કિમી, નેપાળ સાથે ૧૭૫૧ કિમી , મ્યાનમાર સાથે ૧૬૪૩ કિમી અને ભુતાન સાથે ૬૯૯ કિમી અને ૭૫૦૦થી વધુ સમુદ્રી સરહદ ધરાવીએ છીએ. આ બધાની સુરક્ષા માટે બીએસએફ, આઈટીબીપી, આસામ રાઈફલના સૈનિકો તેમજ નેવી દ્વારા રાતદિવસ પહેરો કરવામાં આવી રહ્યો છે.

### ભારતની સંસ્કૃતિ અને સભ્યતાથી પરીચય કરાવતા મોહિન્દ્ર ઓનમ



સતત બીજા વર્ષે મણિપુરથી ૫૬ શિબિરાર્થીઓને લાવનાર મણિપુર રાજયના ઉચ્ચ શિક્ષણાધીકારી મોહિન્દ્ર ઓનમ એ મણિપુરની સંસ્કૃતિ-સભ્યતાથી પરિચય કરાવ્યો હતો. વિશેષપણે ઈમ્ફાલમાં મહિલા દ્વારા સંચાલિત વિશાળ ઈમા માર્કેટની તસ્વીર સ્ક્રીન ઉપર દેખાડીને કહ્યું હતું કે, અહીયા શાકભાજી, કપડા, કરિયાણાથી લઈને અનેક પ્રકારની દુકાનો આવી છે જેમાં માત્ર મહિલા જ દુકાનદાર હોય છે. આવી જ રીતે મણિપુરમાં હોર્સ પોલોની રમત લોકપ્રિય છે તેમ જણાવીને તેની તસ્વીરો બતાવી હતી.

# ૧૧ જાન્યુઆરીએ રાજકોટમાં વડાપ્રધાન મોદીનો બે કિમીનો ભવ્ય રોડ શો

## રોડ શો બાદ સૌરાષ્ટ્ર-કચ્છ વાઈબ્રન્ટ રિજનલ સમિટનું વડાપ્રધાનના હસ્તે ઉદઘાટન: કાર્યક્રમની તડામાર તૈયારીઓ શરૂ

## રાજકોટ શહેર-જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે એક મહત્વપૂર્ણ મિટિંગ મળી

### વાઈબ્રન્ટ સમીટના મુખ્ય સેમીનાર અને કાર્યક્રમ

૧. પ્રથમ દિવસે ટ્રેડ શોનું ઉદઘાટન, એગ્રીવેલ્યુ: ઓઈલસીડ, નારીશકિત ઉદ્યોગ સંવાદ પર સેમીનાર થશે

૨. ગ્રીન સ્ર્ટટ અપ અને બ્લુ એન્જી પર રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ,

૩. બીજા દિવસે રીજનલ એમ એસ એમ ઈ મીટ, ટેકસટાઈલ અને જવેલી ઉદ્યોગ પર સેમીનાર તેમજ ઉર્જાક્ષેત્રે મીશન ૧૦૦ જીડબલ્યુ પર ચર્ચા.



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે યોજનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ ના ઉદઘાટન માટે વડાપ્રધાન નરેન્દ્ર ૧૧ જાન્યુઆરીના રોજ રાજકોટની મુલાકાત લેશે. આ કાર્યક્રમને ભવ્ય બનાવવા માટે શહેરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે, અને વડાપ્રધાનના આગમન પર યોજાનારા મેગા રોડ શોની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.જેને (અનુ. આઠમા પાને)

### મારવાડી યુનિવર્સિટીમાં ૪૦૦૦ લોકોની ક્ષમતા ધરાવતો ડોમ

સૌરાષ્ટ્ર કચ્છ વાઈબ્રન્ટ સમીટને લઈને તડામાર તૈયારી ચાલી રહી છે. મારવાડી યુનિવર્સિટી ખાતે યોજાનારા આ સમીટમાં કુલ ૨૬૪૦૦ ચોરમીટરમાં સમગ્ર પ્રદર્શન યોજવામાં આવશે તેમજ ૪૪૦૦ મીટરમા પેવેલીયન ઉભુ કરવામાં આવશે. જેમાં કટીર અને હસ્તકલા ઉદ્યોગ માટે ખાસ પેવેલીયન ફાળવવામાં આવ્યું છે. આ ઉપરાંત ડેઈલી લકકી ડ્રો, કારીગરો (અનુ. આઠમા પાને)

### વાઈબ્રન્ટ સમીટમાં કુલ ૬૩૬૪ રજીસ્ટ્રેશન થયા

વાઈબ્રન્ટ ગુજરાત રીજન્યુનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર કચ્છ તા. ૧૧ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન મારવાડી યુનિવર્સિટી ખાતે યોજાશે. આ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર કચ્છના ૧૨ જિલ્લાઓને આવરી લેશે. આ વખ્તની થીમ રીજયોનલ એસ્પિરસેન્સ, ગ્લોબલ એમ્બીએશન રાખવામા આવી છે. આ સમીટમાં અત્યાર સુધીમાં ભારત સહિત ૨૩ દેશોમાંથી કુલ ૬૩૬૪ રજીસ્ટ્રેશન (અનુ. આઠમા પાને)

### જુના એરપોર્ટની વીઝીટ કરતા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી



સૌરાષ્ટ્ર કચ્છ વાઈબ્રન્ટ સમીટને લઈ આજે રાજકોટના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી રાજકોટ આવી પહોચ્યા હતા. ૧૧મી જાન્યુઆરી વડાપ્રધાનના રોડ શોને લઈ આજે બપોરે જીતુભાઈ વાઘાણીએ જૂના એરપોર્ટની વિઝીટ કરી હતી. અને નીરીક્ષણ કર્યું હતુ. ૧૧મીએ વડાપ્રધાન મોદી નો બે કિલોમીટરનો રોડ શો હોય આ રોડ શો સફળતા પૂર્વક થાય તે માટે જીતુભાઈ વાઘાણી, સાંસદ પુરૂશોમ રૂપાલા , રામભાઈ મોકરીયા, મેયર નયનાબેન પેઢડીયા, તમામ ધારાસભ્યો અને કલેકટર સહિતનાઓ જૂના એરપોર્ટનું સ્થળ નિરીક્ષણ કરવા પહોચી ગયા હતા.

# દ્વારકા જગત મંદિરમાં ભગવાન દ્વારકાધીશના દર્શન પૂજન કરી ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી થયા "ધન્ય..!

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

વિશ્વપ્રસિદ્ધ દેવસ્થાન દ્વારકામાં ભગવાન દ્વારકાધીશ ના દર્શન કરી ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને રાજકીય આગેવાનો ધન્ય થયા હતા, દ્વારકા જગત મંદિર ના દર્શન ને આવેલા ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, કેન્દ્રીય મત્સ્ય ઉદ્યોગ મંત્રી પરસોતમ રૂપાલા ,અમર ડેરીના પ્રમુખ અશ્વિનભાઈ સાવલિયા, ગીતાબેન સંઘાણી, ઈફકોના

### ભગવાન જગન્નાથના દર્શન, ધ્વજપૂજન, પ્રાર્થના સાથે મહાનુભાવો એ વિશ્વ કલ્યાણની કરી કામના

યોગેન્દ્ર કુમાર અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ડાયરેકટર બાબુભાઈ સખવાલા, ગુજકોમાસોલના ડાયરેકટરમૌલિકભાઈ નથવાણી, ઋષિ ભાઈ નથવાણી, સહિતના આગેવાનો એ ભગવાન દ્વારકાધીશના દર્શન પૂજન અને ધજારોહણ કરી પૂજા અર્ચના કરી વિશ્વ કલ્યાણ ની પ્રાર્થના કરી હતી.





# લોક-અદાલતમાં સૌથી વધુ કલેઈમ કેસનો નિકાલ કરનાર ટોપ ફાઈ વકીલોનું સન્માન

## જજ જે.આર શાહના હસ્તે એડવોકેટ રવિન્દ્ર ગોહેલનું સર્ટિફિકેટ આપી બહુમાન કરાયું




**અબતક, રાજકોટ**

રાજકોટ ડીસ્ટ્રીકટ કોર્ટ ખાતે યોજાયેલી તા.૧૩/૧૨/૨૦૨૫નાં લોક-અદાલતમાં વાહન અકસ્માતથી થયેલ કુલ ૩૮૮ કલેઈમ કેસો કોમ્પ્રોમાઈસથી ડીસ્પોઝ થતાં સમગ્ર ગુજરાતમાં રાજકોટની કોર્ટનો ડંકો વાગ્યો હતો. કરોડોનું જંગી વળતર મંજુર કરાવી અસંખ્ય કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવતા અદાલત દ્વારા સૌથી વધુ કેસનો નિકાલ કરનાર ટોપ ફાઈ વકીલોનું સન્માન કરવામાં આવ્યું છે.જેમાં બામણબોર ગામના ગુજ.છગનભાઈ પ્રેમજીભાઈ બાવળીયાને રૂા.૨૦લાખ, ગુજ.હીરલબેન વિનોદભાઈને કેસમાં રૂમ.૧૮,૭૦ લાખ જામનગર તાલુકાના નાની માટલી ગામના ગુજ.બાબુભાઈ રામજીભાઈ લામકા કલેઈમ કેસમાં રૂા. ૧૭,૫૦ લાખ, વંથલી તાલુકાના ગાઠીલા ગુજ.રતિલાલ ભીખાભાઈ પરમારની રૂા. ૧૭,૫૦લાખ કલ્યાણપુર તાલુકાના (અનુ. આઠમા પાને)

સ્પોર્ટ્સ અબતક

# આ ૧૧ ખેલાડીઓને યાદ રાખજો... ઓલમ્પિકમાં ધૂમ મચાવશે

## ૨૦૨૮ના લોસ એન્જલસ ઓલિમ્પિક્સને ધ્યાનમાં રાખીને,ભારતીય યુવા ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની છાપ છોડી રહ્યા છે



### શાહનવાઝ ખાન (લોંગ જમ્પ, ઉત્તરપ્રદેશ)

શાહનવાઝ ખાન ભારતીય એથ્લેટના મહત્વપૂર્ણ ખેલાડી છે. તેઓ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લાના માધાઈપુર ગામમાં ઉછર્યા છે. તેમની પાસે રમતગમતની પ્રેરણા તેમના જ પરિવારમાંથી મળી છે. તેમના કાકા શાહરુખ 3000 મીટર સ્ટીપલચેઝ સ્પર્ધામાં રાષ્ટ્રીય રમતના ચેમ્પિયન છે, જ્યારે તેમના કાકા મોહમ્મદ હદીસ, જે ભૂતપૂર્વ રાષ્ટ્રીય સ્તરના ભાલા ફેંકનાર છે.પુરુષોની લોંગ જમ્પમાં ૮ મીટરની બેરિયર વટાવીને તેણે ઈતિહાસ રચ્યો, અને તે સૌથી યુવા ભારતીય છે જેણે આ કારનામુ કર્યું હોય.

**અબતક, રાજકોટ**

ભારતીય રમતગમતનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જ્વળ દેખાઈ રહ્યું છે. ૨૦૨૮ના લોસ એન્જલસ ઓલિમ્પિક્સને ધ્યાનમાં રાખીને, ઘણા યુવા ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની છાપ છોડી રહ્યા છે. ૨૦૨૫માં ઘણા યુવા વિશ્વ ચેમ્પિયનશિપ અને અન્ય મોટી સ્પર્ધાઓમાં શાનદાર પ્રદર્શન કર્યું છે, જે ભારતને ઓલિમ્પિકમાં વધુ મેડલ અપાવવાની આશા જગાવે છે.

લોસ એન્જલ્સ ૨૦૨૮ ઓલિમ્પિક ગેમ્સ ભારતીય રમતગમત માટે ઐતિહાસિક તક લઈને આવી રહી છે. પેરિસ ૨૦૨૪માં ભારતે ૬ મેડલ જીત્યા હતા, પરંતુ ૨૦૨૮માં નવી રમતોના સમાવેશ અને અનુભવી તેમજ યુવા ખેલાડીઓની મજબૂત ટીમને કારણે ૨૦થી વધુ મેડલની આશા છે. ઓલિમ્પિકમાં ક્રિકેટ, સ્કવોશ અને કમ્પાઉન્ડ આર્ચરી જેવી રમતોનું આગમન ભારત માટે વરદાન સમાન છે, કારણ કે આમાં ભારત વિશ્વમાં મજબૂત છે.

ભારત સરકારે મિશન એલએ ૨૦૨૮ શરૂ કરી દીધું છે. સ્પોર્ટ્સ મિનિસ્ટર મનસુખ માંડવિયાના નેતૃત્વમાં સ્કીમ હેઠળ ખેલાડીઓને વિદેશી તાલીમ અને સુવિધાઓ આપવામાં આવશે. પેરિસના અનુભવ પછી ભારત ૨૦+ મેડલનું ટાર્ગેટ રાખી રહ્યું છે.લોસ એન્જલ્સ ૨૦૨૮ (૧૪થી ૩૦ જુલાઈ) ભારતીય રમતગમતનું સુવર્ણ અધ્યાય બની શકે છે. નીરજ, અનાહત, ક્રિકેટ ટીમ અને અન્ય સ્ટાર્સ વિશ્વને ભારતની તાકાત બતાવશે!



### તન્વી શર્મા (બેડમિન્ટન, પંજાબ)

ભારતીય બેડમિન્ટનના ક્ષેત્રમાં એક નવું નામ ઝળકી રહ્યું છે તન્વી શર્મા. માત્ર ૧૭ વર્ષની ઉંમરે પંજાબની હોશિયારપુરની આ યુવા ખેલાડીએ વિશ્વ સ્તરે પોતાની છાપ છોડી છે. તન્વી જુનિયર વર્લ્ડ નંબર ૧ રહી ચૂકી છે અને ૨૦૨૫માં તેણે અનેક ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી છે. તે ભારતની પ્રથમ ખેલાડી છે જેણે એક જ વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપમાં બહુવિધ મેડલ જીત્યા ગર્લ્સ સિંગલ્સમાં સિલ્વર અને મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. ઓલમ્પિકમાં ભારત માટે મેડલ લાવે તેવી ક્ષમતા ધરાવે છે.

### રોશન કુંજુર અને મનમીતસિંઘ (ભારતીય હોકી ટીમના સ્ટાર્સ)



ભારતીય હોકીના ભવિષ્યને ઉજ્જ્વળ બનાવતા બે યુવા ખેલાડીઓ રોશન કુંજુર અને મનમીતસિંઘ ૨૦૨૫માં ખૂબ જ ચર્ચામાં રહ્યા છે.

આ બંને ખેલાડીઓ ભારતીય જુનિયર પુરુષ હોકી ટીમના મહત્વના સભ્યો છે

અને તેઓએ જુનિયર વર્લ્ડ કપ ૨૦૨૫ અને સુલતાન ઓફ જોહોર કપમાં શાનદાર પ્રદર્શન કરીને દેશનું નામ રોશન કર્યું છે. ભારતીય જુનિયર ટીમે ૨૦૨૫માં બે મોટા આંતરરાષ્ટ્રીય મેડલ જીત્યા અને જુનિયર વર્લ્ડ કપમાં બ્રોન્ઝ અને જોહોર કપમાં સિલ્વર અને આ બંને ખેલાડીઓનું યોગદાન અનેરું રહ્યું છે.




### હિતેશ ગુલિયા (બોક્સર, હરિયાણા):

પુરુષોની ૭૦ કિલો કેટેગરીમાં હિતેશને ભારતીય પુરુષ બોક્સિંગના નવા ધ્વજવાહક તરીકે જોવામાં આવે છે. ૨૦૨૫માં વર્લ્ડ બોક્સિંગ કપમાં સતત શાનદાર પ્રદર્શન કરીને તેણે ફાઈનલમાં ઘરઆંગણે ગોલ્ડ મેડલ જીત્યો. ઓલિમ્પિક મેડલિસ્ટ્સ અને વર્લ્ડ ચેમ્પિયન્સ સામેની મેચોમાં તેનો આત્મવિશ્વાસ જોવા મળ્યો. આગામી એશિયન ગેમ્સ અને ૨૦૨૮ ઓલિમ્પિક્સમાં તે ભારત માટે મેડલ લાવે તે લગભગ નક્કી લાગી રહ્યું છે.




### જૈસમિન લાંબોરિયા (બોક્સર)

મહિલા બોક્સિંગમાં જૈસમિનનું પ્રદર્શન અદ્ભુત રહ્યું. વર્લ્ડ બોક્સિંગ કપ ફાઈનલમાં ગોલ્ડ જીતીને તેણે ભારતની મહિલા બોક્સિંગની ઊંડાઈ દર્શાવી. તેની રિંગ ઈન્ટેલિજન્સ અને પ્રિસિઝન કોમ્બિનેશન્સ તેને ઓલિમ્પિક મેડલની મજબૂત દાવેદાર બનાવે છે.જેસ્મીનની ઝડપ, ચપળતા અને શક્તિશાળી પંચની ચર્ચા આજે વિશ્વભરના રમતગમત નિષ્ણાતોમાં થઈ રહી છે.



### સુરુચિ ફોગટ ( શુટીંગ, હરિયાણા)

હરિયાણાના ઝઝ્ઝર જિલ્લાના નાનકડા ગામ સાસરૌલીમાં જન્મેલી ૧૯ વર્ષીય સુરુચિ ફોગટ આજે ભારતીય શૂટિંગની નવી આશા બની ચૂકી છે. એક સમયે કુસ્તીના અખાડામાં પગ મૂકનારી આ યુવતીએ ઈજાના કારણે શૂટિંગ તરફ વળાંક લીધો અને આજે વિશ્વ કક્ષાએ ધૂમ મચાવી રહી છે. ૨૦૨૫ વર્ષ તેના માટે સ્વપન જેવું રહ્યું. કેમકે વર્લ્ડ કપમાં સતત ત્રણ ગોલ્ડ મેડલ, જુનિયર વર્લ્ડ રેકોર્ડ અને વર્લ્ડ રેન્કિંગમાં ટોચ પર પહોંચવું!ભારતની આ યુવા શૂટર આગામી ઓલિમ્પિકમાં મોટી આશા છે  તેની સફળતા દરેક યુવાનને પ્રેરણા આપે છે કે મેદાન બદલાય તો પણ હિંમત ન છોડવી!



### સમ્રાટ રાણા (શૂટિંગ સ્ટાર્સ)

૨૦ વર્ષીય યુવા શૂટરે સમ્રાટ રાણાએ ૨૦૨૫માં મિસરના કૈરોમાં યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પુરુષોની ૧૦ મીટર એર પિસ્ટલ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. તે ભારતના ત્રીજા વર્લ્ડ ચેમ્પિયન બન્યા છે (અભિનવ બિંદ્રા અને રુદ્રાંક્શ પાટીલ પછી) અને ઓલિમ્પિક પિસ્ટલ ઈવેન્ટમાં વ્યકિતગત ગોલ્ડ જીતનારા પ્રથમ ભારતીય પુરુષ શૂટર છે.સમ્રાટ રાણા માત્ર એક ખેલાડી નથી, પરંતુ યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે. તેમની વિશેષતાઓ શાંત મન, કઠોર મહેનત અને દબાણમાં ચમકવું જે આગામી ઓલમ્પિકમાં ભારતીય શૂટિંગને નવી ઊંચાઈઓ આપશે.



### ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદ (બેડમિન્ટન સ્ટાર્સ)

ભારતીય બેડમિન્ટનમાં મહિલા ડબલ્સ કેટેગરીમાં ત્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદ પુલ્લેલાની જોડી હાલમાં દેશની નંબર-૧ જોડી છે. આ બંને યુવા ખેલાડીઓએ ટૂંકા સમયમાં જ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની છાપ છોડી છે અને ભારતને મહિલા ડબલ્સમાં નવી આશા આપી છે.જોડીની સૌથી મોટી તાકાત છે તેમની પૂરક ખેલ શૈલી. ત્રીસાની આક્રમકતા અને ગાયત્રીનીસ્થિરતા એકબીજાને પૂરક બને છે. પુલ્લેલા ગોપીચંદે કહ્યું છે કે, ત્રીસા નેટ પર આક્રમક અને વિસ્ફોટક છે, જ્યારે ગાયત્રી બેક કોર્ટથી નિયંત્રણ અને વ્યૂહ બનાવે છે. તેમની વચ્ચેનો વિશ્વાસ તેમને વિશ્વની ટોચની જોડીઓ સામે લડવા માટે સક્ષમ બનાવે છે.

### પ્રીન્સદીપસિંઘ (ભારતીય હોકી ટીમના ઉભરતા ખેલાડી, પંજાબ)



પ્રિન્સદીપ સિંહ ભારતીય હોકીના ભવિષ્ય તરીકે ઉભરી રહ્યા છે. તેમની શાંતિ, ટેક્નિક અને દબાણ હેઠળની ક્ષમતા તેમને શ્રીજેશના વારસદાર બનાવે છે. હોકી ઈન્ડિયા લીગ ૨૦૨૬માં તેમના પ્રદર્શનથી તેમની કારકિર્દી વધુ ચમકશે તેવી આશા છે.પ્રિન્સદીપ સિંહનો જન્મ પંજાબમાં થયો છે. તે સામાન્ય પરિવારમાંથી આવે છે અને ૨૦૧૫માં બટાલાની ચીમા હોકી એકેડમીમાં હોકી રમવાનું શરૂ કર્યું.હાલમાં જુનિયર લેવલ પર ભારતનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. ૮ જૂન ૨૦૦૪ના રોજ જન્મેલા આ ૨૧ વર્ષીય ખેલાડીએ તાજેતરમાં જુનિયર હોકી વર્લ્ડ કપ ૨૦૨૫માં ભારતને બ્રોન્ઝ મેડલ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

### શૈલી સિંહ (લોંગ જમ્પ, ઝાંસી)



અંડર-૨૧ લોંગ જમ્પમાં વર્લ્ડની ટોચની ૨૦માં સ્થાન ધરાવતી શૈલી ૨૦૨૬ એશિયન ગેમ્સમાં મેડલની મોટી દાવેદાર છે. તેનું લક્ષ્ય અંજુ બોબી જ્યોર્જનો નેશનલ રેકોર્ડ તોડવું અને ૨૦૨૮ ઓલિમ્પિક્સમાં ક્વોલિફાય કરવું છે.

ઝાંસીમાં જન્મેલી શૈલીના માતા દરજીકામ કરે છે. શૈલી અત્યારે બેંગ્લોરમાં અંજૂ બોબી જોર્જની એકેડમીમાં ટ્રેનિંગ લે છે. અંજૂના પતિ બોબી જોર્જ તેના કોચ છે.

### ઉન્નતિ હુડા (બેડમિન્ટન, હરિયાણા)




ઉન્નતિ હુડા ભારતીય મહિલા બેડમિન્ટનની એક યુવા અને પ્રતિભાશાળી ખેલાડી છે, જેમણે ખૂબ જ ઓછી ઉંમરે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની છાપ છોડી છે. તે હરિયાણાના રોહતક જિલ્લાના ચમારિયા ગામમાં ૨૦ સપ્ટેમ્બર ૨૦૦૭ના રોજ જન્મી હતી. હાલમાં તેની ઉંમર માત્ર ૧૮ વર્ષ છે, પરંતુ તેણે પહેલેથી જ ઘણી મોટી સિદ્ધિઓ હાંસલ કરી લીધી છે. ઉન્નતિ ભારતની સૌથી યુવા ખેલાડી છે જેમણે સુપર ૧૦૦ ટાઈટલ જીત્યું છે. આ સિદ્ધિ તેણે માત્ર ૧૪ વર્ષની ઉંમરે ૨૦૨૨માં ઓડિશા ઓપનમાં હાંસલ કરી હતી.આજે ઉન્નતિ ભારતીય મહિલા બેડમિન્ટનનું ભવિષ્ય માનવામાં આવે છે. તે પીવી સિંધુ અને સાઈના નેહવાલ પછીની પેઢીની આગેવાન છે. ૨૦૨૬માં તે વધુ મજબૂત બનીને ટોપ ૧૦માં પ્રવેશ કરવાનો લક્ષ્યાંક રાખે છે.

# ક્રિકેટનો સુવર્ણકાળ: વર્ષ ૨૦૨૫માં ભારતીય ક્રિકેટરો સમગ્ર ક્રિકેટ જગત પર છવાયાં!

## ૨૦૨૫ ક્રિકેટના ઉત્સાહીઓ માટે અવિસ્મરણીય વર્ષ રહ્યું, જેમાં ભારતે પુરુષ અને મહિલા બંનેમાં વર્ચસ્વ દાખવ્યું: હવે ફેબ્રુઆરીમાં રમાનારા ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતની જીત સાથે વધુ રોમાંચની આશા





**અબતક, નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ માં અગાઉ ક્યારેય કોઈ એક કેલેન્ડર વરમાં ન જોવા મળી હોય એવી સિદ્ધિ ૨૦૨૫ ના વર્ષના અંતે જોવા મળી છે જેમાં એક, બે કે ત્રણ નહીં, પણ આઠ કેટેગરીમાં ભારત અને ભારતીય ક્રિકેટરો વિશ્વભરમાં નંબર-વન રેન્ક પર છે. બીજી રીતે કહીએ તો ભારત અને ભારતીય ક્રિકેટરો સમગ્ર ક્રિકેટ જગત પર છવાઈ ગયા છે.ટેસ્ટ અને વન-ડેમાં ભલે ભારત અત્યારે વર્લ્ડ ચેમ્પિયન નથી, પરંતુ ટી-૨૦માં વિશ્વ વિજેતા છે અને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના રેન્કિંગમાં આઠ રીતે ભારત અથવા ભારતીય ખેલાડીનું નામ હાલમાં મોખરે છે.૨૦૨૫ના વર્ષમાં ભારતીય ખેલાડીઓએ જે પ્રભુત્વ જમાવ્યું એવું અગાઉ ક્યારેય કોઈ વર્ષમાં નહીં જોવા મળ્યું હોય. વન-ડેની ચેમ્પિયન્સ ટ્રોફી અને ટી-૨૦નો એશિયા કપ જીત્યા બાદ હવે ભારતીયોએ ૨૦૨૬ના ફેબ્રુઆરીમાં ઘરઆંગણે રમાનારા ટી-૨૦ના વર્લ્ડ કપ પર નજર માંડી છે.સ્મૃતિ મંધાના ૨૦૨૫ માં સૌથી વધુ ઓડીઆઈ રન બનાવનાર ખેલાડી છે. તે આ વર્ષે માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વમાં પણ સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. મંધાનાએ ૨૦૨૫ માં ૨૩ ઓડીઆઈમાં માં ૧,૩૬૨ રન બનાવ્યા છે, જેમાં પાંચ સદીનો સમાવેશ થાય છે. આ એક કેલેન્ડર વર્ષમાં મહિલા ક્રિકેટર દ્વારા સૌથી વધુઓડીઆઈ રન પણ છે.પ્રતિકા રાવલ ભારતીયો માટે યાદીમાં બીજા ક્રમે છે, તેણે આ વર્ષે ૨૦ ઈનિંગ્સમાં ૯૭૬ રન બનાવ્યા છે. જેમીમા રોડ્રિગ્સે આ વર્ષે ૭૭૧ રન બનાવ્યા છે. હરલીન દેઓલે ૬૧૩ અને કેપ્ટન હરમનપ્રીત કૌરે આ વર્ષે ઓડીઆઈ ક્રિકેટમાં ૬૦૬ રન બનાવ્યા છે.

૨૦૨૫ ક્રિકેટના ઉત્સાહીઓ માટે અવિસ્મરણીય વર્ષ હતું, જેમાં ભારતે પુરુષ અને મહિલા બંનેમાં વર્ચસ્વ દાખવ્યું. હવે આ વર્ષે ફેબ્રુઆરીમાં રમાનારા ટી૨૦ વર્લ્ડ કપ સાથે વધુ રોમાંચની આશા છે!

### ટોચના બેટ્સમેન

**૧. શુભમન ગિલ: વર્ષના ટોચના રન-સ્કોરર. તમામ ફોર્મેટમાં ૧૭૬૪ રન બનાવ્યા. ટેસ્ટમાં ૯૮૩ રન (એવરેજ ૭૦+), ઈંગ્લેન્ડ સામે અદ્ભુત પ્રદર્શન**

**૨. અભિષેક શર્મા: ટી૨૦ સૌથી વધુ રન (૮૫૯ રન, સ્ટ્રાઈક રેટ ૧૯૩+). વિસ્ફોટક ઓપનિંગથી ભારતની ટી૨૦ ટીમને મજબૂતી આપી.**

**૩. કેએલ રાહુલ: ટેસ્ટમાં ૮૧૩ રન, ત્રણ સદી સાથે સ્થિરતા આપી.**

**૪. વિરાટ કોહલી: વનડેમાં ટોચના સ્કોરર, ચેમ્પિયન્સ ટ્રોફીમાં મહત્વની ઈનિંગ્સ.**

**૫. મહિલાઓમાં સ્મૃતિ મંધાના: ૧૭૦૩ રન, વર્લ્ડ કપમાં પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ.**



### ટોચના બોલર્સ

**૧. કુલદીપ યાદવ: તમામ ફોર્મેટમાં ૬૦ વિકેટ્સ - વર્ષના ટોચના વિકેટ-ટેકર.**

**૨. મોહમ્મદ સિરાજ: ટેસ્ટમાં ૪૩ વિકેટ્સ,**

**૩.જસપ્રીત બુમરાહ: વર્કલોડ મેનેજમેન્ટ છતાં અસરકારક, ટેસ્ટમાં મહત્વની વિકેટ્સ.**

**૪. મહિલાઓમાં દીપ્તિ શર્માએ ૩૯ વિકેટ સાથે વર્લ્ડ કપ ફાઈનલમાં ૫ વિકેટ્સ લીધી.**

**૫. વૈશ્વિક સ્તરે જેકબ ડફી (ન્યૂઝીલેન્ડ) ૮૧ વિકેટ્સ સાથે ટોચ પર.**

### ઓલરાઉન્ડર્સ અને અન્ય સ્ટાર

૧. રવિન્દ્ર જાડેજા: ટેસ્ટમાં બેટિંગ અને બોલિંગ બંનેમાં યોગદાન.

૨.મહિલાઓમાં લૌરા વોલ્વાર્ડ્ટ (સાઉથ આફ્રિકા) અને એમિલિયા કેર (ન્યૂઝીલેન્ડ) પણ ચમક્યા, પરંતુ ભારતીય મહિલાઓએ વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ રચ્યો

### મુખ્ય ટુર્નામેન્ટ્સ અને વિજેતાઓ

૧. આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫: ભારતે આ ટ્રોફી જીતી, જેમાં વિરાટ કોહલી સહિતના ખેલાડીઓએ મહત્વની ભૂમિકા ભજવી.

૨. મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫: ભારતે ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ટાઈટલ જીત્યું. સ્મૃતિ મંધાના પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ બન્યા.

૩. અન્ય મુખ્ય શ્રેણીઓ: ભારતની ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ શ્રેણી ૨-૨થી ડ્રો, વેસ્ટ ઈન્ડિઝ સામે જીત અને સાઉથ આફ્રિકા સામે હાર.

## રાજકોટ રૂરલ પોલીસની વર્ષ ૨૦૨૫ની કામગીરીનું સરવૈયું

# રૂ.૪૩.૭૩ લાખના ડ્રગ્સ સાથે ૨૪ નશાના સોદાગરો ઝડપાયા : રૂ.૧૭.૮૨ કરોડનો દારૂ કબ્જે કરાયો

### પોકસો એક્ટ હેઠળ ૧૫૨ ગુના નોંધાયા : ૬૪ અપહૃત બાળાઓને મુકત કરાવાઈ

### ૭૫ અસામાજિક તત્વો પાસાના પાંજરે પુરાયા, ૧૩૫ને હદપાર કરાયા: જુગારધારાના ૧૦૧૮ ગુના નોંધાયા



**અબતક, રાજકોટ**

વર્ષ ૨૦૨૫ દરમિયાન રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવેલી કામગીરીની આંકડાકીય વિગતો જાહેર કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને વર્ષ દરમિયાન પોલીસે પ્રોહિબિશન એટલે કે દારૂના ૯,૩૬૧ કેસ કરી રૂપિયા ૧૭.૮૨ કરોડનો દારૂનો જથ્થો કબજે કર્યો હતો. જેમાંથી ૧૫.૫૭ કરોડનો મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત માદક પદાર્થના ૨૦ કેસો કરી ૨૪ આરોપીઓની ધરપકડ કરી રૂપિયા ૪૩.૭૩ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા વર્ષ ૨૦૨૫ દરમિયાન કરવામાં આવેલી કામગીરીના આંકડાઓ પોલીસ દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. જેમાં પોલીસે જીપીએક્ટ ૫૫, ૫૭ હેઠળ ૧૩૫ કેસ કરવામાં આવ્યા હતા. પાસા હેઠળ ૭૫ આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી. હથિયારધારાના ૧૫ કેસ કરવામાં આવ્યા હતા. જ્યારે જુગારધારાના ૨૦૧૮ કેસ નોંધાયા હતા. વર્ષ દરમિયાન જિલ્લા પોલીસે જેલહવાલે કર્યા હતા.પોકસો એક્ટ હેઠળ ૧૫૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી તેમજ અપહ્યુત ૬૪ બાળકોને શોધી કાઢવામાં આવી હતી.

માદક પદાર્થની હેરફેરને અટકાવવા માટે ખાસ ફોકસ કર્યું હતું. જે અંતર્ગત પોલીસે માદક પદાર્થના ૨૦ કેસો કરી ૨૪ આરોપીઓની ધરપકડ કરી હતી તેમજ રૂપિયા ૪૩.૭૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. માદક પદાર્થનો વેપલો કરતા ચાર આરોપીઓને પીઆઈટી એનડીપીએસ હેઠળ અટકાયત કરી

### સરકારી જમીન પર દબાણ કરનારા સામે કાર્યવાહી રૂ.૬.૭૪ કરોડની જમીન ખુલ્લી કરાવાઈ

રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા આ વખતે સરકારી જમીન પર દબાણ કરનારાઓ સામે પણ લાલ આંખ કરવામાં આવી હતી. દબાણ અંગેના ૬૦ કેસ કરી દબાણ દૂર કરી રૂપિયા ૬.૭૪ કરોડની જમીન ખુલી કરવામાં આવી હતી.

### ગેરકાયદે હથિયારની હેરાફેરીના ૧૫ ગુના: નશાનો વેંપલો કરતા ચાર શખ્સોની પીઆઈટી એક્ટ હેઠળ અટકાયત

### બ્લેક ફિલ્મના ૧૨૬૫, ઓવર સ્પીડના ૪૬૯ કેસ કરાયા

રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા અલગ અલગ શહેરમાં અને ખાસ કરીને હાઈવે પર સમયાંતરે સઘન વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લા પોલીસે કાળા કાચ ધરાવતી ૧૨,૪૬૫ કારનાચાલકો સામે કેસ કરવામાં આવ્યા હતા તેમજ ઓવર સ્પીડના ૪૫૯ કેસ કરાયા હતા. આ ઉપરાંત ૩૦૭૩૭ વાહનો ડીટેઈન કરાયા હતા. દારૂ પી વાહન ચલાવનાર વાહન ચાલકો સામે પણ જિલ્લા પોલીસે કડક કાર્યવાહી કરી ડ્રીંક્સ એન્ડ ડ્રાઈવના ૮૦૦૭ કેસ કર્યા હતા.

### સાયબર ફ્રોડમાં ગયેલા રૂ.૩.૩૩ કરોડની રકમ પરત અપાવાઈ ઓપરેશન મ્યુલ હંટ હેઠળ ૩૧ આરોપીની ધરપકડ

વર્તમાન સમયમાં પોલીસ માટે પડકાર સમાન સાયબર ફ્રોડ સામે પણ રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી હતી. સાયબર એક્ટ હેઠળ થયેલી અરજીમાં એકાઉન્ટ ફ્રીજ કરાવી રૂ. ૩.૩૩ કરોડની રકમ અરજદારોને પરત અપાવી હતી. ઓપરેશન મ્યૂલ હંટ અંતર્ગત ૧૨ ગુના દાખલ કરી ૩૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

# હત્યાના ગુનાનો પાકા કામનો કેદી કિશોરપરી ગૌસ્વામી ઝડપાયો

### પેરોલ ફર્લો સ્કવોડની ટીમે કોઠારીયા રોડ સ્થિત રહેણાંક મકાનેથી દબોચ્યો : મધ્યસ્થ જેલ હવાલે કરાયો

**અબતક, રાજકોટ**

જૂનાગઢ જિલ્લાના માંગરોળ પોલીસ મથકમાં નોંધાયેલ ખૂનના ગુનાનો પાકા કામનો કેદી પેરોલ મેળવી રાજકોટ મધ્યસ્થ જેલમાંથી ફરાર થઈ જતાં પેરોલ ફર્લો સ્કોડની ટીમે ખૂનના આરોપીને કોઠારીયા રોડ પર તેના ઘરેથી ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા નાસતા ફરતા અને પેરોલ જમ્પ આરોપીઓને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને



પેરોલ ફર્લો સ્કવોડના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટ માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે જી તેરૈયાની ટીમ પ્રયત્નશીલ હતી. દરમિયાન હ્યુમન સોર્સ અને ટેકિનકલ એનાલિસિસના આધારે જૂનાગઢ જિલ્લાના માંગરોળ પોલીસ મથકમાં દાખલ થયેલ ખુનના ગુનામાં ફરાર પાકા કામના કેદી કિશોરપરી ઉર્ફે ત્રિલોકપરી ગજરાજપરી ગૌસ્વામી (ઉવ ૫૯ રહે. અરવિંદભાઈ મણિયાર બી-ટાઈપ ક્વાર્ટર નં. ૬૧, હુડકો પોલીસ ચોકી સામે, કોઠારીયા રોડ, રાજકોટ)ને તેના ઘરેથી ઝડપી લઈ મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવેલ હતો.

આ કામગીરી પેરોલ ફર્લો સ્કવોડના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટ, પીએસઆઈ જે જી તેરૈયા, એએસઆઈ ઝહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ રાજદિપસિંહ ચૌહાણ, સિરાજભાઈ ચાનિયા, રોહિતભાઈ કછોટ, કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મૂળિયા અને દોલતસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી.

# લોહીત ફોન્ટનો આગ્રહ રદ કરો, ફાઈલિંગની અમલવારીમાં સમય આપો

### બાર એસોસિએશન દ્વારા હાઈકોર્ટમાં લેખિત રજૂઆત

**અબતક, રાજકોટ**


ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં કાનૂની પ્રક્રિયામાં વાપરવાના કાગળોની એકસરખી એ-ફોર સાઈઝ અને તેમાં એક ચોક્કસ લોહીત ફોન્ટમાં લખાણ અંગેના પરિપત્ર સંદર્ભે વકીલોમાં પરેશાનીનો સૂર ઉઠયો છે. જેમાં રાજકોટ બાર એસો.ના પ્રમુખ સુમિત વોરાએ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસને લેખિત રજૂઆત કરી છે. જેમાં ફોન્ટ અને કેસ ફાઈલિંગ અંગેના નવા પરિપત્રને કારણે રાજકોટ બાર એસો.ના અંદાજે ૪૦૦૦થી વધુ વકીલ સભ્યોને પડતી મુશ્કેલીઓ તથા રાજકોટ જિલ્લાના અન્ય બાર તરફથી પણ આ નવા પરિપત્રને લઈ પડતી મુશ્કેલીઓ અંગે જણાવ્યું છે કે, આ પરિપત્રની અમલવારીની સમય મર્યાદા ખૂબ જ ટૂંકી આપવામાં આવી છે, ફાઈલિંગ સીસ્ટમ અને ફોન્ટમાં આવડા મોટા ચેન્જ કરવાના હોય ત્યારે વકીલોને આ બધું જાણવા, સમજવા, શીખવા માટે પુરતો ટાઈમ આપવો એ ન્યાયના હીતમાં ખૂબ જ જરૂરી છે.

કોર્ટના સ્ટાફ સહિત કોઈને ફાઈલિંગ બાબતે શું કરવું, કેવી રીતે કરવું તેની ચોક્કસ માહિતી આપવામાં આવેલ નથી. હાલ મોટા ભાગના વકીલો માઈક્રોસોફ્ટ વર્ડમાં ‘‘ટેરા ફોન્ટ કીન્નરી‘‘ અને ’વરૂણ’ના ફોન્ટ યુઝ કરે છે. પેઈજમેકરમાં પરિપત્રમાં સૂચવાયેલ ફોન્ટ વકીલોના કોમ્પ્યુટરમાં ફીડ થતાં નથી, જેના લીધે જુનિયર વકીલોએ નવી કોમ્પ્યુટર સીસ્ટમ વસાવવી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. દસ્તાવેજી પુરાવા તરીકે જે ડોક્યુમેન્ટ રજુ કરવાના થાય તે ડોક્યુમેન્ટને પણ એ-૪ સાઈઝમાં મુકવા અતિ મુશ્કેલ બની શકે તેમ છે. કારણ કે અમુક જુના ડોક્યુમેન્ટો લીગલ સાઈઝના પેપરના ડોક્યુટમેન્ટ હોય છે. જે ડોક્યુમેન્ટ અસલ લીગલ સાઈઝમાં જ રજુ કરવા પડે તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થયેલ છે.વધુમાં રજુઆત કરેલ છે કે, જ્યારે આ પ્રકારની ફાઈલિંગ પધ્ધતિ ચેન્જ કરવાની થાય ત્યારે અમારા મત અનુસાર આ અન્વયે એ.ડી.આર. અથવા ડિસ્ટ્રિક્ટ જજના નેજા હેઠળ નાના સેમિનાર કરી વકીલોમાં આ અંગે સ્પષ્ટ સમજણ લાવી વકીલોને સમય આપી ત્યારબાદ આ પધ્ધતિ દાખલ કરવી જોઈએ. વળી હાલમાં જે નવા ફોન્ટ જેવા કે ’લોહીત’ વગેરે ફોન્ટ ઈન્સ્ટોલ કરી તેમાં જ દાવા કે ફરિયાદ વગેરે ટાઈપ કરી દાખલ કરવાનો પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે. તેના બદલે એ-૪ સાઈઝના પેપરમાં ટેરા ફોન્ટ કીન્નરી અને વરૂણના ફોન્ટ વાપરવા દેવામાં આવે તો તેનાથી વકીલોને પડનારી મુશ્કેલી નિવારી શકાય તેમ છે. વળી તેનાથી એ-૪ સાઈઝના પેપરની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થાય તેમ નથી. તેથી તા. ૨૧-૧૨- ૨૫નો પરિપત્ર ફોન્ટ પુરતો રદ કરવા તેમજ એ-૪ સાઈઝના પેપર પુરતો સ્થગિત કરવા રજૂઆત કરાઈ છે.

# રેડિયો પ્રિઝન રાજકોટને સફળતાપૂર્વક પાંચ વર્ષ પૂર્ણ : કેદીઓ દ્વારા ઉજવણી

**અબતક, રાજકોટ**

રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે કેદીઓના માનસિક પરિવર્તન અને રચનાત્મક પ્રવૃત્તિઓને વેગ



### જેલના કેદીઓ દ્વારા જ રેડિયો જોકી બની સાથી કેદીઓને મનોરંજન જ નહીં પરંતુ શિક્ષણ, સ્વાસ્થ્ય જાગૃતિનો અપાતો સંદેશ

આપવાના ઉમદા આશય સાથે પોલીસ મહાનિદેશક (જેલ) અને સુધારાત્મક વહીવટ, ગુજરાત રાજ્ય, ડો. કે.એલ.એન રાવ દ્વારા તા.૩૧/૧૨/૨૦૨૦ના રોજ રેડીયો પ્રિઝનની શરૂઆત કરવામાં આવી હતી. રેડિયો પ્રિઝન રાજકોટને સફળતાપૂર્વક ૫ વર્ષ પૂર્ણ થવા બદલ જેલ પ્રશાસન દ્વારા ભવ્ય ઉજવણીના ભાગરૂપે જેલ પરિસરમાં એક વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા પાંચ વર્ષથી આ રેડિયો પ્રિઝન રાજકોટ જેલના કેદીઓ માટે માત્ર મનોરંજન જ નહીં, પરંતુ શિક્ષણ, સ્વાસ્થ્ય જાગૃતિ અને ભજન-કિર્તન દ્વારા આધ્યાત્મિકતા ફેલાવવાનું સશક્ત માધ્યમ બન્યું છે. આ રેડિયોની વિશેષતા એ છે કે જેલના કેદીઓ જ રેડિયો જોકી (આર.જે ) તરીકેની ભૂમિકા ભજવે છે, જેનાથી તેમનામાં આત્મવિશ્વાસ અને નવી કળાનો વિકાસ થયો છે. પાંચ વર્ષની આ સફરની ઉજવણીમાં વર્તમાન ઈન્ચાર્જ ડીજીપી રાવ દ્વારા વર્ચુઅલી વિશેષ ઉદ્બોદન આપી શુભકામનાઓ પાઠવવામાં આવેલ હતી. આ પ્રસંગે બંદીવાનો દ્વારા ભજન, કવિતાપઠન, એક પાત્રીય અભિનય, પ્રેરણા ગીતો તથા દુહા-છંદનું પ્રદર્શન કરવામાં આવેલ હતુ. જેલ અધિક્ષક દ્વારા કાર્યક્રમ દરમિયાન રેડીયો પ્રિઝન રાજકોટમાં શ્રેષ્ઠ કામગીરી- યોગદાન આપનાર સ્ટાફ તથા બંદીવાન કલાકારોને તથા જેલના બંદીવાનો દ્વારા તિનકા-તિનકા ઈન્ડીયા એવોર્ડ તથા કલાન્તર એન્યુઅલ આર્ટ ફેસ્ટીવલ-૨૦૨૫માં રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ પ્રાઈઝ મેળવનાર બંદીવાનોને એવોર્ડ તથા સર્ટીફીકેટ એનાયત કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ તકે જેલ અધિક્ષક વાગીશા જોશી, નાયબ અધિક્ષક ડી.પી.રબારી, સિનિયર જેલર એમ.આર.ઝાલા, વેલફેર ઓફીસર ડો.મિલનભાઈ પંડીત તથા રાજકોટ જેલના અન્ય અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનુ સમાપન કરવામાં આવ્યું હતું.

# ખેલ મહાકુંભની જુડો સ્પર્ધામાં ૩૫૦ ખેલાડીઓએ બતાવ્યું કૌવત

### ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

**અબતક, રાજકોટ**



રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ ગુજરાત સરકાર ગાંધીનગર સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષા જુડો બહેનો અંડર ૧૪ અન્ડર ૧૭ ઓપન એજ સ્પર્ધાનું આયોજન થયેલ જેમાં આજના ઉદઘાટન કાર્યક્રમના મુખ્ય મહેમાન રાજકોટ ધારાસભ્ય રમેશભાઈ ટીલાડળા જે બી પટેલ એજી ઓફિસના સિનિયર ઓડિટર જાડેજા અને એલ.એલ.બી. ડિપાર્ટમેન્ટ જેબી પટેલ જીલ્લા રમત ગમત અધિકારી પોરબંદર પી.આર પાંડાવદરા જુડો સ્પર્ધાના નોડલ ઓફિસર આકાશ ઠાકોર જિલ્લા રમત વિકાસ અધિકારી રાજકોટ રમાબેન મદ્રા જિલ્લા રમત ગમત અધિકારી રાજકોટ વિરેન્દ્રસિંહ જાડેજા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ જેમાં અંડર ફોટીન બહેનો ના ૩૩ જિલ્લાઓના ૩૫૦ થી વધારે ખેલાડીઓએ ભાગ લીધો હતો.

# જકલબેન વીરપરિયાનું ૧૦૦ વર્ષની વયે અવસાન થતાં પરિવારે વાજતે ગાજતે સુરાવલી સાથે આપી વિદાય

**અબતક, રાજકોટ**



રાજકોટના ઉદ્યોગપતિ મનુભાઈ વીરપરિયાના માતા જકલબેન (ઉ.વ.૧૦૦) નું ગઈકાલે કુદરતી મૃત્યુ થયું હતું, ૨૧ દિવસથી માત્ર પાણી ઉપર રહેનાર જકલબેન માવજીભાઈ વીરપરિયાએ છેલ્લા ૫૦ વર્ષથી માત્ર ઘરનું ભોજન લેતા. ગોંડલ સ્ટેટના ફરજીયાત શિક્ષણના કારણે તે સમયે પિયર પક્ષમાં મોવિયા ખાતે અભ્યાસ કરી સુશિક્ષીત જકલબેન જીવનના અંતિમ શ્વાસ સુધી ચશ્મા વગર અખબાર તેમજ અન્ય ધાર્મિક વાંચનમાં વ્યસત રહેતા ગઈકાલે અવસાન થયું હતું. ૩૧ ડીસે. સવારે વીરપરિયા પરિવાર તથા સ્વજનોએ રો-કકકડ કે ખોટા લૌકીક ખરખરાને બદલે શાંતિપૂર્ણ આધ્યાત્મીક ભજનો ગાઈ શ્રધ્ધાંજલી પાઠવી હતી. પુષ્પોના શણગાર સહીત તેમના નિવાસસ્થાન અમીન માર્ગથી મોટામવા સુધીની અંતિમ યાત્રામાં સુર તાલના સથવારે ભક્તિ સંગીતની સુરાવલી સાથે મોક્ષધામ પહોંચ્યા હતા. આ અંતિમયાત્રામાં ઘરની દિકરીઓ (દૌહીત્રીઓ) પણ જોડાય તેમને ‘કાંધ’ આપી હતી. રાજકોટના ઉદ્યોગપતિ મનુભાઈ વીરપરિયા તથા પરિવારજનોએ માતરની અંતિમ વિદાયને ‘મૃત્યુ નહી મૂક્તિ’ ગણી યાદગાર વિદાય આપી જે પાટીદાર સમાજમાં ચર્ચાનો વિષય છે.

# રાજકોટ સહિત ગુજરાતભરમાં ચોરી-ધાડ પાડતી ગરબાળા ગેંગના બે સાગરીત ઝબ્બે

### પડધરી-વાવડીમાં લૂંટ અને ચોરી, સામખીયાળીમાં ચોરીના પ્રયાસના ગુનાનો ભેદ ઉકેલાયો: ગરબાળા ગેંગના કુલ ૮ શખ્સો સાથે મળી ચોરી-લૂંટને અંજામ આપવાં નીકળતા, અન્ય છની શોધખોળ

**અબતક, રાજકોટ**

પડધરી સહિત ગુજરાતભરની ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં ધાડ પાડતી, ચોરીને અંજામ આપનાર ગરબાળા ગેંગના બે સાગરીતને રાજકોટ રૂરલ એલસીબીની ટીમે પકડી પાડ્યા હતાં. જ્યારે આ ગેંગના છ શખ્સો હાથમાં ન આવતાં તેની શોધખોળ યથાવત રખાઈ છે. પડધરી-વાવડીમાં લૂંટ અને ચોરી, સામખીયાળીમાં ચોરીનો પ્રયાસના ગુના ડિટેકટ થયા છે.

રાજકોટ રેન્જ આઈજી અશોક કુમાર યાદવ, એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં વણશોધાયેલ ચોરી, લુંટ, ધાડના ગુનાઓ શોધી કાઢી આરોપીઓને પકડી પાડવાની આપેલ જરૂરી સુચના અને માર્ગદર્શનથી એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાની રાહબરીમાં પીએસઆઈ એચ.સી.ગોહીલ અને આર.વી.ભીમાણી અલગ અલગ ટીમ સાથે અલગ અલગ અન ડિટેકટ ગુના શોધી કાઢવા તપાસમાં હતાં ત્યારે એએસઆઈ રવિદેવભાઈ બારડ, બ્રીજરાજસિંહ જાડેજા, વકરભાઈ અરબ, રોહિતભાઈ બકોત્રા અને પ્રકાશ પરમાર દ્વારા પડધરી પોલીસ મથકમાં નોંધાયેલ લૂંટ-ધાડનો ગુનો તથા ચોરીનો ગુનો શોધી કાઢવા બનાવ સ્થળ આજુબાજુના તેમજ હાઈવે રોડ તેમજ રાજકોટ શહેર વિસ્તારના ઘણા બધા સીસીટીવી ફુટેજ ચેક કરી, ટેકનીકલ અને હ્યુમન સોર્સીસથી માહિતી મેળવી તેમજ ઈ-ગુજકોપ પોર્ટલથી માહિતી મેળવી આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓ પૈકી સુભાષ ઉર્ફે સોબો ઉર્ફે સુભમ નવરીયા રસુલ ભાભોર (ઉ.વ.૨૭, રહે.છરછોડા, થરાળ ફળીયુ, ગરબાળા, દાહોદ) અને ગોરો ઉર્ફે કૈલાશ વરસીંગ કુલજી મોહનીયા, (ઉ.વ.૨૫, રહે.હાલ. શિતલપાર્ક પાસે, સીનર્જી હોસ્પીટલ પાછળ, રાજકોટ, મુળ ગામ બીલીયા, ધાનપુર, દાહોદ) ને પકડી પાડી કાર્યવાહી કરી હતી. ઉપરાંત

રાજકોટ તાલુકા પોલીસ મથક વિસ્તારના ઘરફોડ ચોરીના ગુનામા પણ આરોપી સંડોવાયેલા હોવાથી તે ગુનો પણ ડિટેકટ થયો હતો. જો કે, આ ગેંગ સાથે સંકડાયેલ અન્ય આરોપી રાજુ સવસીંગ બારીયા (રહે.છરછોડા, ગરબાળા, દાહોદ), ભરત બાદરસીંગ પલાસ (રહે.આંબલી, દાહોદ), રાકેશ રાળીયા પલાસ (રહે.ખજુરીયા (આંબલી) દાહોદ), જયંતી ઉર્ફે જેન્તી જવસીંગ પલાસ (રહે ખજુરીયા (આંબલી), ગરબાળા), પ્રકાશ દીતીયા પલાસ (રહે છરછોડા,ગરબાળા), મડીયા ઉર્ફે સંજય તીતરીયા બામણીયા (રહે.સંડા, ભાભરા, અલીરાજપુર) ફરાર થઈ જતાં તેની શોધખોળ યથાવત રખાઈ છે. ઉલ્લેખનીય છે કે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુજરાત પરના તમામ પોલીસ મથકમાં ચોરીના અનેક ગુના નોંધાયેલ છે.

આ કામગીરી રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ એચ સી ગોહિલ, આર વી ભીમાણી, એએસઆઈ રવિદેવભાઈ બારડ, બ્રિજરાજસિંહ જાડેજા, વકારભાઈ આરબ, રોહિતભાઈ બકોત્રા, ઈન્દ્રસિંહ જાડેજા, જયવીરસિંહ રાણા, અનિલભાઈ ગુજરાતી, બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અમિતસિંહ જાડેજા, વિજયસિંહ જાડેજા, શકિતસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા, મનોજભાઈ બાયલ, રસિકભાઈ જમોડ, ઘનશ્યામસિંહ જાડેજા, નિલેશભાઈ ડાંગર, દિવ્યેશભાઈ સુવા, રાજુભાઈ શામળા, હરેશભાઈ પરમાર, કોન્સ્ટેબલ પ્રકાશભાઈ પરમાર, મહિપાલસિંહ ચુડાસમા, અબ્બાસભાઈ ભારમલ, ભાવેશભાઈ મકવાણા, વિજયભાઈ સિંહાર, દિલીપસિંહ જાડેજા અને અનિરુદ્ધસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.



### ગરબાળા ગેંગે આચરેલા ગુના

દોઢેક મહિના પહેલા આ તસ્કર ગેંગે તા.૧૩-૧૧-૨૦૨૫ ના રાજકોટના વાવડી જીઆઈડીસીમાં છ સાત કારખાનામાં ચોરી અને ચોરીની કોશીષ કરેલ હતી. જે અંગે તાલુક પોલીસ મથકમાં ગુનો નોંધાયેલ છે. બાદ બીજા દિવસે તસ્કર ગેંગે સામખીયાળી બાજુ કયાંક ચોરી કરવા માટે લઈ ગયેલ પરંતુ રાત્રીના જગ્યા નહી મળતા ચોરી કરેલ નહી અને ત્યાં ખેતરમાં સુઈ રહેલ હતા.

તેના બીજા દિવસે તા.૧૫/૧૧/૨૦૨૫ ના આ તસ્કર ગેંગે પડધરી પાસે જીઆઈડીસી વિસ્તારમાં ત્રણ-ચાર કારખાનામાં તાળા તોડવાની કોશિષ કરેલ પરંતુ તુટેલ નહીં. બાદ એક ગોડાઉન પાસે એક માણસ સુતેલ હોય તેને ભરત બાદરસીંગ પાસે લોખંડનો સળીયો બતાવી બીવડાવેલ અને તેની પાસેથી સાતેક હજાર રૂપિયા હતા તે લઈ લીધેલ બાદ બીજા એક કારખાનામાં જઈ શટર તોડતા હતા તે વખતે મજુર જાગી જતા તેઓ જોઈ ગયેલ હોય જેથી મજુરો પાસે જઈ તેમની પાસેથી ફોન અને પાકીટ અને રોકડ રૂપિયા લઈ લીધેલ બાદ મજુરોને તેમની ઓરડીમાં પુરી દઈ બહારથી દરવાજાના આંગળીયા બંધ કરી મોબાઈલ ફોન ત્યાંજ મુકી ભાગી ગયેલ હતા.

તેમજ વિસેક દિવસ પહેલા તા.૦૫-૧૨ ના આ તસ્કર ગેંગે પડધરી પાસે જીઆઈડીસી વિસ્તારમાં એક કારખાનાની દિવાલ ટપી અંદર જઈ કારખાનાની ઓફીસમાંથી રોકડ રૂપિયા અને લેપટોપની ચોરી કરેલ અને ત્યાંથી પાણીનો ગોળો હતો તે પણ પાણી પીવા માટે લઈ ગયેલ બાદ ત્યાંથી બીજા કારખાનામાં ચોરી કરવા જતા પથ્થરના ઘા થતા ત્યાંથી ભાગીને નિકળી ગયેલ હતા.

૭૦ લાખથી વધુની આબાદી ધરાવતું

# સુરત બનશે દેશનું પ્રથમ સ્લમ ફ્રી શહેર: રાજકોટની રોનક ક્યારે વધશે?

## બે દાયકામાં સુરતમાં ઝુંપડપટ્ટી વિસ્તાર ૩૮ ટકાથી ઘટી પાંચ ટકા સુધી પહોંચી: રાજકોટમાં પીપીપી યોજના સફળ ન રહેતા ઝુંપડપટ્ટી મૂક્ત સિટી બનતા હજી દાયકાઓ નિકળી જશે

**અબતક, રાજકોટ**

૭૦ લાખથી પણ વધુ આબાદી ધરાવતું ગુજરાતનું સુરત શહેર દેશના પ્રથમ સ્લમ ફ્રી શહેર બનવા તરફ જેટગતીએ આગળ વધી રહ્યું છે. બે દાયકામાં સુરતમાં ઝુંપડપટ્ટી વિસ્તારમાં ૩૩ ટકાનો માતબર ઘટાડો નોંધાયો છે. રાજકોટ પણ ઝુંપડપટ્ટી મૂકત શહેર બને તેવું શહેરીજનોનું સપનું સાકાર થતા હજી દાયકાઓ નિકળી જશે.

શહેરમાં ઝુંપડપટ્ટીનું દુષણ દૂર થાય અને ઝુંપડામાં વસતા લોકોને પાકા મકાન મળી રહે તે માટે



### પાંચ વર્ષમાં પાંચ લાખ આવાસ બનાવશે ગુજરાત સરકાર

પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, હર સર કો છતના કાર્ય મંત્ર સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સમગ્ર દેશમાં આગામી પાંચ વર્ષ દરમિયાન એક કરોડથી વધુ આવાસ બનાવવાનો મક્કમ નિર્ધાર કર્યો છે.

જે અંતર્ગત ગુજરાત પણ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આગામી પાંચ વર્ષમાં આશરે ૫.૫૦ લાખથી વધુ આવાસોનું નિર્માણ કરવાનો રાજ્ય સરકારે લક્ષ્ય નિર્ધારિત કર્યો છે. આ આવાસોના નિર્માણથી ગુજરાતના લાખો ગરીબ પરિવારોને પાકા આવાસ મળશે.આગામી પાંચ વર્ષમાં આવાસ નિર્માણના આ લક્ષ્યને પૂર્ણ કરવા માટે મુખ્યમંત્રીએ અત્યારથી જ જમીન સહિતની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરીને વિવિધ કામગીરી હાથ ધરવા માટે રાજ્યના વહીવટી તંત્રને કેબિનેટ બેઠકમાં આદેશો આપ્યા છે,

પીપીપી યોજના પણ અમલમાં છે. શહેરમાં ચારેક સ્લમ વિસ્તારમાં આ યોજનાની સફળ અમલવારી કરવામાં આવી છે જોકે તેની સામે પણ અનેક અડચણો આવી હતી. રાજકોટના બિલ્ડરોને પીપીપી યોજનામાં રસ નથી બીજા શહેરમાંથી કોઈ ડેવલોપર્સ આવે તો તેને અનેક મુસિબતોનો સામનો કરવો પડે છે. બીજી તરફ હવે આરએમસીને પણ સ્લમ ફ્રી સિટીમાં રસ ઓછો થઈ ગયો હોય તેવું લાગી રહ્યું છે. વ્યાપક વિરોધ,

(અનુ. આઠમા પાને)

# ૩૪ જિલ્લા પંચાયતના પ્રમુખોને ૧ કરોડની વિવેકાધીન ગ્રાન્ટ અપાશે

## ગ્રાન્ટનો ઉપયોગ સ્થાનિક વિસ્તારના અગત્યના કામો માટે કરી શકાશે

**અબતક, રાજકોટ**

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીના આડે હવે ગણતરીના મહિનાઓ બાકી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રાજયના તમામ ૩૪ જિલ્લાઓમાં જિલ્લા પંચાયતના પ્રમુખોને ૧ કરોડ રૂપીયાની વાર્ષિક વિવેકાધીન ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોના સર્વગ્રાહી અને સર્વસમાવેશી વિકાસ માટે મહત્વપૂર્ણ જનહિતલક્ષી નિર્ણય કર્યો છે.

આ હેતુસર મુખ્યમંત્રીએ રાજ્યની બધી જ ૩૪ જિલ્લા પંચાયતોના પ્રમુખને રૂ. ૧ કરોડની વિવેકાધીન ગ્રાન્ટ જે-તે જિલ્લાના સ્થાનિક અગત્યતા ધરાવતા વિકાસ કામો માટે ફાળવવાના દિશાનિર્દેશો આપ્યાં છે.

રાજયમાં ધારાસભ્યને વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત વિકાસ કામો માટે ૨.૫ કરોડ રકમની ગ્રાન્ટ ફાળવવાની પ્રથા પ્રવર્તમાન છે.

મુખ્યમંત્રી સમક્ષ જિલ્લા પંચાયતના પ્રમુખએ પોતાના જિલ્લામાં ગ્રામીણ વિકાસ કામોને

(અનુ. આઠમા પાને)

# રાજકોટ આર્મ્સ યુનિટના પ્રફુલ રોશન અને રાજકુમાર પાંડિયનને DGPનું પ્રમોશન: અન્ય ૧૨ને બઢતી

## નરસિમ્હા કોમાર, ડૉ. વિપુલ અગ્રવાલ ADGP બન્યા: ડેપ્યુટેશન પર રહેલા ત્રણ અધિકારીઓ સહીત ચારને આઈજી તરીકે બઢતી

## રાજકોટના તત્કાલીન ડીસીપી ડૉ. કરણરાજ વાઘેલા, બલરામ મીણા, સુધીર દેસાઈ અને એસ વી પરમાર સહીત છ અધિકારીઓને ડીઆઈજીનું પ્રમોશન

**અબતક, રાજકોટ**

રાજ્યના ૪૯ આઈપીએસ અધિકારીઓને નવા વર્ષની ભેટ મળી છે. સિનિયર આઈપીએસ રાજકુમાર પાન્ડિયન અને પ્રફુલકુમાર રોશનને ડીજીપી તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે. બે અધિકારીઓને એડીજીપી, ચાર અધિકારીઓને આઈજી અને છ અધિકારીઓને ડીજીપીનું પ્રમોશન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત સાત અધિકારીઓને સિલેક્શન ગ્રેડ અને ૨૮ અધિકારીઓને જુનિયર એડમિનિસ્ટ્રેટિવ ગ્રેડનો લાભ આપવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ આર્મ્સ યુનિટના એડીજીપી ડૉ. પ્રફુલકુમાર રોશન અને લો એન્ડ ઓર્ડરના વડા રાજકુમાર પાન્ડિયનને ડીજીપીનું પ્રમોશન મળ્યું છે. વડોદરા પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર અને દિલ્હી ખાતે ડેપ્યુટેશન પર રહેલ આઈપીએસ ડૉ.વિપુલ અગ્રવાલને એડીજીપી તરીકે પ્રમોટ કરવામાં આવ્યા છે. અમદાવાદના એડિશનલ પોલીસ કમિશનર નીરજકુમાર બડગુજર,

(અનુ. આઠમા પાને)

## ૨૮ IPSને જુનિયર એડમિનિસ્ટ્રેટીવ ગ્રેડ અને સાત અધિકારીઓને સિલેક્શન ગ્રેડનો લાભ અપાયો

# જૂનાગઢ જિલ્લા બેંકમાંથી પોરબંદર અને જામનગર બેંકમાંથી દેવભૂમિ દ્વારકા ડિસ્ટ્રીકટ બેંક બનશે

## જિલ્લા બેંકોની રચના માટે રાજય સરકાર દ્વારા નાબાર્ડ મારફત આરબીઆઈને દરખાસ્ત મોકલશે

**અબતક, રાજકોટ**

જુનાગઢ જિલ્લા બેન્કમાંથી અલગ કરી પોરબંદર જીલ્લા બેન્ક અને જામનગર જિલ્લા બેન્કમાંથી દેવભૂમિ દ્વારકા ડિસ્ટ્રીકટ બેન્ક બનવવામાં આવશે.રાજ્યમાં ૯ નવી જીલ્લા મધ્યસ્થ બેંકની રચના કરવા રાજ્ય સરકારે નિર્ણય લીધો છે.આ અંગે ટૂંક સમયમાં નાબાર્ડ મારફત આરબીઆઈ સમક્ષ દરખાસ્ત કરવામાં આવશે.

સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા અને પોરબંદર સહિત રાજયના ૯ જિલ્લાઓમાં મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવાનો નિર્ણય રાજય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. આ માટે નાબાર્ડ મારફત રાજય સરકાર દ્વારા આરબીઆઈને દરખાસ્ત મોકલવામાં આવશે.

ગુજરાતમાં ૯ નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચનાને કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

આ અંગે વિગતવાર માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના તમામ જિલ્લાઓમાં ગ્રામ્ય સહકારી બેંકોનો વ્યાપ વધારવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. જેને પરિપૂર્ણ કરવા માટે કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળ ભારતના સહકારિતા મંત્રાલય દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી છે.

આ પહેલના ભાગરૂપે નાબાર્ડ દ્વારા દેશના કેટલાક જિલ્લામાં નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે સહકારિતા મંત્રાલયને એપ્રોચ નોટ રજૂ કરવામાં આવી હતી. આ નોટમાં ગુજરાતમાં પણ નવી ૦૯ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે એપ્રોચ કરવામાં આવ્યો હતો, તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રી શ્રી વાઘાણીએ કહ્યું હતું કે, ભારત સરકારના દિશાનિર્દેશ હેઠળ આજે કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં ખેડૂતો અને ગ્રામીણ નાગરિકોની સુવિધામાં વધારો કરવા માટે આ નવી ૦૯ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ નિર્ણયથી છેવાડાના ખેડૂતોને ધિરાણ મેળવવામાં સરળતા રહેશે અને ગ્રામીણ અર્થતંત્રને વેગ મળશે.

રાજ્યની વર્તમાન સહકારી બેંકોના વિભાજનથી નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના થશે. જેમાં, પંચમહાલ બેંકના વિભાજનથી દાહોદ જિલ્લામાં, સાબરકાંઠા બેંકના વિભાજનથી અરવલ્લી જિલ્લામાં, સુરત બેંકના વિભાજનથી તાપી જિલ્લામાં, વડોદરા બેંકના વિભાજનથી છોટાઉદેપુર જિલ્લામાં, જામનગર બેંકના વિભાજનથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં, જૂનાગઢ બેંકના વિભાજનથી પોરબંદર જિલ્લામાં, ખેડા બેંકના વિભાજનથી આણંદ જિલ્લામાં તેમજ વલસાડ બેંકના વિભાજનથી ડાંગ અને નવસારી

(અનુ. આઠમા પાને)

# ભાજપ હાઈકમાન્ડે મહામંત્રી અનિરૂધ્ધ દવેને સૌરાષ્ટ્ર ઝોનનો હવાલો સોંપ્યો

## પ્રશાંત કોરાટને દક્ષીણ ઝોનના પ્રભારી બનાવાયા સાથે હેડ કવાર્ટરના ઈન્ચાર્જ તરીકે નિયુક્તિ: હિતેન્દ્રસિંહ ચૌહાણને મધ્ય ઝોનની જવાબદારી

**અબતક, રાજકોટ**









પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દ્વારા ગત શનિવારે સંગઠન માળખાની જાહેરાતની જાહેરાત કરાયા બાદ ચાર દિવસ બાદ અર્થાત બુધવારે રાત્રે ચારેય મહામંત્રીઓને ઝોનની ફાળવણી કરી દેવામાં આવી છે. હવે કમુરતા ઉતર્યા બાદ કારોબારી, પાર્લામેન્ટરી બોર્ડ અને કોર કમિટીની રચના કરી દેવામાં આવે તેવી શકયતા જણાય રહી છે. શહેર અને જિલ્લાના સંગઠન માળખાની પણ રચના કરી દેવામાં આવશે.

ધારાસભ્ય અનિરૂધ્ધસિંહ દવેને મહામંત્રી બનાવવામાં આવ્યા છે. તેઓને સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી બનાવવામાં આવ્યા છે જયારે યુવામહામંત્રી ડો. પ્રશાંતભાઈ કોરાટને દક્ષિણ ઝોનના પ્રભારી બનાવવામાં આવ્યા છે. સાથો સાથે હેડ કવાર્ટર અર્થાત કાર્યાલયના ઈન્ચાર્જ બનાવવામાં આવ્યા છે.

અજયભાઈ બ્રહ્મભટ્ટને ઉત્તર ઝોનના પ્રભારી બનાવવામાં આવ્યા છે. જયારે હિતેન્દ્રસિંહ ચૌહાણને મધ્ય ઝોનના પ્રભારી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. તમામ નિમણુંકની તાત્કાલીક અસરથી અમલવારી કરવાની પણ સુચના આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સાંસદ વિનોદભાઈ ચાવડા ટીમ પાટીલમાં મહામંત્રી હતા ત્યારે તેઓની પાસે સૌરાષ્ટ્ર ઝોનનો હવાલો હતો.

# રાજકોટના પૂર્વ કલેકટર અને પૂર્વ મ્યુનિસિપલ કમિશનર સહિત પાંચ આઈએએસને પ્રમોશન

## ૧૯૯૬ની બેચના પાંચ સનદી અધિકારીઓને એડિશનલ ચીફ સેક્રેટરીનો ગ્રેડ અપાયો

**અબતક, રાજકોટ:** ગુજરાત સરકાર દ્વારા ૧૯૯૬ બેચના પાંચ આઈએએસ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યા છે. જેમાં રાજકોટના પૂર્વ કલેકટર અને પૂર્વ મ્યુનિ. કમિશ્નરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૪ આઈપીએસને પણ બઢતી આપવામાં આવી છે. હાલ રાજ્ય સરકારના ફુડ, સિવીલ સપ્લાયર્સ એન્ડ કન્ઝયુમર અફેર્સ ડિપાર્ટમેન્ટમાં પ્રિન્સીપાલ સેક્રેટરી તરીકે જવાબદારી નિભાવતા મોનાબેન ખંધાર, ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટના પ્રિન્સીપાલ સેક્રેટરી ડો. ટી. નટરાજન, હેલ્થ એનડ ફેમીલી વેલફેર ડિપાર્ટમેન્ટના પ્રિન્સીપાલ સેક્રેટરી રાજીવ ટોપનો, ઈન્ડસ્ટ્રી એન્ડ માઈન્સના પ્રિન્સીપાલ સેક્રેટરી મમતા વર્મા અને એજયુકેશન ડિપાર્ટમેન્ટના પ્રિન્સીપાલ સેક્રેટરી મુકેશ કુમારને એડિશનલ ચીફ સેક્રેટરીના ગ્રેડ પર પ્રમોશન આપવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આઈએએસ મોના ખંધાર રાજકોટના કલેકટર તરીકે અને મુકેશ કુમાર રાજકોટ મ્યુનિ. કમિશ્નર તરીકે ફરજ બજાવી ચૂકયા છે.

**સાધારણ સભા** ટ્રસ્ટ રજી.એ/૧૧૧૯

**શ્રી સ્થાનકવાસી જૈન મોટા સંઘ-રાજકોટ**
**વિરાણી પૌષધશાળા**

આથી દરેક આજીવન તથા સાધારણ સભ્યોને હાજર રહેવા વિનંતી
**સાધારણ સભા : તા. ૨૫-૦૧-૨૦૨૬, રવિવાર, સમય : સવારે ૧૦.૩૦,**
**સ્થળ : વિરાણી પૌષધશાળા, પેલેસ રોડ, રાજકોટ.**

:: એજન્ડા ::

૧ ગત મીટીંગની મીનીટ્સ વંચાણે લઈ મંજુર કરવા અંગે.
૨ ઓડીટેડ હિસાબો પાસ કરાવવા અંગે.
૩ ઓડીટરની નિમણુંક કરવા અંગે.
૪ પ્રમુખ સ્થાનેથી જે રજુ થાય તે.


કોરમનાં અભાવે મુલત્વી રાખેલ સાધારણ સભા ૩૦ મીનીટ બાદ શરૂ કરવામાં આવશે ત્યારબાદ કોરમનો કોઈ બાદ રહેશે નહીં.

ખાસ નોંધ :- જે સભ્યોને કોઈ પણ રજુઆત હોય તો તે સંઘની ઓફીસે ઓફીસ સમય દરમ્યાન સવારે ૦૯.૩૦ થી ૧૨.૩૦ તથા ૦૪.૩૦ થી ૦૬.૦૦ સુધી લેખીતમાં તા. ૧૯.૦૧.૨૦૨૬ સોમવાર સુધીમાં આપવા વિનંતી. **શ્રી સ્થા. જૈન મોટા સંઘ - મંત્રીશ્રી**

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર



રાજ્ય સરકાર દ્વારા
**“રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩”**
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



**“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”**
અંતર્ગત જાન્યુઆરી - ૨૦૨૬ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

**જાન્યુઆરી -૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.**

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યકિત સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યકિતદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યકિતદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

“My Ration” મોબાઇલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે “My Ration” મોબાઇલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

**શ્રી રમણભાઈ સોલંકી**
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.